
જુલાઈ – ૨૦૧૯ વાર્ષિક લવાજમ રૂ.૧૫૦/-


પાવન હૃદય

# દૂત



## 'સર્વ કાંઈ ઈશ્વરના અધિક મહિમા અર્થે'

ઈસુસંઘના માજી સુપીરિયર જનરલ ફાધર પેદરો અરુપે એસ.જે. ને પુનિતની પંક્તિમાં મૂકવાની પ્રક્રિયાનો આરંભ થયો છે, એ નિમિત્તે સમસ્ત કેથોલિક સમુદાયને વિશેષ પ્રાર્થના કરવા અનુરોધ છે.



# પ્રભુના સેવક ફાધર પેદરો અરુપે એસ.જે.

## પ્રભુના સેવક જાહેર : 3 ડિસેમ્બર ૨૦૧૮

જન્મ : ૧૪ નવેમ્બર, ૧૯૦૭ બિલ્બાવ
ઈસુસંઘમાં પ્રવેશ : ૧૯૨૭

પુરોહિતદીક્ષા : ૩૦ જુલાઈ, ૧૯૩૬
જાપાનમાં મિશનરી : ૧૯૩૮-૧૯૬૫

સુપીરિયર જનરલ : ૧૯૬૫ - ૧૯૮૩
સ્વર્ગવાસ : ૫ ફેબ્રુઆરી ૧૯૯૧ રોમ

**Publisher's Name**

**Antony Pitchai Vedamuthu**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**

Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**

**Antony Pitchai Vedamuthu**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**

**Anand Press**
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**

**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat



**માનદ્ તંત્રીઃ**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રીઃ**
જસવંત મેકવાન
મો. ૯૪૨૭૩ ૮૨૯૯૭

**સહતંત્રીઃ**
શૈલેષ ક્રિસ્ટી

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
સ્નેહલતા ભાટિયા, ફ્રાન્સિસ ડાયર્સા

**લવાજમ, જાહેરાત અને પ્રસાર**
માર્ટિન એમ. મેકવાન

**ટાઈપ સેટિંગઃ** મેલકમ પી. પરમાર

**ડિઝાઈનઃ** વિજય મેકવાન



અંકઃ ૭ વર્ષઃ ૨૦૧૯

પાવન હૃદય **દૂત**


# અનુક્રમણિકા


**આમંત્રિત તંત્રીલેખ**

સંત ઈગ્નાસનો નીરક્ષીર વિવેક ✧ ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે. ૦૫

**કાવ્યધારા (સંપાદકઃ ડો. સિલાસ પટેલિયા)** ૦૭

સુરેન્દ્ર આસ્થાવાદી ✧ સંગીતા સુનિલ ચૌહાણ 'તપસ્યા'
✧ રમેશ મેકવાન ✧ કાંતિ વાઘેલા ✧ સિલાસ પટેલિયા

**તમારો પત્ર** ૦૮

રજનીકાંત જોસેફ રાઠોડ ✧ જેકબ એસ. મેકવાન ✧ શાંતિલાલ મેકવાન
✧ સ્તાનીસ સાયમન પરમાર ✧ ફ્રાન્સિસ ગાલુસ મેકવાન

**લેખો**

'કોઈનો ન્યાય તોળશો નહીં' ✧ સિસ્ટર વર્ષા જોન LDFX ૧૦
હરિયાળો ધર્મવિભાગ ✧ ફાધર રપ્પાઈ એસ.જે. ૧૧
ઉપહારનો ઉપયોગ ✧ પ્રજ્ઞેશ દેવાંશી ૧૨
પ્રતિભાનો પ્રાણવાયુ ✧ ડો. પ્રીતિ રાઠોડ ૧૩
'પહેલાં વિશ્વાસ કરો...' ✧ અનુ. : જેનેટ જે. ફાર્મર ૧૪
વહેણ ✧ ઈન્દુ રાવ ૧૫
ફાધર અરુપે ✧ અનુવાદ : બકુલ મેકવાન ૧૬
હીટવેવ ✧ ફ્રેડરિક બી. ક્રિશ્ચિયન ૧૮
માતાની ભૂમિકા ✧ અન્નપૂર્ણા મેકવાન ૨૦
નવી આંખ... ✧ સિલાસ પટેલિયા ૨૨
સંત ઈગ્નાસનો મંત્ર-માજીસ ✧ કોલીન મકવાણા ૨૪
કદર ✧ સિસ્ટર નીતા પરમાર Sch SA ૨૭

**કિશોરમિત્ર - સંપાદકઃ રાજેશ ક્રિશ્ચિયન** ૨૯

સ્વ. ફાધર પરિઝા - શ્રદ્ધાંજલિ ✧ આર્ચબિશપ જીયામ્બાત્તિસ્તા ૩૩
✧ ફાધર એન્થોની પિચ્ચાઈ એસ.જે. ✧ ફાધર વર્ગીસ પોલ એસ.જે.
✧ રમણ મેકવાન ✧ વિક્ટર મેકવાન ✧ જસવંત મેકવાન
વૈશ્વિક પ્રૈષિતિક અગ્રિમતાઓ ✧ ફાધર જેમ્સ બી. ડાભી એસ.જે. ૪૦

**પંખીની પાંખે - સંપાદકઃ શૈલેષ ક્રિસ્ટી** ૫૨


**આવરણઃ** ગુજરાતની ધર્મસભાના જનહૃદયમાં સ્થાન અંકિત કરનાર પવિત્ર ફાધર દાદા પરિઝા, લોકહૃદયમાં હંમેશ જીવંત રહેશે.
(વધારે માહિતી માટે જુઓ શ્રદ્ધાંજલિ લેખ)

આ અંકમાં લીધેલ ફોટોગ્રાફ્સ સૌજન્ય : ગુગલ




'લોયોલાના સંત ઈગ્નાસની જેમ, પ્રભુ ઈસુ આપણા જીવનમાં સર્વોપરી બને અને પ્રભુની પ્રેરણામાં માનવજાતની સેવામાં આપણી જાતનું સમર્પણ કરીએ.'

## ગુજરાતના કેથલિકોનું સર્વાંગી માસિક



✝ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✝ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કૅથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✝ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્‌ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.

### લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

### કાર્યાલયનો સમય

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 240161**
**Mob. 94084 20847 / (02692) 240178**
**Website: http://www.gspbooks.in**
**e-mail : phdoot@gmail.com**

### રવિવારે કાર્યાલયમાં રજા રહેશે

### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૫૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૭૦૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

### નવેમ્બર, ૨૦૧૬થી જાહેરાતના નવા દર

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂા. ૧૪,૦૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : | રૂા. ૧૩,૦૦૦ |

### અંદરના સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૮,૪૦૦ |
| અર્ધું પેજ | : | રૂા. ૪,૨૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૨,૧૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૭૦૦ |

### જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

### લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash Society
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/એસ.એમ.એસ. ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧



# આમંત્રિત તંત્રીલેખ...



## સંત ઈગ્નાસનો નીરક્ષીર વિવેક

પાશ્ચાત્ય મધ્યકાલીન અધ્યાત્મિકતાની એક મહાન ભેટ એટલે સંત ઈગ્નાસનો સદ્-અસદ્ પ્રેરણાઓને પારખવાનો વિવેક અને તે સંલગ્ન સૂક્ષ્મ નિયમો. લોયોલાના કિલ્લામાં તોપગોળાથી ઈજાગ્રસ્ત અવસ્થામાં સૈનિક ઈગ્નાસે આંતરપ્રેરણાઓનું જે ઘમસાણ અનુભવ્યું અને એમાંથી શરૂ થયેલી આંતરયાત્રાને પોતાની ૩૦ દિવસની અધ્યાત્મ સાધનામાં નિકટથી જે પારખી અને શબ્દબદ્ધ કરી તેના પરિણામરૂપે જગતને નિર્ણય કરવાની કળા સાંપડી. વિકલ્પોના જટિલ દ્વંદ્વો મધ્યે જ્યારે માનવીને પસંદગી કરવાની આવે ત્યારે તે મરણતોલ દ્વિધામાં પીડાય છે. ક્યારેક માણસ નક્કી કરી શકતો નથી કે મક્કમ નિર્ણય લઈ શકતો નથી. સંત ઈગ્નાસના આધ્યાત્મિક અનુભવના નીચોડરૂપ સદ્-અસદ્ પ્રેરણાઓનું અંતર્જ્ઞાન ખ્રિસ્તી આધ્યાત્મિકતાનો વિરલ વારસો બની ગયું છે.

માણસ પ્રભાતે આંખ ખોલે ત્યારથી રાત્રે મીંચે ત્યાં સુધી પસંદગીઓના અનેક ચૌરાહા પર ખડો હોવાનો અનુભવ કરે છે. બેવડી કે ત્રેવડી પસંદગીઓ ધરાવતી દ્વિધામય કે નિર્ણાયક પળોમાં આખરી નિર્ણય લેતી વેળાએ, સંત ઈગ્નાસના શિક્ષણ અનુસાર, સાંત્વન અને વિષાદ અર્થાત્ આંતરિક ભરપૂરતા અને ખાલીપાની બે અવસ્થાઓને પિછાનવાની હોય છે. મૂળભૂતપણે એ પ્રસન્નતા અને ઉદાસીનતા નામની બે મનોદશાઓ છે. હૃદયની ઊંડી શાંતિ, સ્વસ્થતા, આનંદ, સ્થિરતા અને સ્પષ્ટતા એને ઈશ્વરગમ હોવાની પ્રતીતિ કરાવે છે. અંતરની અસ્વસ્થતા, અશાંતિ, મૂંઝવણ, ભગ્નતા અને શોક એને ઈશ્વરથી વિમુખ હોવાની ખાતરી કરાવે છે. દૈવીશક્તિ એટલે કે ઈશ્વર જ્યારે ભક્તને પોતાની નિકટ દોરતો હોય ત્યારે અસૂરી શક્તિ એટલે કે શેતાન ભક્તને ઈશ્વરથી દૂર લઈ જવા મથતો હોય છે, હવનમાં હાડકાં નાંખવાનું કામ કરતો હોય છે. આપણા પ્રત્યેક નિર્ણયમાં આખરી ઉદ્દેશ ઈશ્વરપ્રાપ્તિનો હોવો જોઈએ. જે નિર્ણયથી ઈશ્વરનાં સ્તુતિ, મહિમા અને સેવા-પૂજા થતી હોય, ઈશ્વરની યોજના-ઈચ્છા પાર પડતી હોય તે જ સાચો નિર્ણય. એવા નિર્ણયનો સ્પષ્ટ સંકેત એટલે હૃદયમાં ઊંડું સાંત્વન. ઈશ્વરવિમુખ દોરી જતા નિર્ણયનો સ્પષ્ટ સંકેત એટલે વ્યાકુળતા અને બેચેની અર્થાત્ વિષાદ. શેતાનના સૂક્ષ્મ અને લુચ્ચા પ્રપંચો પારખવા એ ભક્તની સજાગતાની નિશાની છે. શુભસંદેશની મૂરખ કન્યાઓ શેતાનના શતરંજને પારખવામાં નિષ્ફળ ગઈ હતી એટલે પ્રભુમિલનની ધન્યપળ ચૂકી ગઈ હતી. આ શેતાની રમતોની સુંદર સમજ સંત ઈગ્નાસે રૂપકાત્મક શૈલીમાં આપી છે. કેટલીક સમજને આપણે પણ રૂપકો આપીને આત્મસાત્ કરી શકીએ.

**૧. લપસણો ઢાળ :** શેતાન માનવમનમાં ઈશ્વરવિરોધી દલીલો અને તર્ક ઊભા કરે છે, જેને આપણે સામાન્યપણે પ્રલોભન કે લાલચ કહીએ છીએ. શેતાનની લલચાવવાની રીતો તાજુબીભરી હોય છે. દા.ત. પાપના પંજામાં સપડાયેલો માણસ પાપની વધુ ને વધુ ગહરાઈમાં જવા લલચાય છે. બ્લુ ફિલ્મ જોતો માણસ બળાત્કાર કરવા લલચાય છે. એક સિગારેટ પીનારને બીજી પીવાનું મન થાય છે. દારૂ પીધા પછી ઝઘડવાની ચાનક ચડે છે. "હાર્યો જુગારી બમણુ રમે" એ શેતાની પ્રપંચનું બીજું નામ છે. કુસંગે ચડેલા વ્યસનીને શેતાન રોસાળ બોલવાની પ્રેરણા આપશે નહીં કારણ એવી પ્રેરણા એને આકર્ષતી જ નથી. દુરાચારને માર્ગે ચડેલા માણસ માટે શેતાન સુંવાળો લપસણો ઢાળ બનાવે છે. પગલેથી પગલે એ લપસતો જ રહે છે. સામે પક્ષે ઈશ્વરીપ્રેરણા આવા માણસના અંતરાત્માને ડંખવા મથે છે, પશ્ચાતાપનો વંટોળ ફૂંકે છે, પોતાના જીવન બાબતે અસહ્ય પસ્તાવો, શરમ, દુઃખ, ક્ષોભ અને સંકોચ પેદા કરે છે. લપસણા ઢાળથી વિરુદ્ધ ઈશ્વરીપ્રેરણા કાલવારીનું કપરું ચઢાણ દેખાડે છે.

**૨. ગલ્લામાંથી મૉલ :** શેતાની લાલચ આરંભે સહેલી અને નાનકડી હોય છે. એકવાર એમાં ફસાયા બાદ એ ધીરે ધીરે વધતી જાય છે. છેવટે એટલી બધી વધી જાય છે કે માણસ એમાંથી બહાર આવી શકતો નથી. દા.ત. સિગારેટનો માત્ર એક કસ ખેંચવાથી થયેલી શરૂઆત, વાર-તહેવારની એક આખી સિગારેટ બનીને, દિવસનાં ત્રણ-ચાર પૅકેટ બની જાય છે. આમ જ એક ઘૂંટનું પણ! દુનિયામાં વધતા જતા માસૂમો પરના ઘૃણાસ્પદ બળાત્કારો એ અશ્લિલ ફિલ્મોના ગલ્લામાંથી ખડા થયેલા મોટા મૉલ છે. શેતાન ગલ્લો નાખવા જ્યારે તસુ જગ્યા માંગે ત્યારે જ સંત ઈગ્નાસ એને ઊભી પૂંછડીએ ભગાડવા માટેની એક રીત બતાવે છે : વાંકા વાંસને સીધો કરવા માટે એને સીધો વાળવો એટલું પૂરતું નથી. બલ્કે, વિરુદ્ધ દિશામાં એટલો જ વાળવાથી એ સીધો થાય છે. પ્રાર્થના પાંચ મિનિટ વહેલી પૂરી કરવાનું મન થાય ત્યારે ઉપર પાંચ મિનિટ વધારી દેવાથી શેતાનનો ઘોર પરાજય થાય છે. શેતાન હંમેશા આંગળી માગીને હાથ લઈ લેતો હોય છે. એનો સામનો કરવા મનની મક્કમતા, અંતરની વજતા અને હૃદયની દઢતાથી ઓછું કશુ ના કામ આવે. પ્રભુ ઈસુનો "હઠ શેતાન" નામે પીતરને પડકાર એનો જીવતો જાગતો નમૂનો છે. અરણ્યના ચાળીસ ઉપવાસ દરમિયાન પણ ઈસુએ કેવી અજાયબ મક્કમતાથી શેતાનનો સામનો કર્યો હતો અને શેતાનને સતત રોકડુ પરખાવી દીધું હતું!

**૩. ચતુર સેનાપતિ :** શેતાન પાછલા દરવાજેથી ચોર પગલે પ્રવેશે છે અને પ્રવેશદ્વારેથી ઘરનો માલિક બનીને નીકળે છે. માણસને એની સૌથી મોટી નબળાઈનો લૉલીપૉપ બતાવે છે. કારણ એ જ એની લાળ પડાવે એવી લપસણી ભૂમિ છે. ચતુર સેનાપતિ જાણે છે કે દુશ્મનના કિલ્લા પર ચડાઈ કરવા માટે દિવાલમાં જ્યાં તિરાડ હોય ત્યાં જ સહેલાઈથી ગાબડું પાડી શકાય. એકવાર ગાબડું પડશે પછી દિવાલ કડડભૂસ તૂટશે. દુશ્મનની નબળાઈઓનો નકશો એ સતત હાથવગો રાખે છે. જેથી

એને સહેલાઈથી પરાજિત કરી શકાય. શેતાનની ચતુરાઈ સામે તો અચ્છા અચ્છા પણ પાણી ભરી જાય છે. વ્યસન છોડવા મથતા માણસને વ્યસનની સતત યાદ દેવડાવવાનું કામ શેતાન બખૂબીથી કરે છે.

**૪. ડરામણી પત્નીઃ** (આજના યુગમાં નારી ક્ષમાયાચના સાથે) શેતાન ડરામણી પત્નીની પેઠે પણ વર્તે છે. જો પતિ નરમાશથી વર્તે તો પત્ની એને પોતાના કાબુમાં લઈ લે છે. પણ જો પતિ કડકાઈથી વર્તે અને ફૂંફાડો મારે તો પત્ની નરમ થઈ જાય છે. પુરુષ પત્નીની અડગપણે ટક્કર ઝીલે તો પત્નીને તાબે કરી શકે છે. શેતાન સાથે ''નરોવા કુંજરોવા'' નહીં બલ્કે ''એક ઘા ને બે કટકા''નું કડક વલણ જ કામ આવી શકે. શેતાન પણ ''નીચી બોરડી'' જ શોધતો હોય છે!

**૫. બહેરું મગજઃ** શેતાનના પ્રભાવ હેઠળ હોઈએ ત્યારે કોઈપણ નિર્ણાયક પગલું ભરવું જોઈએ નહીં કે પરિવર્તન પણ કરવું જોઈએ નહીં, કારણ ત્યારે આપણું મગજ બહેર મારી ગયું હોય છે. સંત ઈગ્નાસ, આપણને આવેશ કે આવેગમાં હોઈએ ત્યારે કાંઈપણ ન બોલવા કે કરવા અંગે ચેતવે છે. અસ્વસ્થતામાં માણસ શેતાનના પ્રભાવ હેઠળ હોય છે. ગુસ્સામાં બોલાઈ ગયેલું કે થઈ ગયેલું હંમેશા પાછળથી પસ્તાવો પેદા કરે છે. સંત ઈગ્નાસનો આ સુવર્ણ નિયમ અત્યંત વ્યવહારુ અને કોઠાસૂઝવાળો છે. વિષાદ અવસ્થામાં કોઈ ફેરફાર કરવો નહીં અર્થાત્ આવેશમાં આવીને કાંઈ છોડી દેવું કે બદલી નાંખવું નહીં. ''તલ્લાક તલ્લાક તલ્લાક''નું ઉતાવળિયું વલણ માણસને યોગ્ય નિર્ણય તરફ દોરતું નથી. ઠંડા મગજે લીધેલા નિર્ણયો અફસોસ કે રંજ ઊભો કરતા નથી. ઉત્સાહ કે શૂરાતનમાં આવીને આપી દીધેલાં વચનો કે અસ્વસ્થ મનોદશામાં ઉચ્ચારેલાં કડવાં વચનો, બંને આખરે પસ્તાવાજનક હોય છે.

**૬. લફરાબાજ પ્રેમી :** પાશવી શેતાન જૂઠા પ્રેમીની જેમ પણ વર્તે છે, જે પોતાના પ્રેમપ્રકરણ કે ''લફરા''ને ગુપ્ત રાખવા માગતો હોય. લફરાબાજ કોઈની દિકરી કે પત્નીને ફોસલાવી એની સાથે ખાનગી સંબંધ રાખવા માગતો હોય છે. દીકરી પોતાના પિતાને કે પત્ની પોતાના પતિને એ સંબંધ વિશે ક્યારેય કશું ન જણાવે અને તેઓ છાનામાના એ સંબંધની મજા માણતા રહે એ માટે એ છેતરામણી અને લોભામણી દલીલો આપતો હોય છે. દા.ત. પ્રાયશ્ચિત કરવા ન જવા માટેનાં વાજબી લાગે એવાં કારણો મનમાં ઊભાં થવાં, આધ્યાત્મિક માર્ગદર્શનમાં જવા માટે આળસ થવી કે વિલંબ કરવો, ઘરમાં માતાપિતા કે પતિપત્નીથી વાતને છુપાવી રાખવી એ શેતાનની લફરાબાજીના પ્રકારો છે. ભાંડો ફૂટી જવાથી કે સત્ય જાહેર થઈ જવાથી શેતાન નારાજ થઈ જાય છે, કારણ માણસ સત્યસ્વરૂપ ઈશ્વરની નજીક પહોંચી જાય એ શેતાનને બિલકુલ પસંદ નથી.

**૭. તેજોમય દૂત :** શેતાનના ઉધામા કાંઈ ઓછા નથી હોતા. પાપીઓને તો નહીં જ, પુણ્યશાળીઓને પણ એ છોડતો નથી. જેમ ખરાબ માણસોને મનગમતી એવી ખરાબ બાબતોથી એ લલચાવે છે તેમ સારા માણસોને પસંદ એવી દેખીતી સારી બાબતોથી લોભાવે છે અને એમ પુણ્યશાળીને 'વધુ સારું'કામ કરતો રોકે છે, ઈશ્વરની વધુ નજીક જતો રોકે છે. ઈશ્વર તરફની ગતિને સાવ રોકી દેતાં પહેલાં પ્રથમ એ એને ધીમી પાડી દે છે. સારા માણસ આગળ શેતાન ''ઘેટાંના સ્વાંગમાં વરૂ'' બનીને આવે છે. અર્થાત્ પ્રકાશનો દૂત બનીને આવે છે. શેતાન બહુરૂપી છે. માણસે માણસે એ જુદા જુદા વેશ ધારણ કરીને આવે છે. ખૂન કરવાની પ્રેરણાને કોઈ સંતાત્મા તરત જ દુષ્ટપ્રેરણા તરીકે ઓળખી કાઢશે. પરંતુ ભક્તિ કરવાની પ્રેરણામાં એ ગૂંચવાઈ જશે. અન્યને મદદ કરવાની ઈશ્વરીપ્રેરણા વેળાએ શેતાન સંતને ભક્તિ કરવાની પ્રેરણા આપશે જેથી તે પરોપકારનું વધારે દૈવી એવું કામ ટાળી શકે. અભ્યાસના સમયે પ્રાર્થનામાં બેસવાની પ્રેરણા કે ઉંઘવાના સમયે અભ્યાસ કરવાની પ્રેરણા એ અચૂક શેતાની પ્રેરણા છે- ભલે દેખાવે કે ઉપલી નજરે તે શુભ પ્રવૃતિની પ્રેરણા હોય. સંત ઈગ્નાસની આ સૂઝનો સરવાળે અર્થ એ થાય કે એકાગ્રતા જીવનનો ઉત્તમ પુરુષાર્થ છે-દૈવી સાધ્ય છે. જે કામ જ્યારે કરવાનું હોય તે પૂરી લગનથી-મન લગાવીને-દિલ રેડીને અર્થાત્ એકાગ્રતાપૂર્વક કરવું એનાથી મોટી પવિત્રતા બીજી કોઈ નથી. *Play while you play & eat while you eat* એવું જોડકણું મજાકમાં નહી ગવાયું હોય!

**૮. સાપની પૂંછડી :** શુભકામની પ્રેરણા પણ શેતાની હોય તો છેવટે કરવું શું? જો સારાં કર્મોની પ્રેરણામાં પણ શેતાનનો હાથ હોય તો ઈશ્વરનું કામ કોને ગણવું અને કોને નહીં? સંત ઈગ્નાસ એ માટે પણ ઉપાય આપે છે. આપણને થતી પ્રેરણાઓ કે વિચારોનું આખરી પરિણામ જો સાચી પ્રસન્નતા પેદા કરનારું હોય તો તે દૈવીકાર્ય અને ઉદાસીનતા પેદા કરનારું હોય તો દાનવી કર્મ. પ્રેરણાનું આખરી પરિણામ એટલે સાપની પૂંછડી. જો સાપ એના મોં પરથી ઓળખી કાઢી શકાયો ન હોય તો એની પૂંછડી પરથી તો પારખી શકાય જ. પ્રેરણા પારખવામાં ગોથું ખાઈ જઈએ તો પણ એ પ્રેરણાનું પરિણામ તો પારખી શકાય જ. મેં કરેલા દાનથી મારો અહમ જ પોષાયો હોય તો તે અસદ્ પ્રેરણાપ્રેરિત દાન હતું પરંતુ ગુપ્તદાનથી જો શુદ્ધ સેવાભાવના ચરિતાર્થ થઈ હોય તો તે સદ્પ્રેરણા પ્રેરિત દાન કહેવાય.

ઉપરોક્ત નિર્ણય લેવામાં આવી અંતરની ભાવનાપરસ્ત સાવચેતીઓ પછી એટલું જ કહી શકીએ કે કોઈપણ નિર્ણય સાચો કે ખોટો હોય એનાથી વધુ મહત્વનું છે નિર્ણય કેટલો પ્રમાણિક કે અપ્રમાણિક છે તે નક્કી કરવું. હકીકતમાં સાચા કે ખોટા નિર્ણય જેવું કશું હોતું નથી. હોય છે માત્ર નિષ્ઠાવાન કે નિષ્ઠાહીન નિર્ણય. શક્ય એટલી બધી જ માહિતી એકત્ર કરીને પૂરી શુદ્ધ ભાવનાથી લીધેલો નિર્ણય આવતીકાલે નવી માહિતી ઉમેરાતાં ખોટો પુરવાર થઈ શકે, પરંતુ અપ્રમાણિક પુરવાર નહીં થાય. એટલે નિર્ણય સાચો છે કે ખોટો એની પંચાતમાં પડવા કરતાં અંતરાત્માથી એની પ્રમાણિકતાનું મૂલ્ય નક્કી કરવું. પ્રમાણિક નિર્ણય એજ સર્વથા યોગ્ય નિર્ણય!

આપણા નિર્ણયો કે પસંદગીઓ પછવાડે પ્રેરણાઓની આવી જટિલ વિચાર કે ભાવપ્રક્રિયાને પારખવાથી આપણે વધુ વિવેકી બનીએ છીએ- પેલા દૂધ અને પાણીને જુદાં પાડીને દૂધ-દૂધ પી જતા હંસ જેવા, જેને ભારતીય તત્વવિચારમાં નીરક્ષીર વિવેક કહ્યો છે. જીવનમાં દૂધ છોડીને પાણી પી જવાની મૂર્ખતાથી બચવા સંત ઈગ્નાસના આ વિવેક નિયમો અત્યંત વ્યવહારું છે, ઉપરાંત જીવનના આખરી ઉદ્દેશ-ઈશ્વરની સેવા અને સ્તુતિમાં સક્ષમ સાધનરૂપ છે. જીવન આપણું સાચા ઈશ્વરગામી નિર્ણયોથી ધન્ય અને ધન્ય બનતું રહે, એવી પ્રાર્થના અને શુભકામના.●

**- ફાધર ડૉ. વિનાયક જાદવ એસ.જે., માનદ્ તંત્રી 'દૂત'**

પાવન હૃદય
**દૂત**

# કાવ્યધારા



## સેવાને પંથે

સેવાને પંથે સંચરીએ જ્યારે
    મનડાને મોટું રાખીએ રે,
અન્યોનાં કામ હાથ લઈએ જે વારે,
    લાલચથી દિલ દૂર રાખીએ રે...
વાહ વાહ થાય એવી વૃત્તિ ના રાખીએ,
    બદલાની ભાવના ટાળીએ રે,
જીવનમાં સેવાના સંકલ્પો રાખીએ,
    સેવામાં મનડાંને વાળીએ રે...
સેવા કરીએ નહિ મેવા લેવાને,
    વેતન સેવાનું ના યાચીએ રે,
આવેલા ખુદ પ્રભુ સેવા દેવાને
    એવી સેવા કરી રાચીએ રે...

*- સુરેન્દ્ર આસ્થાવાદી*

## ખાર નીકળશે

કહીશ થોડું, પણ સોંસરવું પાર નીકળશે !
નિચોડ અનુભવોનો ના પૂછ દોસ્ત,
'ખાર' નીકળશે.

શ્રીમંત કેરા મહેલમાં
તુંને એક ખૂણો નહિ જડે !
જો, કુટિર ભલી હો રંકની,
'મોકળાશ' નીકળશે.

આંસુ જેવું આંસુ છે,
હરગિજ નિર્બલ સમજીશ નહીં !
આ આંસુમાં જ
મહાનલનો ચિનગાર નીકળશે.

આ મહાક્રાંતિની હેલી છે,
જે શબ્દ બનીને રેલી છે !
છે મૌન વાણી 'વાર'
કલમનો 'ધારદાર' નીકળશે.

કહીશ થોડું, પણ સોંસરવું પાર નીકળશે !
નિચોડ અનુભવોનો ના પૂછ દોસ્ત,
ખાર નીકળશે.

*- સંગીતા સુનિલ ચૌહાણ 'તપસ્યા'*

## જુવાનીનો ખુમાર

ચહેરા ઉપર જુવાનીનો હજીય ખુમાર છે,
વનમાં પ્રવેશ છો થયો સપનાં હજાર છે.
વચેટને તો માવતરનો પ્રેમ ક્યાં મળે,
ઠોકર ને અનુભવની લાંબી કતાર છે.

સંતાઈ જા પાતાળમાં કે ગુમ થઈ જા તું,
દિલના દરેક ખાનામાં તારો દીદાર છે.
જો થઈ શકે તો કોઈને તું કામ આવી જા,
નહીં તો જીવન તારું ખાલી બજાર છે.

ભૂતકાળને ભૂલીને આ પળ જીવી લે તું,
સંધ્યા બને રંગીન તો રંગીન સવાર છે.
ચૂકી ગયેલ તકો તો મળતી નથી પાછી,
આગળ ભરો જો ડગ તો મૌકા અપાર છે.

વર્ષો ગણી કદી હું દુઃખી નથી થતો,
સંભારવા ગુલાબી ઘણીય બહાર છે.
હજી ઘણું શીખવું છે ને માણવુંય છે.
એ જિંદગી ! તું મારો એક સાચો યાર છે !

*- રમેશ મેકવાન*

## તમે ના હોત તો !

ચાલતો હતો એકલો અને ખૂબ જ ધીમો,
સાથ તમારો મળ્યો અને દોડતો થઈ ગયો !

ઊઠી વહેલાં સવારે શરૂ કરતાં ઘરકામ તમો
સુટેવ મને પડી અને
વહેલો ઊઠતો થઈ ગયો !

જોતો રોજ બાઈબલ વાંચતા તમને,
નાસ્તિક મટી હું પ્રભુનામ લેતો થઈ ગયો !

સુટેવ નહોતી મને રવિવારે ચર્ચમાં જવાની,
સંગાથે તમારા પ્રભુવારની
રાહ જોતો થઈ ગયો !
વિચારું છું ઘણીવખત
શું થાત તમે ના હોત તો ?
ઓળખ કશી ના હોત 'કાંતિ'
અને રડમશ થઈ ગયો !

*- કાંતિ વાઘેલા*

## મીણબત્તી


મીણ ના થાય ક્ષીણ
ત્યાં લગી બળતી ને
પ્રકાશ પાથરતી મીણબત્તી !
હોય સળગતી કબર પર,
હોય ટમટમતી વેદીની દીવી પર,
એને ક્યાં કશો ફેર પડે છે ?
એ તો કેવળ સળગતી રહેવામાં
ને પ્રકાશ પાથરવામાં
માને છે સાર્થકતા !

ન કોઈ પ્રચાર ન કોઈને જાણ
કરવાની કે કહેવાની વૃત્તિ,
બસ, ચૂપચાપ
અજવાળે કે અંધારે,
દિવસે કે રાતે,
જ્યાં, જ્યારે એને પેટાવવામાં આવે
ત્યારે ત્યાં, પ્રકાશવામાં જ
એ પામે છે લય !

મળો ! બસ હવે
મીણબત્તી જેવું મન ! હે દેવ !

*- સિલાસ પટેલિયા*

**સંત ઈગ્નાસના તહેવાર નિમિત્તે સૌ**
**ઈસુસંઘી ધર્મગુરુઓ તેમજ ધર્મબંધુઓને**
**તહેવારની હાર્દિક શુભેચ્છા.**
**- 'દૂત' પરિવાર**






# તમારો પત્ર




(૧)

સપાદ શતાબ્દી 'દૂત' વિશેષાંક હાથમાં આવતાં જ હૃદયે એક સુખદ લાગણી અનુભવી. ૧૨૫ વર્ષની યશગાથા કોને વાંચવી કે સાંભળવી ન ગમે ? મોગરી ગામે, પેલાં આપણાં પ્રથમ ધર્મ માબાપ કેવાં હશે ? અને સ્નાનસંસ્કાર ગ્રહણ કરતી વખતે તેમણે પરમપિતાના પ્રેમનો કેવો અદ્‌ભુત અનુભવ કર્યો હશે, તે તો ઈશ્વરપિતા જ જાણે !

'ખેડાની ધર્મસભાની આર્થિક તાસીર' લેખમાં પ્રા. ડૉ. રોમાન ભાટિયાએ અ, બ અને ક તબક્કામાં ઝીણવટભરી વિગતો ટાંકી તેમાં ગુજરાતમાં કેથોલિક ધર્મસભાના ઈતિહાસમાં આર્થિક પ્રગતિનાં ઉર્ધ્વગામી સંચરણ જોવા મળી રહે છે. ઈસુ એટલે જ્ઞાન અને જ્ઞાન એટલે જગતારક મસીહા, બસ આટલું જ સમજતા પેલા ગોરા સાધુઓ. શિક્ષણનો પ્રચાર પ્રસાર જેમ વધતો ગયો તેમ ઈસુજનની પરિસ્થિતિ બદલાતી ગઈ અને લોકોનો વિદેશ વસવાટ વધતો રહ્યો અને પ્રભુની કૃપાઓના સાચા ભાગીદાર બનતા જ રહ્યા.

'સવાસો વર્ષમાં શ્રદ્ધાયાત્રા' લેખમા પૂજ્ય ફાધર જીમી ડાભી સાત તબક્કામાં સચોટ માહિતી વર્ણવે છે. શ્રદ્ધા વિનાની મહેનત મજૂરી અને વેઠ બની રહે છે તેમ આપણી શ્રદ્ધાએ આપણને બળવાન બનાવ્યા છે. જેમાં સહેજે અતિશયોક્તિ નથી. ફાધરે માર્મિક સવાલ કર્યો છે : 'સવાસો વર્ષે મારે મારા અંગત જીવનનું મૂલ્યાંકન કરવું જ રહ્યું કે મારી શ્રદ્ધાયાત્રા સવાસોમા સ્ટેશને પહોંચી છે કે નહીં ?'

— રજનીકાંત જોસેફ રાઠોડ, વડોદરા

(૨)

'આધ્યાત્મિક ઉન્નતિ કે નાદારી' - મે ૨૦૧૯નો તંત્રીલેખ પડકારરૂપ હતો. ધર્મને નામે આપણે દેખાડો, બિનજરૂરી ખર્ચાઓ, ઉજવણીઓ અને આલિશાન દેવળો પાછળ અબજો નાણાં ખર્ચી રહ્યા છીએ.આ જ નાણાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક ઉત્થાન માટે ખર્ચાય તો સમાજની કાયાપલટ થઈ શકે છે. આપણે હવે ક્રિયાકાંડી બની ગયા છીએ. આધ્યાત્મિકતા લોપ પામી રહી છે. આ બાબતે ધર્મગુરુઓમાં પણ જાગૃતિનો અભાવ જોવા મળે છે. શું ભવ્ય દેવળોમાં જ ભક્તિ થાય ? ધર્મસભા પણ હવે ભૌતિકવાદ તરફ જઈ રહી છે કે શું ? આવો વૈચારિક ભાથું પૂરો પાડતો, હિંમતભર્યો તંત્રીલેખ લખવા બદલ તંત્રીશ્રીને ખૂબ અભિનંદન.

*— રતિલાલ જાદવ (બિલોદરા, નડિયાદ)*

(૩)

'દૂત'ના મે ૨૦૧૯ના અંકનો તંત્રીલેખ 'આધ્યાત્મિક ઉન્નતિ કે નાદારી'માં ધર્મને નામે દેવળો, ક્રૂસના માર્ગની ભક્તિનાં સ્થાનકો તેમજ અન્ય એવાં સ્મારકોના માટે લાખોનું દાન આપનાર શ્રદ્ધાળુઓ અને તેમની આવી ઘેલછાને પ્રોત્સાહન આપનાર ધર્મગુરુઓની આધ્યાત્મિકતાનું ડબલ સ્ટાન્ડર્ડ અને એવા નિરર્થક ખર્ચા કરવાની મનોવૃત્તિ તરફ સમયોચિત ચેતવણી આપે છે. 'સિમેન્ટ કે કપચીથી નિર્માણ થયેલી ઈમારતમાં પ્રભુનું અસ્તિત્વ ન હોય એવી કેળવણી આપવામાં, માત્ર બાહ્ય સજાવટમાં જ રુચિ ધરાવનાર પુરોહિતગણ નિષ્ફળ નિવડ્યા છે.' અને 'આ પ્રકારનાં સ્મારકોનું બાંધકામ એ આંધળા અનુકરણનું પરિણામ છે. જે ધર્માધિકારી-આગેવાનોની આધ્યાત્મિક નાદારી વ્યક્ત કરે છે.' આવાં સ્પષ્ટ અને કડક મંતવ્ય વ્યક્ત કરીને આપણા ધર્મગુરુઓની ઉચિત ટીપ્પણી કરવા માટે તંત્રીશ્રીની નિખાલસતા અને હિંમત અભિનંદનને પાત્ર છે.

પણ કેટલા ધર્મગુરુઓ આ વાત વાંચી, વિચારી અને તેમના વર્તનમાં લાવવા પ્રેરિત થશે એનો અંદાજ આપણે બધા લગાવી શકીએ છીએ. તંત્રીશ્રીએ તેમના ઉદાર નિર્ણયથી આવાં બધાં બાંધકામને પરિણામે કોન્ટ્રાક્ટરો પાસેથી આજકાલના શિરસ્તા મુજબ ધર્મગુરુઓને મળતી કીકબેકની લાલસા તરફ આંખ આડા કાન કર્યા છે.

દેવળ કે મંદિરમાં કરેલું દાન એ ભગવાનને આપેલું છે એમ માનતા શ્રદ્ધાળુઓ શું એક ગરીબના ખંડેર જેવા મકાનની મરામત કરવા, એક દર્દીના ઓપરેશનના ખર્ચને પહોંચી વળવા, એક ગરીબ પણ કુશળ વિદ્યાર્થીના ભણતર માટે કે એવા કોઈપણ માનવતાવાદી કાર્ય માટે કરવામાં આવેલી વિનંતીને લક્ષમાં લઈને શું આજ દાતાઓ દાન કરવા આગળ આવશે ? આ સવાલ આપણે બધાને મનન-ચિંતન કરી સાચો માર્ગ અપનાવવા માટે પ્રેરણા આપે તો લેખનો ઉદ્દેશ સફળ થયો ગણાય.

મને જાણવા મળ્યું છે કે કેટલાક ગામના ખ્રિસ્તી ભાઈબહેનો તેમના ગામમાં જૂના દેવળની જગ્યાએ નવું દેવળ બાંધવા માટે દાન ઉઘરાવવા ગામેગામ ફરે છે, તેમને મારું નમ્ર નિવેદન છે કે આ ઉઘરાણું બંધ કરી, જમા થયેલી રકમને ઉપર દર્શાવેલ કોઈપણ માનવતાવાદી સત્કાર્ય માટે વાપરવાની દિલદારી બતાવે તો તેમને વધુ પુણ્ય મળશે.

યાદ રાખીએ કે પ્રભુ ઈસુએ એક પણ દેવળ બાંધ્યું નહોતું, અને તે પોતે પણ પ્રાર્થના કરવા ડુંગર ઉપર અથવા કોઈ બગીચાના એકાંતમાં જતા હતા. ઈસુએ કહ્યું છે : 'પણ તું જ્યારે પ્રાર્થના કરે ત્યારે તારી ઓરડીમાં જઈને બારણાં વાસજે અને એકાંતમાં પણ વસનાર તારા પિતાને પ્રાર્થના કરજે. એકાંતમાં થયેલી વાત પણ જાણનાર તારા પિતા તને બદલો આપશે.' (માથ્થી ૬:૬) *— જેકબ એસ. મેકવાન, મુંબઈ*

(૪)

માહે જૂન ૨૦૧૯ના 'દૂત'નું વાંચન કર્યું. મોટાભાગના લેખ મનનીય અને પ્રેરણાદાયી જણાયા. સાહિત્યકાર શ્રી રમણભાઈ મેકવાનની 'અભણ' વાર્તા, અનેક શિક્ષિત માતાઓ તથા સંતાનો માટે પડકારરૂપ છે. સાક્ષર સંતાનો ઘણીવાર પોતાની જનેતાને સમજ્યા વિના હાંસિયામાં ધકેલી દેતાં હોય છે, તેમના માટે આંખ ઉઘાડનારી વાર્તા છે. શ્રીમતી કુમુદબેનના 'સંતાનોની તરુણાવસ્થા અને માબાપ' લેખમાં માબાપને બાળકોને સમજવા માટે અંગૂલિનિર્દેશ કરવામાં આવ્યો છે.

આધુનિક સુખ સગવડો પૂરી પાડતાં માબાપ પોતાનાં સંતાનોના મનોવ્યાપારને સમજે એ મહત્ત્વનું છે, એ તેમણે અનુભવની એરણ પર સિદ્ધ કર્યું છે. વળી ઉચ્ચશિક્ષણ મેળવતાં સંતાનોએ પણ માબાપની સલાહનો અનાદર કરવો અનુચિત છે તેવું ગર્ભિત રીતે સમજાવ્યું છે. વાર્તા અને લેખમાં માબાપ-સંતાનોના સંબંધનું ચિત્ર રજૂ કરવામાં બન્ને સફળ રહ્યાં છે. અભિનંદન. *— શાંતિલાલ મેકવાન, ગામડી-આણંદ*

(૫)

નવા જમાનામાં 'ઝેડ જનરેશન'ની સુખાકારી વાંછતો બેબીબૂમ વીથ સુપર ક્વૉલીટી '..... જનરેશન' પેઢી વાંચક. પ્રોફેશનલ લેખો ! 'દૂત'ને અભિનંદન. અંતરિયાળ ગામડામાં ૨૦૦ થી વધુ શાળાઓ છતાં લઘુમતિ દરજ્જાનું પ્રમાણપત્ર મળેલ નથી. બ્લીટ્ઝના તંત્રી સ્વ. શ્રી કરંજીઆ કહેતા, 'વાળીએ એમ વળે એનું નામ કાયદો,' ત્યારે સાચું નહોતું લાગતું આજે સત્ય લાગે છે.

એમ તો દેશ-દુનિયાના લાડીલા મંત્રી પી.એમ. મોદીજીએ બહુમત મળ્યા બાદ સેન્ટ્રલ હોલમાં પ્રથમ પ્રવચન વેળા કહ્યું, 'લઘુમતિ અમારે પક્ષે નહોતી છતાં આપણે સાથે રહેવાનું છે.' આભાર માનનીય મોદીજી. ભગવત ગીતા પ્રમાણે, 'આજ જહાં મૈં હું, કલ વહાં ઔર કોઈ થા, પરસોં કોઈ ઔર આયેગા ક્યોંકિ પરિવર્તન હી સંસાર કા નિયમ હૈ.'

ત્યાં સુધી 'દૂત' તંત્રીશ્રી લખે છે એમ 'લઘુમતિ સંસ્થાનો દરજ્જો જાળવી રાખી ચીલાચાલુ ઘરેડ ત્યજીએ, હા, બાબત સામા પ્રવાહે તરવા જેવી જરૂર છે.' પણ મુશ્કેલ નથી, કેમકે (અમારા વખતમાં) 'તબ ભાજી ઘી મેં બનતી થી અબ ભાજી સે ઘી બનતા હૈ, તબ સિર્ફ નારી હી જનતી થી અબ સારા ભારત ... હૈ' એ સમયે વિવિધતામાં એકતા હતી હવે વન જી.એસ.ટી. વીથ વન યુનિફૉર્મ અંડર વન કલર, આનંદો !

*— પરમાર સ્તાનીસ સાયમન, ગામડી - આણંદ*

(૬)

જૂન ૨૦૧૯ના 'દૂત'નું વાંચન કર્યું. તંત્રી લેખ 'શિક્ષણ : પડકારો અને ઉપાય'માં વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં આવતા પડકારો અને તેને પહોંચી વળવા માટેના ઉપાયોની ઘણી જ ઉપયોગી અને તલસ્પર્શી માહિતી રજૂ કરી છે. લેખના અંતમાં મૂલ્યશિક્ષણ માટે ધર્મશિક્ષણ અને નીતિશિક્ષણ વિદ્યાર્થીઓને આપવામાં આવે તે પર ખાસ ભાર મૂક્યો છે. તંત્રીશ્રીને અભિનંદન.

'કેળવણીની કમાલ'માં ડૉ. ધીરજભાઈએ વર્તમાન શિક્ષણની પ્રથા સાથે કેળવણીની સાચી ઓળખાણ કરાવી છે. વાંચતાં, લખતાં અને ગણતાં શીખવે તે શિક્ષણ પણ મનુષ્યને જીવન જીવતાં શીખવાડે એ કેળવણી. માણસને આત્મનિર્ભર બનાવે, તેનામાં નીડરતા અને સાહસિકતા પેદા કરે તથા સંકુચિત ભાવનામાંથી મુક્તિ અપાવે એનું નામ કેળવણી. કેળવણી પર સુંદર પ્રકાશ પાડવા બદલ ડૉ. ધીરજભાઈને અભિનંદન.

'ફાધર્સ ડે'માં ડૉ. ઈશ્વરભાઈએ પિતાનું મહત્ત્વ વિશેષરૂપે સમજાવ્યું છે. આપણે નાના હતા ત્યારે પિતા આપણને આંગળી પકડીને ચલાવતા હતા. હવે પિતા વૃદ્ધ થતાં આપણે તેમની આંગળી પકડીને દોરતા રહેવું એ ભાવના વ્યક્ત કરી છે. ઘરમાં પિતા ઘરના મોભ સમાન છે. તો માતા વળીઓમાંની એક વળી છે. પિતાની પાકટ ઉંમરે તેમની સંભાળ લેવી, તેમની જરૂરિયાત પૂરી પાડવી, એ આપણી ફરજ છે. પિતાએ કરેલા આપણી ઉપર ઉપકાર બદલ 'ફાધર્સ ડે' એ સર્વપિતાઓને લાખ લાખ વંદન, લેખક શ્રી ને અભિનંદન.

*— ફ્રાન્સિસ ગાલુસ મેકવાન, ચાવડાપુરા*

## સપ્ટેમ્બર - ૨૦૧૯

**મહત્ત્વના દિવસો :**

૦૫ સપ્ટેમ્બર : શિક્ષક દિન
૦૮ સપ્ટેમ્બર : વિશ્વ સાક્ષરતા દિન
૦૯ સપ્ટેમ્બર : દાદાદાદી દિન (સપ્ટેમ્બરનો બીજો સોમવાર)
૧૬ સપ્ટેમ્બર : વિશ્વ ઓઝોન દિન
૨૧ સપ્ટેમ્બર : વિશ્વ શાંતિ દિન
૨૪ સપ્ટેમ્બર : રાષ્ટ્રીય સેવા યોજના દિન
૨૭ સપ્ટેમ્બર : વિશ્વ પ્રવાસન દિન

**ધર્મસભાના મહત્ત્વના દિવસો :**

૦૩ સપ્ટેમ્બર : મહાન સંત ગ્રેગરી
૦૫ સપ્ટેમ્બર : સંત મધર થેરેસા
૦૮ સપ્ટેમ્બર : માતા મરિયમની જયંતી
૧૪ સપ્ટેમ્બર : પુનિત ક્રૂસની સ્થાપના
૧૫ સપ્ટેમ્બર : વેદનામૂર્તિ માતા મરિયમ
૨૧ સપ્ટેમ્બર : શુભસંદેશકાર સંત માથ્થી
૨૭ સપ્ટેમ્બર : સંત વિન્સેન્ટ દે પોલ
૨૯ સપ્ટેમ્બર : મહાદૂતો - મિખાએલ, ગાબ્રિએલ અને રાફાએલ

**આ વિષય ઉપરાંત અન્ય વિષયના લેખ 'દૂત' કાર્યાલયને તેમજ કાવ્ય, કાવ્યધારાના સંપાદકને તા. ૫ મી ઓગસ્ટ, ૨૦૧૯ સુધીમાં મોકલવા વિનંતી.**

# ‘કોઈનો ન્યાય તોળશો નહીં’

✍ સિસ્ટર વર્ષા જોન LDFX

**વડાધર્મગુરુ માન્ય પ્રાર્થના હેતુ : જુલાઈ ૨૦૧૯ : દુનિયામાં અન્યાયના વર્ચસ્વનો અંત આવે તે માટે ન્યાયની પ્રતિષ્ઠા માટે કાર્યરત લોકો પ્રમાણિકતાથી કાર્ય આગળ ધપાવે.**

આપણી આજુબાજુ ધબકતી સ્થિતિ એટલે દુનિયા. એ ઝાકઝમાળ, સાદગી, કોલાહલ, શાંતિ-અશાંતિ, મારફાડ, અન્યાય, શોષણ, આંખને આંજી નાખતી વિવિધતા. આ બધાનું એક કવચ કરી પોતાની જાતને અલગ તારવીને સૌ પોત-પોતાની દુનિયા રચે તે સૌની દુનિયા અને તે સૌનું જગત. કોઈની દુનિયા માત્ર જૂઠ અને દંભની જ હોય, કોઈની દુનિયા માત્ર ધાર્મિક વિધિ-વિધાનોમાં જ પૂરી થઈ જતી હોય, કોઈની દુનિયામાં ખૂબ બધી ચિંતાઓ, પળોજણો, હેરાનગતિઓ, કકળાટ, અશાંતિ જ હોય. કોઈની દુનિયા માત્ર તર્ક-વિતર્કવાળી હોય, કોઈની દુનિયા માત્ર શંકાઓમાં જ સમાપ્ત થઈ જતી હોય, કોઈની દુનિયા માત્ર મનોરંજન પૂરતી જ હોય, કોઈની દુનિયા રમત જગતમાં, કોઈની દુનિયા નોકરી-ધંધામાં ડૂબેલી હોય, કોઈની દુનિયા ખેતરમાં મજૂરી કરી, પરસેવો પાડી, ઉપજ કરવામાં ખપી જતી હોય છે. કોઈની દુનિયા બીજાનામાં શું ખૂટે છે અને શું ખોટું છે, એ શોધવામાં જ પતી જતી હોય છે. આ ઉપરાંત બાકી રહેલાં ઘણાં લોકોની દુનિયા માત્ર ‘ઈશ્વર કરે તે જ ખરું’, ‘ઈશ્વરની ઈચ્છા વિના પાંદડું ના હાલે’, અને ‘ઈશ્વર જ મારો એકમાત્ર આધાર’ તેવી દ્રઢ શ્રદ્ધા અને અતૂટ વિશ્વાસ ઉપર નભતી અને જીવાતી હોય છે. વિશ્વ અનેકાનેક વિવિધતાઓથી ભરચક છે. જે દુનિયા આપણે વિચારીએ છે બલકે જીવીએ છીએ, તે માત્ર ને માત્ર મહાસાગરનું એક ટીપું જેટલી માત્રા જ માત્રા છે, એવું જીવન જીવતાં અનુભવી લોકો કહેતાં માલૂમ પડ્યા છે.

‘ન્યાય માત્ર ઈશ્વર જ કરી શકે છે’ એટલે આપણે મોટેભાગે એ દૈવી બાબતને સ્પર્શી શકવાની ક્ષમતા ધરાવતાં નથી જેથી અન્યાય સાથે આપણો પનારો જલદી પડી જાય છે. મેં અન્યાય કર્યો છે, એવી જવાબદારી સ્વીકારવાની આંતરિક તાકાત તો હજી આપણામાં ક્યારે જન્મે, એ સૌના જીવન ઉપર નિર્ભર છે, પરંતુ ‘મને ખૂબ અન્યાય થયો છે.’ એ વાત આપણે ખખડી-ખખડીને બોલીએ છીએ, ખૂબ દૂરાગ્રહ પૂર્વક બોલી શકીએ છીએ. આપણા આધ્યાત્મિક જીવનનો ન્યાય તો હકીકતે છેલ્લે દિવસે તોળાવાનો છે. જે વ્યક્તિગત જીવન કેવી રીતે જીવાયું તેને સરેરાશ સરવૈયું હોઈ શકે. આપણું પૃથ્વી ઉપરનું જીવન કોઈ એક હેતુસભર રચના છે. માની લેવું, ધારી લેવું, કલ્પના કરી લેવી, એવું હશે તેવા વિચારોને એ દૈવી ન્યાયમાં નહીંવત સ્થાન હશે તે વિશે આપણે સભાનતા કેળવીએ. ‘કોઈનો ન્યાય તોળશો નહિ જેથી તમારો પણ ન્યાય નહિ તોળાય. જેવો ન્યાય તમે તોળશો તેવો જ ન્યાય તમારો પણ તોળાશે.’ (માથ્થી ૭:૧)

‘ઈશ્વર ન્યાય કરશે’ તેનો સીધો અર્થ એ છે કે, મારે બીજા મારાં ભાઈ-ભાંડુઓનો તો નહિ જ મારી પોતાની જાતનો ન્યાય પણ કરવાનો નથી. આપણે અન્ય તથા ખુદનો ન્યાય કરવાનો નથી. ઈશ્વરીય બાબતોને જીવનમાં ઉતારી, પચાવી, તેનો અમલ કરવો એ માનવ તરીકે ખૂબ અઘરું છે. જેથી કોઈના કોઈ વિચાર હેઠળ, સ્વાર્થ ખાતર, પોતાની વ્યવસ્થા ખાતર, પડાવી લેવાની ઈચ્છા ખાતર, વેર વાળવાની વૃત્તિ ખાતર, નીચું જોવડાવવાની ઈચ્છા ખાતર, નામ બગાડી નાખવાની તીવ્રતા ખાતર, આપણે એકબીજાને અન્યાય કરતાં રહીએ છીએ. આપણો આત્મા એટલો સબળ અને સાબદો નથી કે આપણી આધ્યાત્મિકતાના મૂળ એટલાં ઊંડા નથી કે જેથી આપણને ખબર પણ પડે કે હું કોઈને અન્યાય કરું છું કે બદનામ કરું છું. ભારત દેશની સંઘીય રાજ્ય પદ્ધતિમાં સમગ્ર દેશમાં એક જ સોપાનબદ્ધ, સળંગ અને એકસૂત્રિય ન્યાયપદ્ધતિ છે. નાગરિકોના હકોના રક્ષણ અને જતન કરવા, કાર્યવિભાજનને લગતી કોઈ વિસંવાદિતા સર્જાય તો તેના બંધારણની જોગવાઈ મુજબ ઉકેલ લાવીને સમાધાન કરવા માટે ન્યાયતંત્ર મહત્ત્વનું અંગ છે, જે દેશ અને રાજ્યની વ્યવસ્થા જાળવે છે તથા જે લોકો ખરેખર એમ માને છે કે, તેમને અન્યાય થયો છે, તેમને આત્મસન્માન અપાવવા, જીવનનો સંતોષ અપાવવા તે મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

અન્યાય વેઠનાર કરતાં અન્યાય કરનાર વર્ગ હોય છે તો પ્રતિષ્ઠિત પરંતુ એ એમની વર્ગ, બુદ્ધિ, જરૂરિયાત પ્રમાણે બસ, એમ જ અન્યાય કર્યે જાય છે. સમાજ જેને ગણતરીમાં લેતો નથી અથવા વ્યક્તિ સમાજથી બહાર ફેંકાઈને લઘુતાગ્રંથીથી પીડાઈ રહી છે, જેની કોઈ પ્રતિષ્ઠા આજસુધી સમાજમાં પ્રસ્થાપિત થઈ શકી નથી તેઓ તરફથી જેની બુદ્ધિમાં લુચ્ચાઈ નથી, કુનેહમાં જે થોડી ઊણી ઉતરતી વ્યક્તિ છે, જેની આર્થિક સદ્ધરતા નબળી છે અથવા જે લોકો અન્ય ઉપર આધારિત છે, તે સર્વ અન્યાયનો ભોગ બનતાં રહે છે. કેટલાંક મને-કમને, કેટલાંકને એ સ્થિતિ ફાવી ગઈ છે. કેથોલિક ધર્મસભામાં ન્યાય કરનાર એકમાત્ર આપણા પ્રભુ પરમેશ્વર છે. જે માત્ર ને માત્ર આપણા માટે પ્રેમ, શાંતિ અને આનંદરૂપી ચુકાદાઓ આપે છે.

વારંવાર જેને બીજા ઉપર દોષારોપણ કરવાની ટેવ પડી ચૂકી છે, જેને પોતાનો આત્મા અને પોતાનું કુટુંબ ખાડામાં પડતું દેખાતું નથી, જેઓ દુનિયાને સુધારવાની ઈચ્છા રાખે છે તેમને પ્રભુનો સ્પર્શ થાય, કોઈવાર પોતાનું જીવન તપાસવા પ્રભુ કૃપાઓ વરસાવે. તે સર્વને માટે આપણે પ્રભુને અરજ કરીએ. પ્રભુ તરફ તેઓ પાછાં વળે. તેમની કુમાર્ગે વળી ગયેલી તાકાત અને શક્તિઓથી તેઓ પોતાનું, પોતાના કુટુંબનું, ધર્મ અને સમાજનું ઘણું બધું ભલું કરી શકે છે. પોતાનું યોગ્ય યોગદાન આપી બીજા માટે પ્રેરણારૂપ બની શકે છે.

*અનુસંધાન પાન નં. ૧૧ ઉપર જુઓ...*



# હરિયાળો ધર્મવિભાગ

✍ ફાધર રપ્પાઈ એસ.જે. – વડોદરા




'ચલ મન મુંબઈ નગરી, જોવા પુચ્છ વિનાની મગરી !' એવી ઓળખ ગુજરાતી કવિ નિરંજન ભગતે મુંબઈ વિશે આપી છે. વિશેષમાં કવિએ આડેધડ વિકસતાં બહુમાળી મકાનોને કોંક્રિટનાં જંગલો કહી વ્યંગ કર્યો છે અને છેલ્લે ચેતવણી ઉચ્ચારી છે કે પર્યાવરણના અસમતુલનને કારણે એક દિવ્ય આ નગરી મહાસાગરનાં પાણીમાં વિલીન થઈ જશે ! આ વાત દરિયાકાંઠાના કોઈ પણ મહાનગર વિશે યથાર્થ છે, જ્યારે જળ, વાયુ, જમીન અને ધ્વનિ પ્રદૂષણમાં ભારતનાં મહાનગરો દુનિયાભરનાં વિરાટ નગરોને હોડમાં પાછાં મૂકી દે એવાં છે, ત્યારે મુંબઈ મહાનગરનું એક ઉપનગર - અંધેરી આશા જન્માવે છે.

હોલી ફેમિલી ધર્મવિભાગ અંધેરી-મુંબઈ ભારતમાં હરિયાળો ધર્મવિભાગ(*a green Parish*) તરીકે જાણીતું છે કારણ ત્યાંના સભાપુરોહિત ફાધર વિન્સેન્ટે, વડાધર્મગુરુ ફ્રાન્સિસની શીખ માથે ચડાવી ધર્મજનોમાં પર્યાવરણ સભાનતા માટે સબળ પુરુષાર્થ કર્યો છે. પોતાના ધર્મવિભાગનાં સ્ત્રીપુરુષ અબાલવૃદ્ધ સૌમાં પર્યાવરણ અંગે જાગરુકતા પેદા કરી છે અને તેમણે સંપર્કમાં આપનાર સૌને આ દિશામાં સભાન કરવા આગ્રહ કર્યો છે, પરિણામે તેઓ પર્યાવરણ સંબંધી પડકારોથી વાકેફ બન્યા છે અને હવે 'ધરતી-આપણા સહિયારા ઘર'ની સંભાળ રાખવા આગળ આવ્યા છે, તેમજ વ્યક્તિગત તથા સામૂહિક જવાબદારી ઉપાડી રહ્યા છે. આ ક્ષેત્રમાં સામાન્ય પ્રજાજનો કરી શકે તેવાં સામાન્ય રચનાત્મક કાર્ય તેમણે ઉપાડ્યાં જેવાં કે,

o પ્રાણી તથા વનસ્પતિ જન્ય કચરો એકત્ર કરવા પીપ રાખ્યાં અને ધર્મજનોને કચરો તેમાં નાખવા વિનંતી કરી.

o ઝાડપાન ફૂલનું રક્ષણ કરવા માત્ર કૂંડામાં ઉગાડેલ છોડવાને સજાવટ માટે વાપરવાનો આગ્રહ રાખ્યો.

o પટાંગણના પ્રવેશદ્વાર આગળ જ હરિયાળા ધર્મવિભાગની લાક્ષણિકતાઓ દર્શાવી, આવનારને તે તરફ આંગળી ચીંધી છે.

o સ્વર્ગસ્થ વ્યક્તિના પાર્થિવ દેહને કૉફિનમાં દફન કરવાને બદલે માત્ર કફન વીંટાળીને જ દફનાવવામાં આવે. જેથી લાકડાનો ઉપયોગ ટાળી શકાય, વૃક્ષો બચાવી શકાય.

વડાધર્મગુરુ ફ્રાન્સિસની શીખ તથા ઈસુસંઘની પ્રૈષિતિક અગ્રિમતાઓમાં 'આપણા સહિયારા ઘરની સારસંભાળમાં સક્રિય કાર્યકર બનવાના' અનુરોધને માથે ચડાવી તેને આગળ ધપાવવા અતિ ઉત્સાહી છે. ખાસ કરીને ગરીબ અને ગરીબી રેખા નીચે જીવતા લોકો મધ્યે પર્યાવરણની માવજત અંગે તેઓ વધારે સક્રિય બની તેમનું જીવન ધોરણ ઊંચું લાવવાની નેમ છે. વર્ષો પહેલાં 'હરિયાળા ધર્મવિભાગ'નું સ્વપ્ન સાકાર કરવાના હેતુસર ભગીરથ કાર્ય કરનાર ફાધર વાઝ આ ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિ હસ્તગત કરવા ઈચ્છા ધરાવે છે. પર્યાવરણ સંરક્ષણના પડકારોને સ્થાનિક સ્તરે કામયાબ કરવાનો મનસૂબો ધરાવનાર ફાધર વાઝે ધર્મવિભાગના એક પ્રથમ પ્રૈષિતિક કાર્ય તરીકે તેને અપનાવ્યું છે. ખ્રિસ્તી પ્રજા તરીકે પર્યાવરણની જાગરુકતા અંગે અન્ય સમાજથી ઊંચેરી કાર્યસિદ્ધિ મેળવી નમૂનારૂપ બનવાની તેમની ખેવના છે.

આ પ્રમાણે આંતરધર્મીય સંવાદમાં પણ અન્ય ધર્મના લોકો સાથેના વાર્તાલાપમાં પર્યાવરણને મુખ્ય મુદ્દો બનાવી સર્વને, પર્યાવરણની માવજત કરવા જાહેર આમંત્રણ પાઠવે છે. નવેમ્બર-૨૦૧૮માં શીખ સમુદાય સાથે સંયુક્ત સેવાકાર્ય દ્વારા વંચિત વર્ગ માટે ભોજનનું આયોજન તેમણે કર્યું હતું. આ પ્રકારનાં અનેક સેવાકાર્ય દ્વારા ફાધર ધર્મ-જાતિ વચ્ચેના અંતરાય દૂર કરી સેતુ સ્થાપના માટે ઉમદા કાર્ય કરી રહ્યા છે. આપણો દેશ ૧ લી જુલાઈના રોજ વનમહોત્સવની ઉજવણી કરે છે, ત્યારે દેશવાસીઓ સાથે સ્થાનિક કક્ષાએ પર્યાવરણના જતન દ્વારા આપણો ફાળો નોંધાવીએ.●

## 'પાવન હૃદય દૂત'ને મળેલ દાન

| | | |
|---|---|---|
| ત્રિભોવન બબુભાઈ પટેલિયા | પેટલાદ | ૨૦૦ |
| કાન્તિભાઈ પી. મેકવાન | આણંદ | ૧૦૧ |
| સ્વ. પાઉલભાઈ વીરાભાઈ | ગામડી | ૧૦૦ |
| સ્વ. અજય આર. ખન્ના | - | ૨૦૦ |
| મીનાક્ષીબેન અનિલભાઈ મેકવાન | વડોદરા | ૧૦૦ |
| સ્વ. શૈલેષ અંબાલાલ મેકવાન | નડિયાદ | ૫૦૦ |
| હસમુખભાઈ શંકરલાલ કાકાડીયા | વટવા | ૫૦૦ |
| સ્વ. રાહેલબેન આલોઈસભાઈ મેકવાન | મહેમદાવાદ | ૧૦૦ |
| સ્વ. વાલમભાઈ | નડિયાદ | ૧૦૦ |
| મેકવાન રતિલાલ ગણેશભાઈ | નડિયાદ | ૧૦૦ |
| ગંગાબેન દાનિયેલભાઈ જાદવ | મંજીપુરા | ૧૦૦ |
| કિરપાબેન ટી. મહેતા | ગાંધીનગર | ૫૦૦૦ |
| સ્વ. આલ્બન ગાબ્રિયેલ મેકવાન | મુંબઈ | ૧૦૦૦ |

*અનુસંધાન પાન નં. ૧૦ પરથી ચાલુ...*

આવો, આપણે સૌ તેમને માટે તથા આપણે માટે, આપણી ધર્મસભા અને સમાજ માટે પ્રભુની પાસે આશિષો માગતાં રહીએ. પ્રમાણિકતા એ ઈસુપંથીઓનું શાનદાર ઘરેણું છે. દરેક ઈસુપંથીને એ દાન ઈશ્વરે ખૂબ ઉદારતાથી આપેલું છે. જ્યાં જીવન જીવીએ છીએ, જેને હળીએ-મળીએ છીએ, જેના સંપર્કમાં આવીએ છીએ; તેમને આપણી પ્રમાણિકતાનાં દર્શન થાય જેથી પ્રભુનો મહિમા વધે. તેમની સ્તુતિ થાય અને આપણે ઈસુના શુભસંદેશના કાર્યના ભાગીદાર બનીએ. સૌ સાથે મળી આ પ્રયાસમાં લાગી જઈએ.●



# ઉપહારનો ઉપયોગ



✍ પ્રજ્ઞેશ દેવાંશી

જીવનમાં જુદા જુદા પ્રસંગોએ, જુદી જુદી વ્યક્તિઓ પાસેથી આપણને ઘણી ભેટ મળતી રહે છે. સારા પ્રસંગોએ ભેટ આપવી-લેવી એક સુખદ વ્યવહાર છે. સુંદર, રંગબેરંગી કચકડામાં લપેટાયેલી ભેટ જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે મન આનંદિત થઈ ઊઠે છે. પણ, પ્રસંગે મળતી આવી ભેટોનો આપણા રોજિંદા જીવનમાં યોગ્ય વપરાશ કરીએ છીએ ખરાં ?

નવા ઘરના ઉદ્‌ઘાટન પ્રસંગે મળેલા કાચના પ્યાલાના સેટનું શું કરીએ છીએ ? મોટેભાગે બોક્સમાં સાચવીને બાજુમાં રાખી મૂકીએ છીએ. 'ઘરે કોઈ મહેમાન આવે ત્યારે પાણી કે ઠંડુ આપવા માટે.' હે ભાઈ... આ ઉપહાર, આપણા માટે આપવામાં આવ્યા છે. આપણા ઘેર આવનારા મહેમાન માટે નહિ ! ઘણીવાર તો આવા પ્રસંગોચિત્ત મળેલા ઉપહાર બીજા કોઈ પ્રસંગમાં નવેસરથી પેક કરાવીને પધરાવી દેતાં પણ અચકાતા નથી. ઘણા ઉપહાર તો એવા હોય છે કે તેના બોક્સમાંથી ક્વચિત જ બહાર આવે છે, નહિતર મોટેભાગે તો શોકેસના કાચની અંદરની બાજુએ જ સલામત પડી રહેતા હોય છે !

એક રીતે જોવા જઈએ તો આપણું જીવન પણ ઘણા અર્થમાં આ શોકેસ જેવું જ બનાવી દીધું છે ને આપણે ! શોકેસના કાચની પાછળ આવા ઘણા ઉપહાર છુપાયેલા છે, બોક્સમાં બંધ ! આપણી અંદર છુપાયેલા આવા ઘણા ઉપહારને આપણે માત્ર શોભાના ગાંઠિયા જેવા બનાવી દીધા છે, જે માત્ર સુંદરતા વધારવા સિવાય અન્ય કોઈ હેતુ માટે બિનઉપયોગી નીવડે છે. સાવ યુઝલેસ... બિન ઉપયોગી.

'હેતુ' એ એક મહત્ત્વનો શબ્દ છે અહીં. દરેકને પ્રાપ્ત થયેલી આવી ભેટનો કોઈને કોઈ હેતુ હોય છે. ભેટ આપનાર જે હેતુથી ભેટ આપે છે તે આપણા સુધી ન પહોંચતો હોય એવું પણ બની શકે કદાચ... પણ જો એમ બને તો પોતાની સ્વતંત્ર બુદ્ધિથી આપણે જાતે કોઈ હેતુ નક્કી કરી શકીએ ને ? અને એ હેતુ એવો રાખવો કે જે આપણને ઉપયોગી બને. ઘરમાં સુંદર મજાના કાચના ગ્લાસ બોક્સબંધ પડ્યા હોય અને છતાં આપણે રોજેરોજ સ્ટીલના પ્યાલામાં પાણી પીધે રાખીએ એના કરતાં એ કાચના ગ્લાસને જ રોજબરોજ વાપરવાનું રાખીએ તો ?

રાબેતામુજબ કાચ વાપરીએ તો જલદી ફૂટી ન જાય ! એવી દલીલને અહીં કોઈ અવકાશ નથી. કેમકે, વહેલો કે મોડો ગ્લાસ ફૂટવાનો તો છે જ. અને કોઈ મહેમાનો આવ્યા હોય તેમના હાથમાંથી ગ્લાસ સરકી નહિ જાય એવી કોઈ ખાતરી છે ? આમેય જેનું નિર્માણ છે તેનો વિનાશ તો છે જ. આપણું જીવન પણ ક્યાં શાશ્વત છે ? એટલે કંઈ મરવાની બીકે જીવન છોડી દઈએ છીએ ? આમ જુઓ તો જીવન સાથે પણ આપણે જાણે-અજાણે અન્યાય તો કરીએ જ છીએ. માત્ર શ્વાસની સતત ગતિને જ તમે જીવન માનતા હશો તો કદાચ આ નહિ સમજાય. પણ જીવન એ માત્ર શ્વાસોચ્છ્વાસની વણથંભી ગતિથી વિશેષ છે. સાથોસાથ હૃદયનું ધડકવું પણ જરૂરી છે, દોસ્ત !

આપણે શ્વાસ તો લેતા રહીએ છીએ, પણ આ દિલની ગતિને કાબૂમાં રાખી શકીએ છીએ ખરા ? આકરાં નિયંત્રણો કહી શકાય એ હદે કાબૂ. ડિટ્ટો... પેલા શોકેસમાં સંતાયેલા, બોક્સબંધ કાચના ગ્લાસ જેવું. તો પ્રભુની આ સૌથી મોટી ભેટ એટલે કે હૃદયનો પણ ઉપયોગ કરો ને ! ક્યાં સુધી આમ દબાવી દબાવીને રાખશો ? દિલથી જીવનારો માણસ જ જીવન ભરપૂર જીવી શકે છે અને એકવાર આમ ભરપૂર જીવવાનું ચાલુ કરીશું ને તો ખબર પડશે કે કેટકેટલી ભેટ આ જીવન દ્વારા આપણને આપવામાં આવી છે. એ તમામ ભેટ થનગની રહી છે પોતાના યોગ્ય વપરાશ માટે. સીલબંધ બોક્સમાંથી બહાર આવીને આપણા જીવનને આનંદથી ભરી દેવા. અને આપણે તો યાર... એને સંતાડીને બેઠાં છીએ, શોકેસના કાચ પાછળ.

તમને આ બધું ક્યાં કહેવા બેઠો ? હુંય આમાંથી ક્યાં બાકાત છું ? ઘણા સમયથી આ પેન ગિફ્ટમાં મળી હતી. બોક્સમાં પડી રહી હતી. લો... આજે આ બોક્સ ખોલ્યું (હકીકતમાં તો પેનના બોક્સની સાથે બીજું એકાદ બોક્સ પણ ખૂલ્યું. ખરી ગીફ્ટ તો એમાં જ હતી !)

આશા રાખું કે તમેય ગિફ્ટનાં બોક્સ ખોલવા માંડશો !●

*સ્ટેટેસ્ટિક આસિસ્ટન્ટ, સચિવાલય-ગાંધીનગર, મો. ૮૧૨૮૦ ૫૪૨૦૫*

**ત્રિ-ગ્રંથો પ્રગટ થઈ ગયા છે**

આપણા કેથોલિક નવયુવાન લેખકશ્રી રાજેશ ડાભી રચિત ગ્રંથો

૧. **'મોટેરાંની મોટાઈ'** : વડીલોની વૃદ્ધાવસ્થા પર વિશ્વનો પ્રથમ ગ્રંથ, પ્રેરણાત્મક નિબંધો

૨. **'આપણા લોક ઉત્સવો'** : ભારત, ગુજરાત, વિશ્વ, તમામ અવસરોનો મર્મ શાળા, કોલેજ અને તાંબા માટે બહુઉપયોગી સંદર્ભગ્રંથ

૩. **'અનેરા અવસરો'** : ધર્મસભાના તમામ અવસરોની માહિતી

કિંમત : ૧૩૦૦+૫૦ પોસ્ટનો ખર્ચ + ડિસ્કાઉન્ટ સાથે રૂા. ૧૨૫૦માં મળશે

**મો. ૮૪૬૦૭ ૫૭૭૯૪, પ્રાપ્તિ સ્થાનઃ આણંદ પ્રેસ**



**અભિનંદન અને શુભેચ્છા**

ડૉટર્સ ઓફ મેરી, હેલ્પ ઓફ ક્રિશ્ચિયન સાધ્વીસંઘમાં **સિસ્ટર જેનીફર મેકવાન F.M.A.** એ, ૨૪ મે ૨૦૧૯ના રોજ સેક્રેટ હાર્ટ નોવિશિયેટ- નાસિક ખાતે પ્રથમ વ્રત ધારણ કર્યાં છે. હાલમાં તેઓશ્રીની નિમણૂંક ગોઆ ખાતે થઈ છે. સિસ્ટર જેનીફરને અભિનંદન અને સર્વોત્તમ સેવાકાર્ય માટે શુભેચ્છા.

ઈન્દિરાબેન મેકવાન -દાદી



# પ્રતિભાનો પ્રાણવાયુ

✍ ડૉ. પ્રીતિ રાઠોડ




આપણી આસપાસ જીવંત દુનિયા છે. આ દુનિયામાં ઈશ્વરે જીવ પૂરી સહુને જીવતા તો કરી દીધા પણ આ દરેક જીવને ઉન્નત જીવન જીવવા વધુ પ્રાણવાયુની જરૂર પડે. આ પ્રાણવાયુ પ્રોત્સાહન સ્વરૂપે પૂરો પાડી શકાય. શુભેચ્છા અને પ્રોત્સાહનના બે શબ્દો કોઈના પણ જીવનને સુખથી ભરી દે છે, આશાનો સંચાર બની જાય છે.

શાળાની સ્થાનિક નૃત્ય સ્પર્ધામાં 'નાચ મયુરી'નું નૃત્ય કરનાર દીકરી નેહાનો પ્રથમ જ પ્રયાસ હતો. ફિલ્મી ડાન્સ જોઈ ભરત નાટ્યમ્ કર્યું.તેની ભૂલો અવગણી તેના પ્રયાસને બિરદાવ્યો. જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ટ્રેનર પાસે જઈ વધુ તાલીમ લઈ ભાગ લીધો અને વિજયી બની. તેના ઉત્સાહને વધારવા અમે તેનું સન્માન કર્યું. રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે તે વિજયી બની. આજે નેહા સરકારી કાર્યક્રમોની આયોજક છે અને પોતાની સંસ્થા દ્વારા અનેકને પ્રોત્સાહિત કરે છે.

પ્રથમ વખત ભરતનાટ્યમ્‌ની સ્પર્ધામાં ફિલ્મી નૃત્ય કરનાર નેહાને પ્રશંસાના શબ્દો મળતા જ તેણે ભૂલ સુધારી ભરતનાટ્યમ્ ક્ષેત્રે પ્રગતિની હરણફાળ ભરી જેને કારણે તે છેવાડાના ખંભાતમાંથી રાષ્ટ્રીય ફલકે વિસ્તરી. આપણી આસપાસ આપણે ચેતના જગાડનાર તત્વો છીએ. કોઈ જ ખર્ચ વિના આપણે અનેકને નવી દિશા આપી શકીએ છીએ. બીજું એક દૃષ્ટાંત જોઈએ.

૧૯ મી સદીની આ વાત છે. પ્રખ્યાત ચિત્રકાર દાંતે ગ્રેબિયલ રાઝોટીને એક આધેડવયનો ચિત્રકાર મળવા માટે આવ્યો હતો. ચિત્રકાર પોતાની સાથે કેટલાક ચિત્રો લાવ્યો હતો. દાંતેને આ ચિત્રો બતાવીને કહ્યું, 'મહાશય, મેં ખૂબ મહેનત કરીને આ ચિત્રો તૈયાર કર્યા છે. આપ આ ક્ષેત્રના શહેનશાહ છો એટલે મારા ચિત્રો માટે આપનો અભિપ્રાય લેવા માટે આવ્યો છું.'

દાંતેએ ધ્યાનથી ચિત્રો જોયા પછી ચિત્રો પેલા આધેડના હાથમાં પરત આપતાં કહ્યું, 'આપે, ચિત્રો તૈયાર કરવાનો પ્રયાસ કર્યો છે પણ મારે દુઃખ સાથે કહેવુ પડે છે કે બધા જ ચિત્રો સાવ સામાન્ય છે એમાં કોઇ વિશેષતા જોવા મળતી નથી.' આધેડ માણસે થોડા દુઃખ સાથે દાંતેના હાથમાંથી ચિત્રો લઇ લીધાં. પોતાની પાસેના થેલામાંથી એક ફાઇલ કાઢી અને એ દાંતેના હાથમાં આપતાં કહ્યું, 'આ એક યુવાને તૈયાર કરેલાં ચિત્રો છે જરા આપ આ જોઇને આપનો અભિપ્રાય આપો.'

ફાઈલનું એક એક પાનું ફરતું ગયું તેમ દાંતેના ચહેરા પરની પ્રસન્નતા પણ વધતી ગઈ. ફાઇલમાં રહેલાં બધાં જ ચિત્રો દાંતેએ બીજી વખત જોયા. આધેડની સામે જોઇને કહ્યું, 'ભાઈ, આ ચિત્રો તો અદભૂત છે. કલાકારે પોતાનો જીવ નીચોવી દીધો છે આ ચિત્રો તૈયાર કરવામાં. જો આ ચિત્રકારને થોડી તાલીમ આપવામાં આવે તો એ મારા કરતા પણ વધુ સારો ચિત્રકાર બની શકે એમ છે. આ ચિત્રો દોરનાર યુવાન છે કોણ? તમારો દીકરો ?' આધેડ માણસે આંખમાં આંસુ સાથે કહ્યું, 'આ ચિત્રો દોરનાર યુવાન હું જ છું. આજથી ૩૦ વર્ષ પહેલા મેં આ ચિત્રો બનાવેલાં હતાં. પરંતુ આજે આપે જે રીતે મારા ચિત્રોની પ્રશંસા કરીને મને પ્રોત્સાહન પૂરુ પાડ્યું એવું કોઇએ ૩૦ વર્ષ પહેલાં કર્યું હોત તો આજે હું પણ આપના જેવો ચિત્રકાર હોત!' જ્યારે કોઇનું સારુ કામ જોઇએ ત્યારે દિલથી એની પ્રશંસા કરવી. આપણી સામાન્ય પ્રશંસા એ વ્યક્તિના માટે પ્રોત્સાહનનું કામ કરે છે. બીજા કોઇ માટે ના કરીએ તો કંઇ વાંધો નહી પણ પરિવારના સભ્યો અને મિત્રોના સારા કામની પ્રશંસા કરીને એની પીઠ થાબડવાનું ના ભૂલતા. પ્રોત્સાહનના અભાવે જ ઘણી પ્રતિભાઓ મુરઝાઇ જાય છે!'●

આચાર્યા, સરદાર વલ્લભભાઇ પટેલ, સ્ત્રી અધ્યાપન મંદિર, નડિયાદ

## 'દૂત'ની નીતિવિષયક સ્પષ્ટતા
## ગ્રાહકોને... કવિ/લેખકોને...વિજ્ઞાપન દાતાઓને...

૧. 'દૂત'માં પ્રસિદ્ધ થતી જાહેરાત કેથોલિક ધર્મસભાના સિદ્ધાંતો અને મૂલ્યોને સુસંગત હોવી જોઇએ.
૨. 'દૂત'માં આવતી તમામ જાહેરાતોની વિચારસરણી સાથે 'દૂત' બંધાયેલ નથી.
૩. 'દૂત'માં પ્રગટ થતી જાહેરાતની સત્યતાની ખાતરી ગ્રાહકે કરવાની રહેશે. ખાતરી બાબતે 'દૂત' જવાબદાર રહેશે નહિ.
૪. 'દૂત'માં પ્રગટ થતા વિચારો કે અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
૫. કાર્યાલયને મોકલેલ લેખની નકલ/ફોટો લેખકે પોતાની પાસે રાખવી, મળેલ નકલ પરત કરવા કાર્યાલય બંધાયેલ નથી.
૬. લેખના સુધારા-વધારાનો અબાધિત અધિકાર તંત્રીશ્રીનો રહેશે જેની નોંધ લેવી.
૭. અન્યત્ર પ્રકાશિત થયેલ સામગ્રી-લેખ 'દૂત'માં પ્રકાશિત કરવામાં આવશે નહીં. લેખકે તે અંગેની બાંહેધરી આપવાની રહેશે.
૮. અસ્વીકૃત લેખ/કાવ્ય/સમાચાર અંગે પત્રવ્યવહાર અશક્ય છે.
૯. ધર્મસભામાં નોંધપાત્ર પ્રદાન ધરાવનાર વ્યક્તિઓ વિશેષ જ 'દૂત'માં શ્રદ્ધાંજલિ લેખ પ્રસિદ્ધ કરવામાં આવશે.
૧૦. કવિ/લેખક/વિજ્ઞાપન દાતાઓએ પોતાની કૃતિ/જાહેરાત સાથે પોતાનું પૂરું નામ-સરનામું, મોબાઇલ/વોટ્સએપ નંબર તથા ઈ-મેઈલ આઈ.ડી. અવશ્ય આપવાં. કવિ/લેખકોએ પોતાનો પાસપોર્ટ સાઇઝનો ફોટો પણ આપવો.
૧૧. ન્યાયિક હકૂમત (Jurisdiction) આણંદ જિલ્લો રહેશે.



# ‘પહેલાં વિશ્વાસ કરો...’



✍ મૂળ લેખક : ફાધર એમ. એ. જૉ એન્થોની એસ.જે.

ભાવાનુવાદ : જેનેટ જે. ફાર્મર, ગાંધીનગર

પોતાના વિદ્યાર્થીકાળના આચાર્ય ફાધર રેક્ષને, થોમસ શેખર મળવા ગયો. જોકે શેખરનો ફાધર આદર કરતા હતા અને ફાધર તેને પ્રિય પણ હતા. અત્યાર સુધી તેમના કહેવા પ્રમાણે પાલન કર્યું હતું, એટલે જ તેમને મળવાનું મનોમન નક્કી કર્યું.

ફાધર રેક્ષે હંમેશની જેમ ઉદાર સ્મિત કર્યું અને બેઠક લેવા કહ્યું. ‘ટોમ, લાંબા સમય પછી તને મળવાનો આનંદ થયો. બોલ, કેમ આવવું થયું ! બધું હેમખેમ તો ખરૂને ?’ શેખરે કહ્યું, ‘ફાધર જુઓને, લોયોલા કોલેજમાંથી ગ્રેજ્યુએટ થયા પછી મેં એમ.બી.એ. કર્યું. સદ્ભાગ્યે અભ્યાસ પૂરો થતાં જ કેમ્પસ ઈન્ટરવ્યુમાં મને એક સારી નોકરીની ઓફર મળી, નોકરીને કારણે હું બેંગ્લોર ગયો. કંપની સારી હતી, પગાર પણ આકર્ષક હતો એટલે અઠવાડિયાના અંતે શનિ-રવિ હું ચેન્નાઈ જતો હતો. મારાં માબાપ ખુશ હતાં અને હવે તેમણે મારા માટે સારી કન્યાની શોધ આરંભી, મેં પણ તેમની વાતનો સ્વીકાર કર્યો અને છેવટે ઉચ્ચ શિક્ષિત કન્યા માટે મેં હા ભણી-અમારી મુલાકાતો-ઓળખાણ અને અંતે સગાઈ થઈ અને ત્યાં જ ભયંકર વીજ કડાકો થયો.કોઈ કારણસર કંપનીને તાળાં વાગી ગયાં. રાતોરાત હું બેરોજગાર બની ગયો.’ ‘બીજે ઠેકાણે નોકરી માટે પ્રયત્ન કર્યો ખરો ?’ ફાધરે પૂછ્યું.

‘હા, યુદ્ધના ધોરણે મેં તલાશ શરૂ કરી પણ મહિનાઓ વીતી ગયા, કંઈ પરિણામ આવ્યું નહીં ! સમાચાર વાયુવેગે ફેલાઈ ગયા. પેલી યુવતીના ફૉનકોલ્સમાં અચાનક ઓટ આવી અને એકાદ મહિના બાદ સગાઈના તૂટવાના સમાચાર મને મળ્યા.’ ‘ભારે થઈ...હવે !’ ‘હું વધારે ને વધારે નાહિંમત બનતો ગયો. ગામના બીજા કામધંધા વગરના યુવાનો સાથે મેં શરાબ પીવાનું શરૂ કર્યું. હતાશાના કાદવમાં ગરકાવ થતો ગયો, અરે મેં દેવળમાં જવાનું બંધ કર્યું. પ્રભુની ભલાઈ સામે મને પ્રશ્ન થવા લાગ્યા. મારાં માબાપ અને ભાઈભાંડુ મારી આ સ્થિતિમાં ચિંતાગ્રસ્ત બની ગયાં, પણ ભગવાન પરનો ભરોસો છોડ્યો ન હતો. તેઓ પ્રાર્થના કરતાં રહ્યાં. મને નોકરી મળે તે હેતુસર પરિવારજનોએ વેલાંકિની જવાનું નક્કી કર્યું, પણ મેં ધરાર ઈન્કાર કર્યો. જો મને નોકરી મળે તો જ હું આવું...!!’ ‘એટલે તું વેલાંકિની ન જ ગયો ?’ ‘ના હું એકલો જ ઘેર રહ્યો. જ્યારે તેઓ પાછાં ફર્યા ત્યારે ‘મને થોડા સમયમાં જ નોકરી મળશે એવી હૈયાધારણ ત્યાંના ફાધરે આપી છે’ એવા સમાચાર ઘરવાળાંએ મને આપ્યા. પરંતુ મેં તેમની વાતને હસી કાઢી. મેં કહ્યું, મારા હાથમાં જોબ લેટર આવ્યા વિના હું કેવી રીતે માનું ? તમારે શું કહેવું છે ફાધર ?’ વિચારમગ્ન ફાધરે થોડીવાર પછી મૌન તોડ્યું, ‘મારા કરતાં વધારે પરિચિત હોય તેવા અન્ય વ્યક્તિને તારે મળવું જોઈએ, જે પવિત્ર હોય, પ્રભુમાં હોય.’ ‘પણ હું તમારા સિવાય બીજા કોઈ પુરોહિતને ઓળખતો નથી, ફાધર !’

‘તેઓ પુરોહિત નથી, સંત છે, તારા રક્ષકસંત સેન્ટ થોમસ છે.’ તું ચેન્નાઈમાં જ રહે છે એટલે તેમના શહાદત અને સમાધિ સ્થળ વિશે જાણે છે. આ પવિત્ર સ્થાનકોની યાત્રા કર. પ્રાર્થના કર. તારું આમ કરવું યોગ્ય છે કે નહીં તે સંતને જ પૂછી લે !’ પોતાના માર્ગદર્શક અને મિત્રની સલાહ આગળ તેણે માથું ઝૂકાવ્યું. અઠવાડિયાના અંતે આ બન્ને તીર્થધામની યાત્રાએ ગયો. કલાકો ગાળી, પ્રાર્થના કરી. એ રાત્રે તેને એક સ્વપ્ન આવ્યું જેમાં સંત થોમસે તેનીસાથે વાત કરી : ‘તમે જાણો છો એ રાત્રે શું થયું !’ ગયા રવિવારે મારે જ્યાં હોવું જોઈએ ત્યાં હું ન હતો. અન્ય શિષ્યો સાથે હું પણ ત્યાં હાજર રહ્યો હોત... પણ હું ત્યાં ન હતો. એટલે જ્યારે પ્રભુએ ત્યાં દર્શન આપ્યાં ત્યારે હું હાજર ન હતો. મને લાગે છે કે તેં એ જ ભૂલ કરી છે. જ્યારે તારાં પરિવારજનો વેલાંકિની ગયાં ત્યારે તારે પણ ત્યાં જવાનું હતું. જ્યારે તેમણે પુરોહિતને તારા વિશે વાત કરી ત્યારે તારે ત્યાં હાજર રહેવું જોઈતું હતું. પરિવાર, સમાજ, ધર્મસભા... વગેરેનું તું અંગ છે, જેમાંથી અલિપ્ત રહેવાનું તને પાલવે એમ નથી. જો તું બાકાત રહીશ તો ઉપસ્થિત લોકોએ જે લાભ મેળવ્યો તેનાથી તું વંચિત રહેવા પામીશ.’ ‘હાથ અને પડખાના જખમનું પારખું કરવા તમે માગણી કરી હતી.’ ‘હા, તે માગણી અવિચારી અને મૂર્ખામી હતી ! હું ઉદ્ધત હતો. મારા અજ્ઞાન અને બુદ્ધિહીન માગણીને બાજુ પર રાખી તેમણે અપાર પ્રેમ દર્શાવ્યો, મારા પર ઉપકાર કર્યો. હું તેમના પગે પડ્યો અને બોલી ઊઠ્યો ‘ઓ મારા પ્રભુ અને મારા પરમેશ્વર !’ તેમણે કહ્યું, ‘મને જોયો છે એટલે તને શ્રદ્ધા બેઠી છે. મને જોયા વગર પણ જેઓ શ્રદ્ધા રાખે છે તેઓ પરમસુખી છે.’

આમ કરવા બદલ તેમણે મને અભિનંદન આપ્યાં ન હતાં. મેં અવિશ્વાસ કર્યો, વિશ્વાસ કરવા શરત મૂકી હતી. તે બદલ તેઓ સ્પષ્ટ રીતે દુઃખી થયા હતા. એટલે મારી જેમ અવિશ્વાસ કરવાનું તારા માટે વાજબી છે ખરું ? તારે ભરોસો રાખી, શરણે જવું જરૂરી છે, ત્યાર પછી તેઓ દર્શન આપશે અને તારી માંગણી ગ્રાહ્ય રાખશે.’

થોમસ શેખર જાગ્યો, ઘુંટણિયે પડ્યો, હાથ ઊંચા કર્યા, આંસુભરી આંખે મોટેથી બોલ્યો : ‘મારા, પ્રભુ અને મારા પરમેશ્વર.’ બે દિવસ બાદ, બપોરના ભોજન પછી તે પોતાની ઓરડીમાં હતો, ત્યારે તેના પિતાજી લગભગ દોડતા આવ્યા, તેમના હાથમાં પત્ર હતો. ‘ટોમ, તને નોકરી મળી ગઈ છે. લે આ કાગળ વાંચ. ગયા અઠવાડિયે તેં ઈન્ટરવ્યુ આપ્યું હતું તે કંપનીનો આ કાગળ છે !’

કેટલીક કંપનીઓ પોતાની ચીજવસ્તુઓની જાહેરાતમાં જોરશોરથી કહે છે : ‘પહેલાં ઉપયોગ કરો, પછી વિશ્વાસ કરો.’ પણ ઈસુના કાળથી આજદિન સુધી ખ્રિસ્તીઓ પહેલાં વિશ્વાસ કરવાનું જ શીખ્યા છે.’●



ટૂંકી વાર્તા

# વહેણ

✍ ઈન્દુ રાવ



ખળખળ વહી રહેતી સ્પાર્ન નદી અને એના તટ પરના આલિશાન બંગલાઓ, એપાર્ટમેન્ટ્સ અને નાનકડા વીલાઓની સાથે પાસેથી સરસરાટ સરી જતી સાઈકલો અને પાણીમાં સરસર વહી જતી બોટ્સ તથા તરતા-ઊડતા ધોળાધોળા બગલા-બતકોને આનંદપૂર્વક જોતી-જોતી ચાલીને થાકેલી સારસી કિનારા પરની એક બેંચ પર બેસીને નદીના અવિરત વહેતા વહેણને તાકી રહી હતી. ત્યાં અચાનક પાણીમાં પથ્થર પડ્યોને પાણીમાં વલયો રમવા લાગ્યાં.

આજે સારસીના મનમાં વિચારોના પૂરનું ઘમસાણ મચી ઊઠ્યું'તું. તે પોતાના ત્રીસ પાંત્રીસ વર્ષ પાછળના ભૂતકાળમાં સરી પડી. સંકેત તેનો નાનકડો ભાઈ. જે અનેક બાધા-આખડીઓ રાખ્યા પછી જન્મેલો ! ઘરમાં સૌનો લાડકવાયો, તેનાથી ચારેક વર્ષ નાનો ! મમ્મી કહેતી, 'જ્યારે તે દોઢ-બે વર્ષનો હતો ત્યારે મગજ પર એટલો બધો તાવ ચઢી ગયેલો કે એમાં એની એવી ખેંચ આવી ગઈ કે એક પગે પોલિયો થઈ ગયો. તારા પપ્પા અને હું એને સાજો કરવા કેટકેટલાં દવાખાનાંઓ ફર્યા. વળી એની સાથે કેટલીયે માનતાઓ-જાત્રાઓ કરી. એનું નસીબ એટલું સારું કે તે લંગડાતો ચાલવા લાગ્યો.'

... ને તે ભાઈ... સારસીને ભાઈનું નામ હોઠ પર આવતાં એનું મોઢું અતિ કડવાશથી ભરાઈ ગયું. નદીના વહેતા પાણીની સાથે એના વિચારો ચાલતા રહ્યા. અમને બંનેને પપ્પા-મમ્મીએ શહેરની સારી સ્કૂલમાં ભણવા મૂક્યાં પરંતુ નાના ભાઈની જવાબદારી મારી શિરે, હું મોટી હતી ને ! ભાઈનું દફતર ઊંચકવું, એને ક્લાસમાં જઈને બેસાડવો, એટલું જ નહીં સાથે સ્કૂલનું ઘરકામ કરવા બેસાડવો... બધું જ ! હું ભાઈનું બધું જ કામ હોંશે હોંશે કરતી. નાનાભાઈ પર મને અસીમ પ્રેમ. હું ભણવામાં ખૂબ તેજસ્વી હતી. સંકેત માટે ભણતર એનું દુશ્મન ! સંકેતની મોટી બેન તરીકે એના દરેક ટીચરની ફરિયાદોનો જવાબ મારે આપવો પડતો. પપ્પા વારંવાર ભાઈને નરમાશથી કહેતા, 'દીકરા તારી દીદી પાસે શાંતિથી ધ્યાનપૂર્વક ભણીશ તો તું ય એના જેવું સરસ રિઝલ્ટ લાવી શકીશ.' મમ્મી ભાઈને ખોટું ન લાગે એ રીતે સમજાવતી રહેતી હતી.

અમારા સુખી કુટુંબમાં એક અમંગળ દિને અચાનક અમારા માથે આભ તૂટી પડ્યું. પપ્પાને ચાલુ ઓફિસે હાર્ટએટેક આવ્યો ને અમારા ઘરમાં એકદમ અંધકાર છવાઈ ગયો. તે દિવસ હું કેવી રીતે ભૂલી શકું ? મારી મમ્મી એકદમ સ્તબ્ધ, અવાચક સૂનમૂન બની ગઈ હતી. મારી નાની સંકેતને મમ્મી પાસે લઈ ગઈ. મમ્મી એને જોતાવેંત આક્રંદ કરતી, મોટે મોટેથી ચીસો પાડતી રડવા માંડી ત્યારે હું પંદર વર્ષની, મમ્મીનો હાથ પકડીને બોલી હતી. 'મમ્મી, હું અને ભાઈ તારી પાસે છીએ ને !' ભૂતકાળને યાદ કરતી સારસી રડી પડી ને સ્વગત બોલી, 'મમ્મી મને માફ કરજે. મારે તારી સાથે જ રહેવું-જીવવું હતું. સંકેતે તારું જીવવું દુષ્કર બનાવી દીધું છે. મમ્મી હું તારી ભૂલ નથી કાઢતી પણ તેં તારા દીકરાને વધુ લાડકોડમાં ઊછેર્યો. એમાં મારોય સાથ ખરો. એની અપંગતાને લાચારી સમજી આપણે એને બિચારો બનાવી રાખ્યો. એનો પડ્યો બોલ ઝીલ્યો, પપ્પાની બચત, એની મોજ-મસ્તી-ખુશી માટે પાણીની જેમ ખરચી કાઢી. તેણે ખરાબ સંગતમાં ભણતર છોડી દીધું તે ય આપણે ચલાવી લીધું. મારો મા જણ્યો ભાઈ જેને હું મારા જીવ કરતાંય વધારે પ્રેમ કરતી હતી. તે નાનપણથી મારી ઈર્ષ્યા કરતા હતો એની જાણ મને ખૂબ મોડી થઈ તે ય મમ્મી તારા દ્વારા !'

મમ્મી, હું મોટી હતી એટલે જ તને દુઃખ ન પડે એ માટે કહેતી રહી કે, 'તું સંકેતને વધુ પડતી છૂટછાટ, સ્વતંત્રતા ન આપ. પરંતુ તને 'ભાઈ કશું કરી દેશે' એને ગુમાવવાનો હંમેશા ડર રહેતો એટલે તેં એની મનમાનીને પોષી. આજે એ જ લાડકવાયા દીકરાની હાજરીમાં તું હિજરાઈ રહી છે. જીવતે જીવ મરી રહી છે. ગુલામ બનીને જીવી રહી છે. આ તે કેવું બંધન ? તું તારી ઈચ્છા હોવા છતાં મારી સાથે એની હાજરીમાં મુક્તપણે, ખુલ્લા દિલે વાત નથી કરી શકતી. મારો ફોન એ કટ કરી દે તોય તું મૂંગી મૂંગી એની સામે જોઈ રહેતી હશે ખરું ને ? ભલે તું કાંઈ ન કહે પણ તારું મૌન મારા અંતરને પીડા આપે છે.'

***

સારસીને નેધરલેન્ડ્સ આવ્યે વર્ષ થવા આવ્યું'તું. એના પતિ સાગરને એક ડચ કંપનીએ બે વર્ષ માટે વર્ક વીઝા પર બોલાવ્યો હતો. સારસી એની દસ વર્ષની દીકરી પ્રેમા સાથે અહીં આવી હતી. પરંતુ એનું મન એની મમ્મી પાસે મૂકીને આવી હતી. દિવસ-રાત એને મમ્મીની ચિંતા સતાવ્યા કરતી હતી. મમ્મી ફોન પર કહેતી, 'દીકરા, સાચું કહું. સંકેત ઘરમાં ન હોય ત્યારે જ મારાથી તારી જોડે વાત થઈ શકે છે. પણ તું મારી ચિંતા ન કરતી, તું શાંતિમાં રહેજે. તારા ભાઈ વિશે બહુ ન વિચારતી. ત્યારે સારસી માને ઠાલું આશ્વાસન આપતાં કહેતી : મમ્મી, કાંઈ નહીં, ભાઈને એક દિવસ સારા-ખોટાનું ભાન જરૂર થશે. ભગવાન એને સદ્‌બુદ્ધિ આપશે.'

સારસીએ મોબાઈલમાં જોયું. એની દીકરી પ્રેમાને સ્કૂલેથી લઈ આવવાનો સમય થવા આવ્યો'તો. એ ઊભી થઈ. ફરી સ્પાર્નનાં વહેતાં પાણીને ઉદ્દેશીને બોલી, 'સાચે જ આ ભૂમિ પર આવીને હું ધન્ય બની ગઈ છું. મારી દીકરીને અહીંની સ્કૂલમાં ભણવું ગમે છે. જ્યાં દીકરા-દીકરીનો એક સમાન ઉછેર થાય છે. એટલું જ નહીં ધર્મ કે ઊંચ-નીચના ભેદભાવ વગર શિક્ષકો પ્રેમપૂર્વક પ્રેક્ટિકલ-રિસર્ચ વર્ક દ્વારા શિક્ષણ આપીને નવું નવું શીખવાડે છે.

અનુસંધાન પાન નં. ૨૬ ઉપર જુઓ...



# ફાધર અરૂપે

✍ મૂ. લે.: ફાધર અમલાદોસ એસ.જે.,

અનુ.: બકુલ મેકવાન



તાજેતરમાં રોમ ખાતે પેદ્રો અરૂપેને (૧૯૦૭-૧૯૯૧) સંતોની શ્રેણીમાં મૂકવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. તેઓના પ્રેરણાદાયી જીવન અને કાર્યનું સ્મરણ કરવાનો આ અવસર છે. બીજી વેટીકન પરિષદ પછી ઈસુસંઘના નવનિર્માણ માટે તેઓને શ્રેય આપવામાં આવ્યું છે. તેઓ સ્વપ્નશીલ આગેવાન અને કાર્યક્ષમ વહીવટકર્તા હતા. તેઓ એક નમૂનેદાર ઈસુસંઘી અને સંત ઈગ્નાસના વિશ્વાસુ દીકરા હતા. તદુપરાંત, તેઓ સંત સરીખા માણસ અને ગૂઢ રહસ્યવાદી હતા. ૧૯૯૧માં તેઓએ જીન-ક્લાઉડે ડાએટસ્ચ એસ.જે. (એક ઈસુસંઘીની આધ્યાત્મિક સફર)ને ચરિત્રલેખન માટે શ્રેણીબદ્ધ મુલાકાતો આપી હતી. આ રૂબરૂ મુલાકાતોની નિષ્કર્ષરૂપ અભિવ્યક્તિમાં તેઓએ લખ્યું હતું, 'મારું જીવન એક વાક્યમાં લખાયું છે તેવી મારી માન્યતા છે.' 'એ ઈશ્વરની ઈચ્છા મુજબ ખીલ્યું છે.' 'તારી ઈચ્છા પૂર્ણ થાઓ'માં (માથ્થી : ૨૬:૪૨) આ જીવનનો સારાંશ પ્રગટ્યો છે. (પૃષ્ઠ ૧૦૧) જનરલના હોદ્દા પરથી રાજીનામું આપ્યા પછી ઈસુસંઘીઓને આપેલા સંદેશામાં તેઓએ કહ્યું હતું, 'અગાઉ કરતાં પણ વધારે હવે હું મારી જાતને ઈશ્વરના હાથોમાં જોઉં છું. મારી યુવાવસ્થાથી લઈને સમગ્ર જીવન દરમિયાન મારે જેની ઝંખના હતી તે આ બાબતની હતી અને મને હજુ પણ આ વાતની ઝંખના છે. પણ હવે એક તફાવત છે : 'પહેલ કરવી સંપૂર્ણપણે ઈશ્વરના પક્ષે છે.'

કેવિન બર્કે તેઓને 'ઉઘાડી આંખે નિહાળતા રહસ્યવાદી' કહ્યા છે. તેઓ જે. બી. મેટ્ઝનો સંદર્ભ ટાંકતાં કહે છે, 'અંતિમ સમયમાં ઈસુએ બંધ આંખોમાં પનપતા ગૂઢ રહસ્યવાદનું શિક્ષણ આપ્યું નહોતું, પરંતુ સમજ પ્રાપ્ત કરવાની વધતી ઉત્સુકતા સહિતના ઈશ્વર અંગેના ઉઘાડી આંખોના રહસ્યવાદની સમજ આપી હતી, જેમાં ઓછું નહિ પણ વધારે નિહાળવાનું સામર્થ્ય છે. 'આ એક એવું ગૂઢ રહસ્ય છે, જે ખાસ કરીને તમામ અદૃશ્ય અને અડચણરૂપ વ્યથાઓને દૃશ્યમાન બનાવે છે, અને સગવડરૂપ હોય કે ના હોય પણ તેના પ્રત્યે ધ્યાન આપે છે અને માનવજાતના મિત્ર એવા ઈશ્વરને ખાતર તેની જવાબદારી સ્વીકારે છે.' (પેદ્રો અરૂપે, મહત્ત્વનાં લખાણો, પૃષ્ઠ-૩૩) જીવનના અંત આધારિત આ કોઈ પ્રકૃતિદત્ત રહસ્યવાદ નથી. જીવન અને તેની વ્યથાઓમાં આ બાબત ઓતપ્રોત થઈ ચૂકી છે, પરંતુ તેના માટે જવાબદાર હોવાની અનુભૂતિ કરે છે. અરૂપે પૂજ્ય હૃદય અને પ્રભુ ભોજન પ્રત્યે પ્રગાઢ રીતે સમર્પિત હતા, અને ઈસુના પ્રેમનો અનુભવ કરીને બીજાઓ સાથે વહેંચતા હતા. તેઓ અવારનવાર એક વાતનું પુનરાવર્તન કરતાં કહેતા : 'મારા માટે, ઈસુ ખ્રિસ્ત સર્વસ્વ છે... સંઘમાં મારા પ્રવેશ સમયથી જ તેઓ મારા આદર્શ હતા અને છે. તેઓ મારો માર્ગ હતા અને છે; તેઓ મારું સામર્થ્ય હતા અને હજુ પણ છે.' (એક ઈસુસંઘીની આધ્યાત્મિક સફર, પૃષ્ઠ-૩૭)

યુવાનીમાં અરૂપેએ તબીબી શાસ્ત્રનો અભ્યાસ કરવાનું પસંદ કર્યું હતું, કારણ, તેઓ લોકોને સાજા કરવા માગતા હતા. લૂર્ડઝ નગરમાં એક લકવાગ્રસ્ત યુવાનને પવિત્ર સંસ્કાર સામે એકીટશે જોઈને તુરત જ સાજો થતાં જોતાં તેઓને સેવાની પ્રેરણા સાંપડી હતી. હીરોશીમા નગરમાં અણુ બોમ્બના હુમલાથી ઘાયલ થયેલા સેંકડો લોકોનું દૃશ્ય જોઈને તેઓને પડકાર મળ્યો હતો, જેઓની તેઓએ પ્રેમાળ રીતે સંભાળ રાખી હતી. બીજી વેટીકન પરિષદની પૂર્ણાહુતિ પછી તરત જ ૧૯૬૫માં અરૂપે સંઘના જનરલ બન્યા હતા. તેઓએ પરિષદના અંતિમ સત્રમાં ભાગ લઈને સાંસ્કૃતિકરણના મુદ્દે હસ્તક્ષેપ કર્યો હતો. પરિષદે ધર્મસંઘોને પોતાના સ્થાપકોનાં દૈવી કૃપાદાન તરફ પાછા ફરીને નવી ધગશ સાથે આગળ ધપવા જણાવ્યું હતું.

નવીનીકરણ એટલે માત્ર પાછા ફરવું એટલું જ નહિ, પરંતુ વિશ્વમાં આવતા બદલાવ સાથે પોતાની જાતને અનુકૂળ બનાવી આગળ ધપવું. સાધારણ પરિષદના ઠરાવ - ૩૧માં પરિષદની વાત પર વિચારણા કરવામાં આવી હતી, પરંતુ એ વાતે જોઈએ તેટલી ગંભીરતા નહોતી. અરૂપેએ સંઘનું સુકાન સંભાળ્યું ત્યારે તેઓને લાગ્યું કે, આ વાતે વધુ ચિંતન અને આયોજન કરવાની જરૂર હતી. તેથી તેઓએ સાધારણ પરિષદનું ૩૨મું સત્ર બોલાવ્યું. અરૂપેની આ પરિષદે અનેક પગલાંઓ લીધાં. ખૂબ જ મહત્ત્વની બાબત જાણીતો ચુકાદો-૪ હતો, જેનાથી એ વાતની પુષ્ટિ થઈ કે, ન્યાય પ્રત્યે સંઘની પ્રતિબદ્ધતા હતી. ૧૯૬૭માં પોપ પૉલ છઠ્ઠાએ 'લોકોની પ્રગતિ' વિશે એક પરિપત્ર જારી કર્યો હતો.

૧૯૬૮માં લેટિન અમેરિકાના ધર્માધ્યક્ષો મેડેલિનમાં મળ્યા હતા અને ગુસ્તાવો ગટલેરેઝ જેવા ધર્મવિદ્યાશાસ્ત્રીઓ દ્વારા પુરસ્કૃત સ્વાતંત્ર્યની વિચારધારાને ટેકો જારી કર્યો હતો. ગરીબોને મુક્તિ અંગેની પ્રતિબદ્ધતાનો આ વિચાર સમગ્ર વિશ્વમાં ગંભીરતાથી લેવામાં આવ્યો હતો. સમાજના દમનકારી આર્થિક અને રાજકીય માળખાંઓને સમજવા માટે મુક્તિના પુરસ્કર્તા ધર્મવિદ્યાશાસ્ત્રીઓ માર્કસવાદી વિશ્લેષણનો ઉપયોગ કરતા હતા. લેટીન અમેરિકા અને અન્ય સ્થળોના ઈસુસંઘીઓએ જહોન સોબ્રિનો જેવા ધર્મવિદ્યાશાસ્ત્રીઓથી પ્રેરિત થઈને ન્યાયને પુરસ્કૃત કરવાના સંઘર્ષમાં ઝુકાવી દીધું. ન્યાયની બાબત પર ભાર મૂકવાથી શ્રદ્ધાનું મહત્ત્વ છીનવાઈ જતું હતું તેવું માનનાર લોકો, સંઘમાં ન્યાયના પુરસ્કર્તા એવા માર્ક્સવાદી વિચારધારા ધરાવનારા સામ્યવાદીઓ જેવા ગણીને દોષિત માનતા હતા.

અરૂપે સંઘમાં અને સંઘની બહાર પણ ટીકાપાત્ર બન્યા. સ્પેનના ઈસુસંઘીઓના જૂથે તેઓની નીતિઓનો વિરોધ કર્યો, તેઓ સુપીરીયર જનરલ સિવાયના અલગ જ પ્રાંતની હિમાયત કરતા હતા. વેટીકન દ્વારા સાધ્વીઓનાં કેટલાંક જૂથોને આ પ્રકારની શક્યતા બાબતે મંજૂરી

આપવામાં આવી ! વેટિકનના અનેક લોકો વેટીકન - ૨ ના પરિપ્રેક્ષ્યમાં, સુપીરીયર જનરલના સંઘના પ્રમુખ તરીકે સંઘમાં અને નવીનીકરણની પ્રક્રિયામાં આગળ વધી રહેલા બીજા અનેક એવા ધાર્મિક સંઘોમાં નવીનીકરણ લાવવાના તેઓના પ્રયાસો અને તેઓની મદદના વિરોધમાં હતા. તેઓએ પ્રતિનિધિ નિયુક્ત કરીને સંઘના સામાન્ય વહીવટમાં હસ્તક્ષેપ કરવા પૂરતી અરૂપેને સ્વતંત્રતા આપવા પોપ જહોન પૉલ બીજાની કાન ભંભેરણી કરી. અરૂપેને આવી શક્યતાની અફવા અંગે અગાઉ જાણ થઈ જ હશે.

હકીકતમાં તેઓ પોતાના આત્મકથાના વાર્તાલાપમાં પોપ પૉલ છઠ્ઠા તરફથી પણ મળેલ ઠપકા અંગે વાત કરે છે (પૃષ્ઠ ૯૫) આ એક દૈવી જોગવાઈ હતી કે, નિયુક્ત કરવામાં આવેલ પ્રતિનિધિ ઈસુસંઘી હતા, જેઓએ બે વર્ષના ગાળામાં ઈસુસંઘને પોતાની સામાન્ય કાર્યપ્રણાલી તરફ પરત ફરવા સક્ષમ બનાવ્યો હતો. અંદરથી અને બહારથી આ પ્રકારની અસ્વીકૃતિએ અરૂપને ખૂબ જ વ્યથા આપી હશે અને તેઓએ ખૂબ યાતના સહન કરી હશે. આ બધામાં ઈશ્વરના હસ્તક્ષેપને પિછાણવા ઈશ્વરમાં અવશ્ય ગહન શ્રદ્ધા અને હિંમતની જરૂર છે.

અરૂપે અત્યંત પ્રાર્થનાવાદી હતા. રોમ સ્થિત સંઘના વડામથકની તેઓની કચેરીની બાજુમાં એક નાનું દેવાલય હતું જેને તેઓ પોતાનું પ્રાર્થના ઘર કહેતા. 'એક ધર્મગુરુ તરીકે અને પ્રભુ ભોજનની ઉજવણી દરમિયાન ઈશ્વર અને ઈસુસંઘ વચ્ચેની મારી સ્થિતિ, સમગ્ર સંઘનું સંચાલન કરવા માટે ઈશ્વર અને માનવજાત વચ્ચે મધ્યસ્થી'ની છે (મહત્ત્વનાં લખાણો, ૬૩). રોમમાં તેઓને આવેલા હૃદયરોગના હુમલાના એક દિવસ અગાઉ તેઓની થાઈલેન્ડની મુલાકાત દરમિયાન, તેઓનો અંતિમ સંદેશ હતો, 'પ્રાર્થના કરો, ખૂબ જ પ્રાર્થના કરો.' આ પ્રકારની સમસ્યાઓનું માનવ પ્રયાસોથી નિરાકરણ આવતું નથી. તેને તેઓએ 'માણસની અંતિમ ભજવણી' તરીકે ઓળખાવ્યું જે પૂરવાર થઈને રહ્યું. શું તેઓને હૃદયરોગના હુમલાની અગમચેતી મળી ગઈ હતી ?

ગરીબો માટેની તેઓની વિશેષ ચિંતાનું એક વિશેષ ક્ષેત્ર શરણાર્થીઓની અવદશા હતું. તેઓ વિએતનામના દરિયામાર્ગે નાસી છૂટેલા અને અન્ય સ્થળો પર વસતા શરણાર્થીઓની બદતર હાલત જોઈને આઘાતથી વલવલી ઊઠ્યા હતા. તેથી તેઓએ ઈસુસંઘીઓ દ્વારા શરણાર્થીઓની સેવાનો આરંભ કરાવ્યો હતો. જે અત્યારપર્યંત કાર્યરત છે અને અલગ અલગ ખંડોમાં વિકસી રહી છે. તેઓએ બીજા લોકોની સેવા અર્થે, વિશેષ કરીને ગરીબોની સેવાની લોકો આદત કેળવે તે સારું તેઓએ 'બીજાઓ માટેના પુરુષો / સ્ત્રીઓ' શબ્દ લોકો સમક્ષ રજૂ કર્યો હતો.

અરૂપે ગરીબો અને ન્યાય પ્રત્યે કટિબદ્ધ હોવા છતાં તેઓની પ્રૈષિતિક દૂરંદેશીતા વ્યાપક હતી. પ્રબુદ્ધ પ્રૈષિતિક અધિકારીતા અંગેના તેઓના પત્રમાં (૧૯૭૬) તેઓએ લખ્યું હતું : 'જો આપણને ગરીબો સાથેનો સાચો સંપર્ક ના હોય અને તેઓના જીવનનો સાચો અને પર્યાપ્ત અનુભવ ના હોય તો આપણે ગરીબોની સેવા ભાગ્યે જ કરી શકીએ. અને આ નરદમ વાસ્તવિકતા છે.

## સંતપદ માટે અરજ

હે પિતૃસ્વરૂપ પરમાત્મા,

સ્નાનસંસ્કારની દીક્ષાથી, આપના સેવક પેદરો અરુપેને આપે ખ્રિસ્તના જીવનમાં સહભાગી બનાવ્યા હતા અને તેમને અનુસરવા ઈસુસંઘમાં આધ્યાત્મિક ગરીબીમાં અનુસરવા હાકલ કરી હતી, અમારા મદદગાર પિતાજી, અમારી પ્રાર્થના સાંભળો. મિશનરી કાર્યક્ષેત્રમાં, સાથી ભાંડુઓના માર્ગદર્શનમાં, તંદુરસ્તી અને માંદગીમાં તેમણે પોતાની જાતનું સંપૂર્ણપણે સમર્પણ કર્યું હતું.

આપે તેમને પવિત્ર આત્માથી સભર કર્યા અને શ્રદ્ધાઘડતરમાં જોતર્યા, માનવપરખમાં પાવરધા બનાવ્યા અને ન્યાયી રાજ્યની સ્થાપના માટે નમ્ર સેવક બનાવ્યા. ખ્રિસ્તના પગલે ડગ માંડતાં, ગરીબ અને નમ્ર જનો પ્રત્યે જેમણે અગાધ પ્રેમ પ્રગટ કર્યો હતો, તેવા ફાધર અરુપે, અન્ય ખાતર જીવન જીવનાર દરેક સંસ્કૃતિના સ્ત્રીપુરુષોના પ્રોત્સાહક, પયંગબરી સમર્થક અને શુભસંદેશના આદર્શ વાહક બને એવી વિશ્વાસપૂર્વક અમે પ્રાર્થના કરીએ છીએ.

ફાધરની મધ્યસ્થી અને આપના અધિક મહિમાર્થે હું આ વિશેષ કૃપા... (માંગણી રજૂ કરવી)... માટે અરજ કરું છું, જે આપ પૂરી કરશો, જેના કારણે આપની સેવા અને મહિમા થાય. આ પ્રાર્થના આપણા પ્રભુ ખ્રિસ્ત દ્વારા કરીએ છીએ. આમીન.

**નોંધ :** આપને પ્રભુના સેવક પેદરો અરુપેની મધ્યસ્થી દ્વારા મળેલ કૃપાદાન અંગે અવશ્ય જાણ કરશો એવી વિનંતી.

**E-mail ID :** postulazione@sjcuria.org

અને તેમ છતાં, ન્યાયને પુરસ્કૃત કરવાના અને ગરીબોની સેવા કરવાના એકમાત્ર લક્ષ માટે એક બાબત એટલી જ સાચી છે કે, આપણે ગરીબોની સાથે સાથે બીજા લોકો સાથે સહયોગ સાધવાની આવશ્યકતા છે. જે લોકો સામાજિક માળખાઓ પર પ્રભાવ જન્માવે છે અથવા જેઓનામાં સામાજિક બદલાવ લાવવાનું સામર્થ્ય છે તેવા લોકો સાથે આપણા સંપર્ક હોવા જ જોઈએ. મુદ્દો એ છે કે, બુદ્ધિજીવીઓ એવા લોકો છે જેઓ સમાજ પર પ્રભાવ ધરાવે છે.'

કાનૂની પ્રતિનિધિઓના સમુદાયને (૧૯૭૮)માં તેઓએ કહ્યું, 'સંત ઈગ્નાસના મતે, બીજાઓ માટે આપણી કામગીરી આગળ ધપાવે તેવા લોકો અને સ્થળોને આપણે પસંદ કરવાં જ રહ્યાં.' તેઓ આ ઉદાહરણો ટાંકતાં કહે છે : 'રાજાઓ અને શાસકો, ન્યાયાધીશો અને ન્યાયાધિકારીઓ, સાહિત્ય અથવા સત્તામાં રહેલા શ્રેષ્ઠ લોકો.' મારો પ્રશ્ન છે : 'કામ આગળ ધપાવનારા આ કયા લોકો છે, આ પ્રભાવશાળી લોકો, આજના આ ન્યાયાધીશો અને રાજાઓ કોણ છે ? ઉદાહરણ તરીકે, શું તેઓ રાજકારણીઓ, મજૂર સંગઠનના આગેવાનો, યુવા આગેવાનો, પ્રભાવશાળી વિચારકો, ઈતિહાસ પર પ્રભાવ જન્માવનાર વૈજ્ઞાનિકો, સંચાર માધ્યમોને અંકુશ કરનારા લોકો છે ?'

*અનુસંધાન પાન નં. ૨૬ ઉપર જુઓ...*



## ટૂંકી વાર્તા

# હીટવેવ



✍ ફ્રેડરિક બી. ક્રિશ્ચિયન (વડોદરા)

શાળામાં ઉનાળુ વેકેશન પડતાં જ પ્રદિપ તેનાં બાળગોપાળ અને પત્ની સાથે વતન આવી રહ્યો હતો. હજી તો તેને એસ.એસ.સી. બોર્ડનાં પેપરો તપાસવા જવાનું હતું. તેનો ઓર્ડર પણ તેને લેખિતમાં શાળાનાં આચાર્યા તરફથી મળી ચૂક્યો હતો.

પણ વતનમાં તેના વિધૂર બાપની પાસે આવવાનું કારણ એટલું જ હતું કે, તેનાં ત્રણેય બાળકો ગામડાના માહોલમાં રહી ગ્રામ્યલોકના જીવનનો અનુભવ મેળવે. વળી ખેતરમાં વાવેલા આંબા તથા રાયણનાં વૃક્ષો ઉપર જ પાકેલાં કેરી, રાયણાંનો મધુરો સ્વાદ માણે. જે ફળો અહીં મફતમાં મળતાં તે તેને શહેરમાં વેચાતાં લેવા પડતાં. ખેતરમાં શીતળ છાંય સાથે વહાલા દાદાજીની છાંયડીમાં પંખીની જેમ કિલ્લોલ કરવા મળે. હજી તો એપ્રિલનો મહિનો હોવા છતાંય રોજ કે બીજે-ત્રીજે દિવસે હવામાનખાતું 'હીટવેવ'ની આગાહી, ભવિષ્ય ભાખનારા જ્યોતિષીઓની જેમ ટી.વી તથા સમાચાર પત્રોમાં આપ્યા કરતા હતા.

ને આવા જ સમયગાળામાં પ્રદિપ અમદાવાદથી કુટુંબકબીલા સાથે વતન તરફ ટ્રેનમાં ધસી રહ્યો હતો. માર્ગમાં આવતી ખારી, મેશ્વોને વાત્રક નદીઓનો પરિચય આપતો. રેલમાર્ગની બંને બાજુ આવતાં વૃક્ષો સાથે જ્યાં જ્યાં પાણીની સગવડ હતી ત્યાં ખેતરમાં લહેરાતા પાકની પણ તે બાળકોને જાણ કરતો, જેથી બાળકો નજરે જોઈને જાણેલું જ્ઞાન પામે.

'અરે ! જુઓ ! જુઓ ! ત્યાં તમે ! પેલી બાવળિયાની ઝાડીમાં ? ત્યાં કેવું રોઝડાંનું ઝુંડ હરીફરી રહ્યું છે ?' વચમાં, નદીના પટ પછીની આવતી જંગલ-ઝાડીમાં હરતી-ફરતી નીલગાયોનું ટોળું જોતાં જ પ્રદિપ હરખાતી નજરે બાળકોને સંબોધી બેઠો.

મનોવૈજ્ઞાનિકો કહે છે કે, 'માણસમાં બુદ્ધિશક્તિ હોવાથી તેનામાં તર્ક કરવાની તથા કુતૂહલવૃત્તિની કુદરતી દેન હોવાથી માણસ તેની આદિની જંગલી અવસ્થાથી આજ સુધી, તેણે અવનવી શોધખોળો કરી છે. તેમાંય માનવબાળમાં રહેલી કુતુહલવૃત્તિનો તો ભારોભાર ભંડાર ભર્યો છે !' તેથી તેના માટે શું સારું કે નરસું છે ? એની પળોજણમાં પડ્યા વગર કે પરવા કર્યા વગર એ તો ઉત્સુક બનીને એને જાણવાની મથામણ કરે જ છે !' અને આ અન્વયે પ્રદિપનાં બાળકો પણ તેના બાપનું કહ્યું સાંભળીને, દોડતી ટ્રેનની બારી પાસે દોડી ગયાં. જોયું તો કોઈના ભો વગર નીલગાયોનું ટોળું, તેમનાં નાનકડાં ને માસુમ-ભોળાં બચ્ચાં સાથે ભોંય ઉપરનો લીલો-સૂકો ચારો ચરી રહ્યું હતું. એ જોઈને તેમના નિર્દોષ ચહેરા, સરવરમાં ખીલેલા કમળની જેમ ખીલી ઊઠ્યા.

ઉગમણે ઊગતો સૂરજ, નિર્મળ જળભર્યા સરવરમાં આરપાર જોઈ શકાય તેવાં તેજકિરણો રેલાવતો, ખીલેલાં કમળવૃંદોને હરખાવી દેય તેવો પમરાટભર્યો હર્ષ ત્યારે, બાળકોના મુખારવિંદ ઉપર રમતો આનંદ જોઈને પ્રદિપને થઈ ગયો ! પણ... આ તો ઉનાળાનો આકરો, ગરમ ગરમ લૂ ભર્યો વાયરો ! એ કદી કોઈને છોડે ? એ તો લાગ મળતાંની સાથે, દુષ્ટ માણસ વર્તે તેમ માસુમ બાળકોનો ઉમંગ પચાવી ન શકતાં, બારી વાટેથી લૂ ભરી, અગનઝાળની થાપટો વાયરાની સાથે સંતલસ કરીને મારવા મંડી પડ્યો ! છતાંય તેની કોઈ જ સાડાબારી રાખ્યા વગર જ માસુમ માલતી બોલી ઊઠી : 'જુઓને પપ્પા ! પેલી માલા જેવી જ નાની નાની હરની ચેવું કૂદાકૂદ કલે છે ?'

'અલી ચાંપલી ! એને 'હરણી' ના કે'વાય. એને 'નીલગાય' કહેવાય. હમજી ?!' નાનકડી, નાસમજ એવી માલતીનું કહેવું સાંભળતાં જ કૃણાલ બોલી ઊઠ્યો. વાતનું વતેસર થાય એ પહેલાં જ ગરમીમાં હાંફીને દોડતા માણસની જેમ દોડતી ટ્રેનમાં દેખાતું દૃશ્ય બદલાઈ ચૂક્યું હતું. બાળકોની નમણી નજરમાં હવે આછાં-પાતળાં જળ લઈને વહી રહેતી શેઢી નદી દૃશ્યમાન થઈ રહી હતી. ભૂખે ભાંગી ગયેલી કોઈ ગરીબ સ્ત્રી દૂબળી-પાતળી બની ગઈ હોય તેવી શેઢી નદી જળને ઝંખતી રાંક દેખાતી હતી ! તો તેના ઉપર બાંધેલો રેલવે પુલ તો ટ્રેનમાં લોખંડી ભારેખમ પૈડાં નીચે કચરાઈ જતો હોય તેમ જોરશોરથી બૂમ-બરાડા પાડી રહ્યો હતો !

ત્યારે કાન ઉપર તેમના બંને હાથ મૂકીને બાળકોએ અચરજ પામતાં, ઘોંઘાટભર્યા અવાજને દાબી દીધો. હજી નડિયાદ સ્ટેશન આવવાની વાર હતી ત્યાં જ, કોઈ ધમકીખોર કોઈને ધાક-ધમકી આપીને કહેતો હતો કે : 'અલ્યા ! જો હવે, મારી હાંમે તેં, ઝાઝી લમણાઝીક કરી કે ચૂં-ચાં કર્યુ છે ને તો તારા હું બાર વગાડી દઈશ ! મારી હાંમેથી તું હવે તારા રસ્તે હેંડ્યો જા ! નંઈતો જોયા જેવી કરી દઈશ. હમજ્યો લ્યાં ?'

બસ, આમ જ, માથે આવેલો કાળઝાળ તપતો સૂરજ પણ હવે એવા જ ખોટા રોફમાં આવી જઈને રોલાં પાડી રહ્યો હતો. પંખીડાં તો બાપડાં બની ક્યારનાંય તેના તાપથી ડરીને ચૂં-ચાં કર્યા વગર જ મૌની બાબા બનીને માળામાં લપાઈને બેસી ગયાં હતાં. હા, ક્યાંક ઘેઘૂર-ઘટાદાર વૃક્ષોની લીલીછમ ઘટામાં કોયલનો મધુરો ટહુકો ઉમંગે રમતો હતો. તેને જાણે સૂમસામ બની ગયેલી સીમ બતાવવા માંગતો હોય તેમ તેને ડાળથી તેડી લઈને વાયરો તેને તડકામાં ફેરવતો હતો ! જોકે સૂરજથી, પેલાં ડામીસ માણસને જેમ તેના સિવાય બીજા કોઈનું દેખ્યું કે સહ્યું ના જાય તેમ આ બધું સહ્યું જતું નહોતું. એ તો મક્કમ ઈરાદો લઈને બેઠો હતો. પ્રખર તડકે તપવું ને બાળવું ! જાણે કે આકાશનો આતંકવાદી !

ટ્રેનમાં બાળકોને પત્ની સાથે પ્રદિપ નડિયાદ સ્ટેશન આવવાના ઈન્તજારમાં હતાં. દોડે જતી ટ્રેનની આજુબાજુનાં વૃક્ષો, ધરતી, વનરાજી પાછળ દોડતાં હતાં. જાણે કે દિલ્હીમાં રાજસિંહાસને બેસીને આખા દેશનું રાજ કરવા માંગતા ન હોય ! કદાચ માણસ જાતે એમને દૂર હડસેલી મેલ્યાં હશે એટલે જ એમનેય એવો વિચાર આવ્યો હશે.

ત્યાં જ પ્રદિપની નજર બારીમાંથી બહાર પડી તો દૂર સામે દેખાતી ઊંચી વાડ અને રેલવેના પાટાથી થોડે દૂર વચમાં આવેલી જમીનમાંથી ઉગીને માંડમાંડ ચાર-પાંદડે ફૂટીને લહેરાતી લીલીછમ બાજરી જોતાં જ તેની આંખમાં હરિયાળી છવાઈ ગઈ. એ હર્ષી ઊઠ્યો પણ સવારે ફૂલ પર પડેલું ઝાકળ મોતી જેવું લાગે, પછી સૂરજના તડકે તે વેરાન બની ઊડી જતાં ત્યાં ડાઘ દેખાય તેમ પ્રદિપના ચહેરાનો હર્ષ અચાનક એક દશ્ય જોતાં જ ઝાકળ સમો ઊડી ગયો.

ન માની શકાય એવું દશ્ય જોઈ એ અચંબો પામ્યો. કદાચ તેની દષ્ટિભ્રમ હોય એવું વિચારી એણે એની આંખ હથેળીઓ વડે મસળીને ફરીથી જોયું તો એ જ અણકલ્પ્યું દુઃખદ દશ્ય દેખાયું. એ છળી મર્યો. એના અંતરમાં જાગેલી વેદના બોલી ઊઠી : અરે ભગવાન ! હું જગતમાં જોઉં છું એવાં જ આ પણ માણસો છે ! છતાંય અહીં વિધિની વક્રતા તેમને કેવું ચૂંથી રહી છે !? બાજ પક્ષી જેમ ભોળા કબૂતર-પારેવાને એની વક્રચાંચે ચૂંથે એવું ! માણસ માણસ વચ્ચે  કેટલું બધું અંતર ?! ડિલ બાળી નાખતા તડકામાં શહેરીજનો, પછી તે સંસારી હોય કે સાધુ - સંન્યાસીઓ હોય કે શ્રીમંતો, સત્તાધારી રાજવીઓ કે જેઓ ગરીબોની ચિંતા માત્ર તેમના શબ્દોમાં જ તેમની જીભના ટેરવે જ રમતી હોય, શુષ્ક લાગણીમાં વાગતા પોલા ઢોલની જેમ વાગતા હોય તેવા અને બીજા સુખ-સગવડવાળાં લોક અત્યારે પંખાની કે એ.સી.ની ઠંડકમાં હવા ખાતા હશે કે નિરાંતે બપોરની નીંદર માણતા હશે !

આટલા શબ્દો દુભાતા દિલે પ્રદિપના મુખથી હળવા સ્વરે નીકળી પડતાં, એ સાંભળીને તેની પત્ની ઠપકાભરી નજર કરી પ્રદિપને કહી બેઠી : ‘એકલા એકલા શું બબડ્યા કરો છો ? ગાંડપણ તો નથી વળગી ગયું ને ?’ તપતા તાપ જેવા શબ્દો કહીને તેની પત્ની હસી પડેલી જોઈ તે છતાં એ મૂંગો રહ્યો. તેની નજરમાં હજી પેલું વરવું દશ્ય રમતું હતું. એક આધેડ વયનો ખેડૂત ઉઘાડા ડિલે માત્ર પોતડીભેર તેના માથે જૂના ગાભા જેવું કપડુંનો કટકો માથે ફાળિયાની જેમ વીંટીને બાજરીના ચાસ વચ્ચેના ઉંમરામાં ખેડ કરી રહ્યો હતો.

કદાચ એ રાંક ખેડૂતને ક્યાંથી ખબર ? કે હવામાન શાસ્ત્રીઓએ તો આખા ગુજરાતમાં ને બીજે ‘હીટવેવ’ના વાવડ આપી દીધા હતા. હવે ચેતવાનું પ્રજાએ જ હતું. તેમાંય તાજેતરના સમય માટે તો ‘રેડ એલર્ટ’ જાહેર કરી દીધું હતું ! આ બધાથી બેખબર એવો ખેડૂત તડકે ધાણી ફૂટે એવી અસહ્ય લ્હાયમાં ખેડ કરી રહ્યો હતો. કદાચ તે ઉંમરા વચ્ચે કરબડી કે દંતાર કાઢી રહ્યો હોય. આ બધું તો ઠીક પણ તેની નજર જ્યારે ખેડૂતને છોડી આગળ વધી ત્યારે તો પ્રદિપ, ભૂકંપ થતાં ધરતી હચમચી ઊઠે તેમ ધ્રુજી ગયો. દશ્ય, જોનારનું ય કલેજું કંપે એવું હતું. જોતાં જ એ દ્રવી ઊઠ્યો. પણ એના અંતરપટમાં તીવ્રવેદના તો ત્યારે થઈ કે જ્યારે તેણે ઝુંસરે જોડાયેલી સ્ત્રીને જોઈ.

કદાચ ઝૂંસરાના બીજા છેડે જોડેલો બળદ એ ગરીબ ખેડૂતનો હોય કે બીજા અન્ય કોઈ ખેડૂતનો ભાડે લાવેલો કે માગી લાવેલો બળદ હોય. તેને ઝૂંસરે જોડેલો હતો. ને બીજો એક છેડે તેની સ્ત્રી, પહેરેલા સાંડલાનો કછોટોવાળી જાણે પતિવ્રતા ધર્મ બજાવતી હોય તેમ ઝુંસરે બાંધેલી કરબડી કે દંતારને ખેંચી એ ખેતર ખેડવા મદદ કરી રહી હતી !

અરેરાટીનો પાર નહોતો. કદાચ આ દશ્ય જોઈને એનો સર્જન કરનાર ભગવાન પણ શરમિંદો બની ડઘાઈ ગયો હશે ? એને કોઈ અફસોસ થતો હશે ? સવાલોથી પ્રદિપનું મન મુંઝાઈ ગયું. એક તરફ ‘હીટવેવ’ના અંગ દઝાડતા વાયરાને તેમાં લોહીનો પસીનો વહાવતાં લાચાર ખેડૂત દંપતી ‘પરિશ્રમ એ જ પારસમણિ’નો જગતપાઠ ભણાવી રહ્યાં હતાં. માથે સૂરજ પણ તેમનો લોહી તરસ્યો હોય તેમ આકાશમાં તપી રહ્યો હતો ! પણ એને શું ? એ તો સ્વયં સતત બળતો રહી બીજાને બાળવા જ પેદા થઈ છેવટે તેનું અસ્તિત્વ મિટાવી દેવાનો હતોને ?

મનમાં ઊઠતા જાતજાતના સવાલોથી પ્રદિપ છિન્નભિન્ન થઈ ગયો તેને થયું : ‘જેને જગતનો તાત કહેવાય તેને જ ભૂખ-તરસ વેઠી જગતનાં ભૂખ્યાં પેટ ઠારવાનાં ? આ લોકોએ સવારે શું ખાધું હશે ? વળી બપોરની ભૂખ ઠારવાના રોટલાની શી સગવડ હશે ? શહેરોના ચટાકેદાર જીભ સવાદિયા કે સુખસાહ્યબીવાળાં તો પૈસાના જોરે ઘરમાં કે હોટલોમાં, જાતજાતનાં પકવાન કે મનગમતું નિરાંતે ખાતા હશે.’

હજી એ ઝાઝું વિચારે ત્યાં જ, વિના વાંકે કોઈ તેના ગાલ ઉપર તમાચો મારે તેમ બારી વાટેથી ધસી આવેલા કાળઝાળ પવને તેના ચહેરા ઉપર ‘લૂ’ની તમાચ મારી દીધી ! સ્પર્શ થતાં જ તેણે તેનો ગાલ પંપાળ્યો.

દોડ્યે જતી ટ્રેનમાં તેના મનમાં ઉઠેલા સવાલો પણ જાણે ટ્રેન સાથે હરીફાઈ કરતા હોય તેમ દોડી રહ્યાં : ‘શું મંદિરોમાં બેઠેલા કે સ્વર્ગમાં રહેલો ભગવાન આ બધું જોતો હશે ? તેને મારી જેમ મનમાં અરેરાટી થતી હશે ? ના. ક્યાંથી થાય ? એને તો ક્યાંક કોઈ મંદિરમાં રોજ લે’રથી, વગર માગ્યે પણ છપ્પન ભોગનો ધરાવેલો થાળ ખાવા મળે પછી એને નિરાંત ! વળી જાતજાતના શણગાર પહેરવાના, ફૂલોથી સજાવેલ ને આજની ઝાકમઝોળ રોશનીથી તેનું પૂજાસ્થાન ઝગમગે ત્યાં આ ભઠવેડા જેવાં લોકની શી વિસાત ? બસ ! મેં તો પેદા કરી જાણ્યાં. હવે એ જાણે, ને જાણે એમનું કરમ ! નસીબ !’ જાણે સવાલનો જવાબ મળી ગયો હોય તેમ ત્યાં બીજો જવાબ મળી ગયો.

‘ભલે જાતજાતનાં કાઠાંકબાલાં કરી, દુરાચાર આચરી લોક ધનસંપતિ ભેગાં કરે કે ભ્રષ્ટાચારનો ભોરિંગ તેમને ગળી ગયો હોય પણ ઉપાય ક્યાં નથી ? તેમનાં કરેલાં કુકર્મોનો નાશ કરવા કે પુણ્ય કમાઈ લેવા ધરમ પ્રમાણે આવકનો દસમો ભાગ આપીને ભગવાનના લાડકા બની જવાનો રસ્તો ક્યાં નથી ? વળી દાનવીરો ગણાવાય એ બધું છોગાનું ! ત્યાં આવાં લોક વચ્ચે આ ધાન પકવી જાણનારનો વળી શો હિસાબ ?’

પ્રદિપની આંખમાં દશ્ય બની રમ્યા કરતી પેલી ખેડૂત સ્ત્રી હજી તેને સતાવતી હતી. વસંતમાં જેમ છોડ-વૃક્ષને નવી કૂંપળ ફૂટે તેમ તેની મનોભૂમિમાં નવો પ્રશ્નાંકુર ફૂટી નીકળ્યો : ‘અને પેલી ‘મી-ટૂ’વાળી કે સ્ત્રી સ્વતંત્રતાની મોટી મોટી વાતુ કરનાર સંગઠનો રચીને કહે છે કે ‘અમારે શું પહેરવું ? કે ન પહેરવું, ખાવું ? તેની ચિંતા કરનાર બીજા કોણ ?

*અનુસંધાન પાન નં. ૨૬ ઉપર જુઓ...*



# માતાની ભૂમિકા

✍ અન્નપૂર્ણા મેકવાન – ગાંધીનગર



સમગ્ર વિશ્વ ૨૫ જુલાઈના રોજ પેરેન્ટસ ડે - વાલી દિનની ઉજવણી કરે છે ત્યારે પ્રશ્ન થાય છે કે શું આજે માતાની ભૂમિકામાં પરિવર્તન આવી રહ્યું છે. કેટલાંક વાસ્તવિક ઉદાહરણ જોઈએ. ચાર વર્ષની પુત્રીને મૂકીને મહિલા પોતાના પ્રેમી સાથે ભાગી જાય છે. પતિ અને તેનાં માતા-પિતા છોકરીને રાખવા રાજી નથી. માતા પણ તેને લેવા આવતી નથી. છોકરી મમ્મીને યાદ કરીને રડી રહી છે. પોલીસ લાચાર છે. પોલીસની ખાસ્સી સમજાવટ બાદ માંડ માંડ પતિ અને તેના ઘરનાં છોકરીને લઇ જાય છે ! છોકરી સાથે તેઓ કેવો વ્યવહાર કરશે ખબર નથી !

એક મહિલા પોતાનો સંપૂર્ણ સમય મોબાઈલમાં વ્યસ્ત રહે છે. ઘરનાં કામ(ખાસ કરીને રસોઈ) તથા પતિ, સંતાનોની જવાબદારી પ્રત્યે દુર્લક્ષ સેવે છે. આખરે કંટાળીને પતિ ઠપકો આપે છે તો પિયર જતી રહે છે અને સંતાનોની માગણી કરે છે. કોર્ટમાં ચોથા ધોરણમાં ભણતો દીકરો પિતા સાથે રહેવાનું પસંદ કરે છે, પોતાને મમ્મી કરતાં પપ્પા અને દાદાદાદી સાથે વધારે સલામત સમજે છે !

એક શિક્ષિત મહિલા પતિની ખાનગી કંપનીની નોકરીના કારણે પોતાનુ બ્યુટીપાર્લર અને બુટિક ચલાવે છે અને સાથોસાથ સાડીઓનો ધંધો પણ કરે છે. પોતાના ચાર અને આઠ વર્ષનાં બન્ને બાળકોને ટ્યુશનમાં લેવા મૂકવા જવું, તેમના શિક્ષણમાં ધ્યાન રાખવું, ટીચરોને મળવું, પેરેન્ટસ મિટિંગમાં જવું, બહારનાં બધાં કામ પતાવવાં... ટૂંકમાં બધી જવાબદારી સંભાળે છે. પરંતુ હંમેશા પતિ તથા સાસુ-સસરા સાથે અણબનાવ ચાલ્યા કરે. કરુણતા એ કે તે બન્ને પતિ-પત્ની અને દાદા -દાદી પોતાનો ગુસ્સો આઠ વર્ષની છોકરી પર કાઢે છે ! તે મહિલા ઝઘડો વધી જાય એટલે પિયર જતા રહે અને થોડા સમય પછી પાછાં આવે. આ વખતે પણ ઝઘડો વધી જતાં તે બહેન પિયર જતાં રહે છે પણ, એક દિવસ છાનામાના સંતાનોને પતિનાં ઘરે મૂકી જાય છે અને પોલીસ ફરિયાદ કરે છે કે 'પતિએ બાળકોનું અપહરણ કર્યુ છે.' પોલીસ પતિને અને બાળકોને પોલીસ સ્ટેશન લઇ જાય છે. બન્ને બાળકો ડરનાં માર્યા મમ્મીનાં પક્ષમાં જુબાની આપે છે. તે બન્ને બાળકો જે આક્રંદ કરે છે તે જોવાતું નથી ! તે મહિલાને સમજાવતાં તેનો જવાબ છે, ' મારાં બાળકો છે, હું જે કરું તે, તેમાં તમારે શું !'

બીજાં એક મહિલાને છ અને ચાર વર્ષની દીકરીઓ અને દીકરો આઠ મહિનાનો છે. બન્ને દીકરીઓના શિક્ષણ કે સંસ્કારમાં કશું ધ્યાન આપતાં નથી. દીકરીઓને પણ મારતાં રહેવાનું અને ઘરનું કામ કરાવતાં રહેતાં હોય છે. દીકરીઓ માટે કે સસરા માટે તેમની પાસે સમય નથી ! (પતિની વાત જવા દો) કારણ ટી.વી. ની સિરિયલો જોવામાં બીઝી હોય છે ! સસરા કશું કહે, તો નાના સંતાનોને મૂકીને બિન્દાસ જતાં રહે છે. એક છોકરો લગ્ન માટે છોકરી જોવા જાય છે. છોકરી પસંદ આવે છે પણ તેની મમ્મીને છોકરી પસંદ નથી આવતી ! છોકરો લગ્નની ના પાડે છે ! તે મહિલાને 'દીકરાને પસંદ છે, તો તમે શા માટે ના પાડો છો ?' જવાબમાં મહિલા હાથ પહોળા કરીને 'આટલા બધા રુપિયા ખર્ચ્યા છે, તો એમને એમ જવા દેવાનાં ! હું કહું તેમ જ તેણે કરવાનું !' બોલવાનો ટોન અહંકારથી સંપૂર્ણ ભરેલો. પ્રેમથી રહેતું એક યુગલ અલગ થાય છે. વચ્ચેવાળી વ્યક્તિ નિરાશા સાથે જણાવે છે કે, ' આ બન્નેની મમ્મીઓની જીદના કારણે આ થયું છે. બન્ને મમ્મીઓએ પોતાનાં સંતાનને સમજાવ્યાં નહીં, સમાધાનની વાત જ ના કરી ! બસ, નાની સરખી વાતનો મોટો પહાડ બનાવ્યો ! અને પોતાની જીદ અને અંહકારને જ મહત્ત્વ આપ્યું !'

આ અને આવા અનેક બનાવો વિશે તમે છાપામાં વાંચતા હશો, સાંભળતા હશો કે પછી આવાં બનાવોનાં સાક્ષી પણ બન્યા હશો. દિવસે દિવસે આવા બનાવોનું પ્રમાણ વધી રહ્યુ છે. કુંવારી માતા દ્વારા, કે કોઈ અજ્ઞાત કારણવશ સંતાનને તરછોડવાના કે તેમના પ્રત્યે બેકાળજી રાખવાના કિસ્સા બનતા હોય છે તેમાં સ્ત્રીની કોઇ મજબૂરી રહેતી હશે. એવું માની લેવાય છે એટલે તેવી માતાઓની મમતા પ્રત્યે શંકા ઓછી રખાય છે કે પછી તેને ભૂલ ગણી માફ કરી દેવાય છે ! પણ ઉપરોક્ત કિસ્સામાં માતાનો પ્રેમ-લાગણી શંકાનાં દાયરામાં આવી જાય તેવું બને ખરુ.

ત્યારે મનમાં પ્રશ્ન થાય કે માતાની પરંપરાગત ભૂમિકા હતી કે જે સંતાનો માટે જ જીવતી તથા ત્યાગની, સમર્પણની તેની જે છબી જોવા મળતી હતી તેમાં હવે બદલાવ આવી રહ્યો છે કે શું ? શું 'મા' ખરેખર હવે બદલાઈ રહી છે ? તેનાં સંતાન પ્રત્યેની જે લાગણી હોય છે, પ્રેમ હોય છે, ત્યાગની ભાવના હોય છે તે ઓછી થઇ રહી છે !

નારીનાં અનેક સ્વરુપો છે. મા, બહેન, દીકરી, પત્ની, ભાભી, માસી... વગેરે. તેને દેવી તરીકે પણ પૂજવામાં આવે છે. પણ, આ બધામાં તેનું ' મા ' તરીકેનું સ્વરુપ પૂજનીય અને આદરણીય ગણાય છે ! કારણ, ખાસ કરીને સંતાન પ્રત્યેની નિઃસ્વાર્થ લાગણી, સંતાન પ્રત્યેનો બિનશરતી પ્રેમ, મમતા ગણી શકાય. સંતાન માટે દુઃખ, પીડા સહન કરતી માને આપણે જોઇએ છીએ તો નર્ક જેવું લગ્નજીવન ફક્ત બાળકોને કારણે નિભાવતી હોય તેવાં તો અનેક ઉદાહરણ આપી શકાય. ક્યારેક સંતાનની જિંદગી બચાવવા શરીર સોંપતી મા ના પણ અનેક કિસ્સા ગણાવી શકાય. પિતા જેમ ઘરનું કેન્દ્ર બિંદુ છે, તેમ માતાને ઘરનું આધાર બિંદુ કહી શકાય. ખાસ કરીને સંતાનો માટે. સંતાન માટે તે ફક્ત જન્મદાત્રી જ કે પોષણ પૂરું પાડનાર નહીં પણ 'ઓલ ઈન વન' હોય છે. સૌ પ્રથમ તો તે પિતાના મારથી, ક્રોધથી બચાવનાર હોય છે. સંતાનની ભૂલ પોતાના ઉપર લઇને પતિના હાથનો માર કે અપમાન

સહન કરે છે. તો ઘણા કુંટુંબમાં તો ઘરના અન્ય સભ્યોના માર કે તિરસ્કારથી સંતાનનું રક્ષણ કરે છે. સંતાનને જીવનના પાઠ શિખવાડીને એક ઉમદા શિક્ષકની ફરજ નિભાવે છે અને સંસ્કાર ઘડતર કરીને સમાજ અને દેશને એક ઉમદા ચારિત્ર્યવાન વ્યક્તિની ભેટ આપે છે. જેનાથી સમાજ અને દેશની પ્રગતિનો પાયો મજબૂત બને છે ! તે સંતાનો માટે એ. ટી. એમ. કાર્ડ પણ બની રહે છે. તો પોતાના પ્રેમ, હૂંફ અને કાળજી દ્વારા પ્રોત્સાહકની ભૂમિકા ભજવીને પોતાનાં નબળા કે અશક્ત સંતાનને દુનિયા જીતવા સક્ષમ બનાવ્યાં હોય તેવાં અનેક ઉદાહરણો છે. ...આમ, બાળક માટે અનેકવિધ ભૂમિકા માતા ભજવતી હોય છે. આમ, એવું લાગે છે કે બાળકને માતાની સાથે સાથે અનેક સગવડો ફ્રી માં આપવાની સ્કીમ ઇશ્વર ચલાવતો હોય તો તેમાં નવાઇ નહી ! સંતાનના ઘડતરમાં માતાની સાથે પિતાનો પણ અગત્યનો ફાળો છે તેને નજર અંદાજ કરી શકાય નહિ.

જો કે સદી પૂરી થવાનાં પાછળનાં વર્ષોથી નારીની પરંપરાગત જે ભૂમિકાઓ હતી તેમાં ખાસ્સો બદલાવ જોવા મળી રહ્યો છે. તેની મા, બહેન, પત્ની અને દીકરીની ભૂમિકાઓ તો એ જ રહી છે. સબંધોમાં જે પ્રેમ, લાગણી, જતું કરવાની ભાવના હોય છે તે તો હજુ પણ જોવા મળે છે પણ, હવે દીકરી બેધડક પોતાના હક્કના ભાગ રુપે જે કાંઇ મળતું હોય તે માટે હક્ક કરે છે, તો બહેન પોતાના હક્ક માટે ભાઇને કોર્ટમાં લઇ જાય છે. તો પત્ની પણ લગ્નજીવનમાં પોતાની સ્વતંત્રતાના ભોગે કે પોતાની આઇડેન્ટીના ભોગે સુખ પ્રાપ્ત કરવું તેને મંજૂર નથી. ઉપરાંત અન્યાય, જુલ્મને ચૂપચાપ સહન નથી કરતી. સામે પ્રતિકાર કરે છે અને તેમાં હવે તો કાયદાકીય રક્ષણ મળવાને કારણે સમાજ કે લોકોની પ્રતિક્રિયાની પરવા કર્યા વગર પતિ અને તેનાં કુંટુંબીજનોને કોર્ટમાં લઈ જાય છે અને પોતાને ન્યાય અપાવે છે.

તેમાં આજની નારીની, માતા તરીકેની ભૂમિકાની વાત કરીએ તો મોટા ભાગની મહિલાઓ આર્થિક ક્ષેત્રે તેમનું યોગદાન આપી રહી છે. તો સાથોસાથ ઘર-કુટુંબને સંભાળી પણ રહી છે અને સાથો સાથ સંતાનના શિક્ષણમાં પણ ધ્યાન આપી રહી છે. સંતાનને બધી સગવડ પૂરી પાડવી, ખાસ તો તેના મિત્ર બનીને રહેવું... આમ, સંતાન પ્રત્યેની પોતાની ફરજ બખૂબીથી નિભાવતી હોય છે. તો સાથોસાથ પોતાના સ્વપ્નાં પૂરાં કરવા માટે, પોતાના શોખ માટે સમય આપવો, પોતાની અંગતતા જળવાઈ રહે તેનું ખાસ ધ્યાન આપવું. વળી, તે ફક્ત ત્યાગ કે બલિદાનની મૂર્તિ જ બની નહી રહેતાં પણ મા તરીકેના પોતાના સંતાન પર જે હક્ક રહેલા છે તેનો લાભ પણ લે છે. આમ, તે સંતાનના ભવિષ્યને લઇને ચિંતિત અવશ્ય રહે છે, તેની પાછળ દોડાદોડી પણ અવશ્ય કરે છે પણ સંતાન પાછળ લાગણીમાં તણાઈ જઈને તે કહે તેમ બધું કરવા ખાસ કરીને નાણાકીય બાબતમાં તૈયાર થતી નથી. પહેલાંના સમયની માતા જે ફક્ત સંતાનની ખુશીને જ અગ્રતા આપતી, સંતાનનાં અસ્તિત્વમાં પોતાનું અસ્તિત્વ જોતી. માતા એટલે ફક્ત ત્યાગ અને બલિદાન જ આપવાનાં ! તે છબી માતાની હતી તેમાંથી તે બહાર આવતી હોય તેવું લાગે છે.

જો કે એક વિરોધાભાસ પણ જોવા મળે છે કે આજની આ નવી પેઢીમાં પણ સંતાનનાં જ સુખમાં સુખ જોનારી, ત્યાગ અને બલિદાન આપતી મા પણ જોવા મળે છે! તો સરોગેસી પધ્ધતિ દ્વારા બાળકને જન્મ અપાવીને તથા બાળકને દતક લઇને માની જવાબદારી નિભાવતી, તથા સીંગલ પેરેન્ટસ તરીકે તેની યોગ્ય સારસંભાળ રાખતી મહિલાની સંખ્યા પણ વધી રહી છે ! પહેલાંની માતાઓ સારી હતી, અને અત્યારની ખરાબ છે, તેવું કહેવાનો આશય નથી. પહેલા પણ પોતાના સંતાનનો પતિ તથા સાસરી પક્ષ સામે હથિયાર તરીકે ઉપયોગ કરનારી મા હતી. પોતાનાં સ્વપ્નને, શોખને પ્રાધાન્ય આપનાર, પોતાના સ્વાર્થ ખાતર સંતાનનું જીવન બગાડનાર મા પણ હતી ! પોતાના દીકરા કે દીકરીને ઈમોશનલી બ્લેક મેઇલિંગ કરનારી પણ મા હતી ખરી. તો પોતાનાં જ પુષ્પ સમાન બાળકને ભયંકર માનસિક ત્રાસ આપનારી મા પણ હતી. પણ તેઓની સંખ્યા ન્યૂનતમ હતી. એટલે ધ્યાનમાં આવતું ના હોય તેવી સંભાવના વધારે છે. જો કે હતી ખરી તેનો ઈન્કાર પણ ના થઈ શકે !

માતા પણ આખરે તો સ્ત્રીનું એક સ્વરુપ જ છે, એટલે આવા અપવાદરુપ કિસ્સામાં સ્ત્રી, માતા ઉપર હાવી થઇ જતી હોય તેવું બની શકે ! દુનિયા બદલાઈ રહી છે. દેશ, સમાજ બધું બદલાઇ રહ્યું છે. દરેક વસ્તુમાં, બાબતમાં, વિચારમાં પરિવર્તન આવી રહ્યું છે, સારી વાત છે. પરિવર્તન જીવનનો નિયમ છે અને તેને અનુસરવુ પડે. અટકી જઈએ તો ગંધાઈ ઉઠીએ ! તે પણ સાચી વાત છે. પંરતુ કેટલી હદે પરિવર્તિત થવુ! વળી, આ બદલાવથી પોતાના ઘર-કુટુંબને નુકસાન તો નથી થઇ રહ્યુ ને !? તેટલી સમજ વિકસાવવી પણ એટલી જ જરુરી છે.●

---

*નારી સ્વાતંત્ર્ય અને સમાનતાનાં હિમાયતી. 'દૂત', 'મધુરિમા'-દિવ્ય ભાસ્કર, 'નયામાર્ગ', 'સમાજ દર્શન' વગેરેમાં લઘુકથા, વાર્તા, ચિંતનાત્મક લેખ પ્રસિદ્ધ.*

**'હે પ્રભુજી, તું અમને બળ દઈ બનાવે કીર્તિવંત,**
**તવ કૃપાને પ્રતાપે થઈએ, અમે તો વિજયવંત.'**

(સ્ત્રોતસંહિતા ૮૯:૧૭)

**આભાર પ્રભુજી..... અભિનંદન... શુભેચ્છા... ચિ. દેવાંશી**



પરમાર દિલીપકુમાર નટવરભાઈ તથા મનિષાબેનની સુપુત્રી **ચિ. દેવાંશી પરમારે** માર્ચ ૨૦૧૯ની એસ.એસ.સી.ની બોર્ડની જાહેર પરીક્ષામાં પરમેશ્વરની અસીમ કૃપા તેમજ તેના અથાક પરિશ્રમથી કસ્તૂરબા કન્યા વિદ્યાલય, આણંદમાં **1st Rank, Pr : 99.90, A1 Grade, 94.33%** સાથે સમગ્ર શાળામાં પ્રથમ સ્થાન મેળવી શાળા તથા સમગ્ર પરિવારનું ગૌરવ વધાર્યું છે. ચિ. દેવાંશીને હાર્દિક અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા.

**શુભેચ્છક**

*જોનભાઈ પરમાર તથા સ્વ. શાંતાબેન (પરદાદા-પરદાદી)*
*સવિતાબેન તથા સ્વ. નટવરભાઈ પરમાર (દાદી-દાદા)*
*વિજયાબેન તથા ફિલિપભાઈ સોલંકી (નાની-નાના)*
*કુ. પ્રિયાંશી દિલીપકુમાર પરમાર (નાની બહેન)*
*શ્રુતમ, ધવલ, બિનલ, હની, નિષ્ઠા, સમર*

૧૦ 'દેવાંશી' અસ્તિત્વ સોસાયટી, ચાવડાપુરા- આણંદ



# નવી આંખ... ટૂંકી વાર્તા

✍ સિલાસ પટેલિયા



એકદમ જ આંખમાં પાણી ભરાવા લાગ્યું. આંખ બંધ કરે ને પર્ણ પરથી જળ નીતરે એમ પાંપણ નીતરે... એ આંખ ચોળે એમ એમ વધારે ચૉળવાનું ચળ ઉપડે ! બંને આંખે આમ થયું. કાનની નીચેના ભાગે સણકો ઉપડતો હોય એમ અચાનક થાય, ક્ષણાર્ધમાં સણકો શમી જાય, થોડીવારમાં માથું ભારે થવા લાગ્યું, થોડો દુઃખાવો થતો હોય એવું લાગ્યું.

અરે ! આ શું ! એ ગભરાઈ ગઈ. હાવરી બાવરી થઈ ગઈ. અરીસા પાસે ગઈ. આંખમાંથી પાણી તો રેલાતું જ હતું પણ આંખ બંધ જ ના થાય. આવું તો કદી નથી થયું ! આંખ તો જ્યારે કરવી હોય ત્યારે બંધ થાય જ ને ! એ ના થાય એ વળી શું ? આ શું થઈ ગયું મને ? ખૂબ જ ગભરાઈ ગઈ. ઘરમાં એ એકલી જ હતી. સુધીર તો ક્યારનોય ઓફિસ જવા નીકળી ગયો હતો. એ હતો ત્યારે આમાનું કશું જ ના થયું ને એ ગયો પછી કલાકેક પછી આ થયું. હજુ તો એ ટ્રેનમાં જ હશે. કરું ફોન ? ના, ના જવા દે, આ તો સારું થઈ જશે. થાય, આંખમાંથી પાણી નીકળે એ તો ! પણ... આ આંખ બંધ જ ના થાય ? એ વળી કેવી તકલીફ ? એ ફરી ચિંતામાં અટવાઈ ગઈ. શું કરું ? હાથથી આંખ બંધ કરવાનો પ્રયાસ કર્યો પણ વ્યર્થ, આંખ ખુલી જ જાય...

ખુલ્લી આંખ સાથે એ ઘરને જોઈ રહી. થયું : આંખની કશી તકલીફ થઈ હશે ? આંખ જતી તો નહિ રહે ને ! ઓપરેશન બૉપરેશનમાં ફસાઈ તો નહિ જાઉંને ! ઊભી થઈ. બહાર નીકળી. સામેના બાગમાં ખીલેલાં ફૂલો જોયાં પણ ઘડી ઘડી આંખમાં પાણી ભરાઈ જાય ને બધું જ ધૂંધળું ધૂંધળું લાગે તે એને ફૂલો અંગારા જેવાં લાગ્યાં. જે ફૂલ જોઈને એ રોજ આનંદ પામતી હતી, એ ફૂલથી જે આજે આંખ બળતી હોય એવું એને લાગ્યું... એ અતિશય ગભરાઈ ગઈ. આંખને વારેવારે લૂછતી હતી એ લૂછવાનું પણ ભૂલી ગઈ. તકલીફવશ આંખમાંથી પાણી ઝમ્યા જ કરતું હતું ને એમાં ભળ્યાં આંસુઓ, એ જોરજોરથી રડતી હતી. એને થયું : ના જ પાડી હતી કે ફ્લેટ ના ખરીદો. પોળનું ઘર શું ખોટું છે ? જૂનું તો જૂનું પણ પોળમાં ને ! ચારે બાજુ બધાં ભલાં લોકો. જરાક બૂમ પડે ને દોડી આવે. ખુલ્લાં ઘર, ખુલ્લા ઓટલા ને કોઈને કોઈ હરતું ફરતું હોય જ... આ અહીં ચાર ફ્લોર. દરેક પર ત્રણ ત્રણ ફ્લેટ. કોને બૂમ પાડું ? બધાંય બંધ. વળી ઓફિસના દિવસો. કોણ ઘરે હોય ? ક્યાં જાઉં ? કોને બોલાવું ? આ માથું તો હલકું પડ્યું પણ પાણી નીકળવાનું ઘટ્યું નથી ઉલટાનું વધ્યું છે.

સુધીરને ફોન જોડ્યો. રડતાં રડતાં તકલીફ જણાવી. સુધીરે કહ્યું : 'હજુ ટ્રેનમાં જ છું. કોઈ સ્ટેશન આવે તો ત્યાં ઉતરીને, નીકળી આવું છું. ચિંતા ના કરીશ...' એને થયું 'નાહકનો ફોન કર્યો.' ચિંતાથી અડધો અડધો થઈ જશે. ભાગશે. સ્ટેશન પર, પાર્કિંગમાંથી બાઈક લઈને પવનવેગે દોડશે. અરે, ભગવાન ! એ દોડાદોડી કરી મૂકશે ! શા માટે મને રૂપાને ફોન કરવાનું ના સૂઝ્યું ? એ ઘરે જ હશે. કાલે જ મળી હતી. આજે બપોરે તો એ પરવારીને અહીં આવવાની છે. એને વાત કરી હોત તો એ આવી જાત ને પછી અહીં નજીકમાં જ આંખના ડૉક્ટર છે જ ને, સુધીર ત્યાં જ જાય છે ને, ત્યાં અમે જઈ શક્યાં હોત ! કેમ આમ ગભરાઈ ગઈ ? આમ કેમ ચાલે ? લગ્નને હજુ એક વર્ષ પણ નથી થયું, આવી તકલીફ તો સામાન્ય છે. કંઈ કંઈ મુસીબતો આવશે, ગભરાઈ જવાથી ચાલે ? વળી, આમ એકલા જ રહેવાનું છે, કોણ અહીં સાથે રહેવા આવવાનું છે ? સુધીરને ખાસ્સી વાર લાગી. આંખની ચિંતામાં સુધીરની ચિંતા ભળી. રૂપાને પણ હવે ફોનથી જણાવીને, બોલાવવાનો શો અર્થ !

એ અંદર આવી. રસોડામાં ગઈ. પાણી પીધું. બારી પાસે ઊભી રહી. બહાર બાલ્કનીમાં આવી, આંખમાંથી પાણી તો વહી જ રહ્યું હતું. બાગને જોવા લાગી. રોજ આ લીલોછમ્મ બાગ એને ખૂબ આનંદ આપતો. બાગની બહાર કામવાળી બાઈએ સુક્કા પાંદડાઓ વાળીને, ઢગલો કરીને, ઢગલો સળગાવ્યો હતો. ભડાભડ જ્વાળાઓ... એ જોઈ જ રહી. અરે ! આ શું ? ક્યાં ગયાં વૃક્ષો ? ફૂલ છોડ ? ઘર ? ક્યાં ગયું બધું ? દૂર દૂર લગી રણ જ કેમ દેખાય છે મને ? પ્રચંડ વાવાઝોડામાં ફસાઈ ગઈ હોઉં એવું કેમ મને લાગે છે ? આ શું બળે છે ? આ તો ચિતા... કોની ચિતા છે આ ? ક્યાં છું ? એ, ત્યાં કોણ છે ? સુક્કા ઝાડ તળે ડાઘુઓ ઊભા છે ? તો હું ક્યાં છું ? મારી આંખ કેમ ખુલ્લીને ખુલ્લી ! કેમ બંધ નથી થતી. નીતરતી આંખમાંથી આ ભડભડતા અંગારા ? એ અંગારાથી બળે છે ભડભડ મારું શરીર ! ત્યાં ચિતા બળી રહી છે ને અહીં હું ? કોણ છે ચિતામાં ? અગ્નિની બહાર હાથ લટકે છે, અરે, એ તો સુધીરનો હાથ છે... સુધીર... સુધીર...

સુધીરનો હાથ એના માથા પર ફરી રહ્યો છે. એના ગાલને એ હાથ પસવારે છે. રૂપા એને બોલાવી રહી છે. 'રાની ! રૂપા બોલું છું. જો તારી પાસે જ છું. જો આ રહી, પકડ હાથ, હાં...' સુધીરે કહ્યું, 'રાની ! તારી આંખે પાટો બાંધ્યો છે. આંખ બંધ નહોતી થતી ને એટલે, હું આવ્યો. ફ્લેટની ચાવી મારી પાસે ય હતી, તે ઘર ખોલ્યું. તું બાલ્કનીમાં બેહોશ પડી હતી. ચિંતા ના કર. ના, ઓપરેશન નથી કર્યું, શાનું ઓપરેશન ? કશી એવી જરૂર નથી. રોજ આપણે વહેલી સવારે, આવી કડકડતી ટાઢમાંયે ફરવા જતાં હતાં ને, તે ઠંડીને કારણે આમ થયું છે... ડૉક્ટરે કહ્યું, કશી વાતે ચિંતા ના કરશો એટલે બસ ! રોજ રાતે સૂતા આંખે પાટો બાંધવો પડશે, થોડા દિવસ. રોજ ફરવા જવાનું બંધ. આંખને પવન ના અડે એ ધ્યાન રાખવાનું. ગોગલ્સ ઘરમાંય પહેરી જ રાખવાનાં છે ત્યારે...' સુધીર ક્યાંય લગી બોલતો જ રહ્યો.

સુધીરના શબ્દો રાનીના કાને પડતા તો હતા પણ હજુય પેલી ભડભડતી ચિતા. અગ્નિ જ્વાળા... રણ... એ ભયાવહ અનુભવમાંથી એ નીકળી નહોતી. ત્રણેક દિવસ સુધીરે રજા લીધી. એની પાસે બેસતો.

ગિટાર વગાડતો. ગીત ગાતો. કાવ્યપઠન કરતો. બચપણની વાતો કરતો. રાની સાંભળ્યા કરતી પણ સાંભળતાં સાંભળતાં વળી પેલા અનુભવમાં સરકી જતી. સુધીરને આનો અંદાજેય ના આવતો ને રાનીને થતું કે સુધીર આ વાતો સાંભળીને નાહકની ચિંતા કર્યા કરશે યા ગુસ્સે થઈ જશે ને કહેશે મનની ભારે નબળી છે... ખોટી ખોટી ચિંતા કરે છે ! માથા પર વ્યર્થ ભાર લઈને ફરે છે, શા માટે ?

રાની આમ વિચારતી ને અંદરને અંદર પેલા અનુભવના વંટોળમાં અથડાતી રહેતી, જોકે સતત સુધીર પાસે જ હોય, એ કંઈ લેવા માટે બજાર ભણી નીકળ્યો હોય ત્યારે મનગમતાં ગીતો તો ગુંજતાં જ હોય એથી મનને સારું લાગતું ને પેલો અનુભવ પણ દૂર જતો રહેતો. આંખને પણ રાહત થતી હતી. દવાની અસર ધીરે ધીરે થતી જ હતી. હવે આંખ બંધ પણ થતી હતી ને પાટો બાંધવાની જરૂર નહોતી. રૂપા ય રોજ આવતી. રસોઈ બનાવતી. કામવાળી બધું જ કામ કરી જતી ને સુધીર ઘેર જ હતો એટલે રાનીને ઘણી જ નિરાંત લાગતી. સુધીરે ઓફિસ જવાનું શરૂ કર્યું. એટલે આખો દિવસ રૂપા રોકાવા લાગી. બંને સખીઓ મનમૂકીને વાતો કરતી... ગાતી... આમ છતાં પેલા અનુભવો વચ્ચે વચ્ચે ફરકી જતા ત્યારે રાની અસ્વસ્થ થઈ જતી. એક બીક મનમાં ઘર ઘાલી ગઈ હતી કે કશુંક અશુભ થશે તો નહિ ને ? રૂપાને એ અનુભવો કહ્યા. રૂપાએ રાનીનો હાથ હાથમાં લીધો. એને પાસે ખેંચી. એનું માથું પસવારતાં કહ્યું, 'મનમાંથી ડર કાઢી નાંખ. એ તો કદી નહીં ને તે દિવસે તને આંખની આ વિચિત્ર તકલીફ થઈ તે તું એકદમ ગભરાઈ ગઈ. ડરી ગઈ. એ ડરના પરિણામે જ એવો ભયાવહ અનુભવ તને થયો હતો. ડરના ભૂતની જ એ લીલા ! ચિંતા છોડી દે. હવે તને ક્યાં આંખની કશી તકલીફ છે ? ખાઈ પી ને મજા કર... હું રોજ આવું જ છું ને ! ચલ કાલે મારા ઘરે આવજે. ત્યાં જ જમજે. સુધીર પણ સાંજે અહીં જ બારોબાર આવી જશે, ફોન કરી દઈશું. બંને સાંજે જમીને જ ઘરે જજો...'

બીજા દિવસે રાની, રૂપાના ઘરે ગઈ. ત્યાં જ આખો દિવસ રહી. ખૂબ સારું લાગ્યું. ચારેક દિવસ બંને સખીઓ એકબીજાના ઘરે આવે જાય, એમ ચાલ્યું. આનંદમાં સમય પસાર થતો જતો હતો. સુધીર પણ ખુશ હતો કેમકે રાની પ્રસન્ન રહેતી હતી.

એક બપોરે રાનીએ રૂપાને કહ્યું, 'રૂપા ! સવાર સવારમાં મારો જીવ ડહોળાય છે... સારું લાગતું નથી. જાણે કોફી નીકળી જશે એવું એવું થાય છે...' રૂપા રાની સામે જોઈ રહી.

'અલી ! આ તો આનંદના સંકેતો છે...' બંને ખુશખુશાલ ! સાંજે સુધીરને વાત કરી. હોસ્પિટલ, રીપોર્ટ... આમ ચાલ્યું...

રૂપા આવી. રીપોર્ટની વાત કરી. રૂપાએ કહ્યું, 'ચલ ! બહુ જ આનંદના આ સમાચાર છે. મને બેવડો આનંદ છે કેમકે તું ધીમે ધીમે તારી પેલી માનસિક પીડામાંથી મુક્ત થતી જતી હતી ને વળી આ શુભ સમાચાર, હવે તું એકદમ સાજી થઈ જ ગઈ છે. હવે એ જીવ તારી સંગાથે છે. કોઈ ડરનું ભૂત તને પરેશાન નહીં કરે. એ સંગાથ તારા ધબકારે ધબકારે રહેશે. હું ક્યાં લગી ? ને સુધીરે ય આખો દિવસ થોડો તારી જોડે બેસી રહેવાનો ?...' રાની રૂપાને વળગી પડી. રડી પડી. 'રાની, આજે બપોરે જ મારે ગામડે મારા દાદી પાસે જવું પડે એમ છે, એ ખૂબ માંદા છે. એમની જોડે રહેવું પડશે. ખબર નહિ ક્યારે પાછી આવીશ. પણ મને હવે તારી ચિંતા થતી નથી કેમકે તને સંભાળનાર તારી અંદર જ છે...' રૂપા ગઈ. હસતાં હસતાં રાનીએ વિદાય આપી.

હવે રાની રોજ બાલ્કનીમાંથી બાગ જુએ છે. ફૂલછોડ પર ખીલેલાં ફૂલોમાં મરક મરક હસતો માસૂમ ચહેરો દેખાય છે. ફૂલ પાંદડીને એ જુએ છે કે કોમળ કોમળ હોઠને ચૂમે છે ! શિશુને એ ગોદમાં લે છે... રોજ આમ એ મનોમન ક્યાંની ક્યાં પહોંચી જાય છે ! પંખી ઊડતું ઊડતું આવે છે. ડાળ પર બેસે છે, એની સુંદર આંખો ચકળવકળ થાય છે ને એ મીઠું મીઠું બોલે છે. કિલ્લોલ કરે છે ને રાની એને અપાર વાત્સલ્યભરી આંખે જોયા જ કરે છે. એ આંખ થોડી મોટી થતી જાય છે... સ્વચ્છ, સફેદ આંખ ! ને કુંણું કુંણું રુદન ને કિલ્લોલ... એવા શિશુને એ છાતીએ ચાંપે છે... ફૂલછોડ પર રંગરંગના ફૂલો ખીલ્યાં છે ને એની પર ભાત ભાતના રંગના, ડિઝાઈનથી ભરેલી પાંખવાળાં સુંદર પતંગિયાં ઊડી આવે છે. રાની જુએ છે, જોયા જ કરે છે ને એ જુએ છે, એક બાળક બાગમાં લૉન પર ધીમે ધીમે ડગ માંડે છે. ફૂલછોડ પાસે જાય છે ધીરેથી.. ને હળવેથી ચપટીમાં, પતંગિયાને પકડવા પ્રયાસ કરે છે... રાની જુએ છે ને... ખિલખિલાટથી બાલ્કની ગુંજી ઊઠે છે !

એક સાંજે સુધીર રાનીને આ રીતે પ્રસન્ન આંખે બાગને જોતી જોઈ. એ જોઈ જ રહ્યો. 'રાની ! હવે તારી આંખ એકદમ જ જોને, સરસ થઈ ગઈ ! પહેલાં કરતાં યે સુંદર...' રાની એ નવી આંખે સુધીરને જોઈ રહી.●


## DIOCESAN PASTORAL CENTRE

**JunaDumral Road, Nirmal Nagar, Nadiad-387002, Kheda Dt.**

**Ph.0268-2555677, jiappavoo@gmail.com, pastoralcentre.nadiad@gmail.com**

## ચર્ચની જાહેરાત

આપણો વિશ્વાસ છે કે કેથોલિક લગ્ન એક અતૂટ બંધન અને સંસ્કાર છે. કેથોલિક યુવાયુવતીઓને પોતાની યોગ્ય પસંદગી માટે ઘણીબધી તકલીફોમાંથી પસાર થવું પડે છે.

ઘણા કેથોલિક કુટુંબ દ્વારા યોગ્ય છોકરા-છોકરીઓની પસંદગી મળતી નથી એવી રજૂઆત કરેલ છે. તેમજ ઘણાબધાએ સલાહ તેમજ સુચન આપેલ છે કે ધર્મપ્રાંત લેવલમાં પસંદગી પાત્ર યુવા યુવતીની માહિતી મળે તો એ માહિતીનો યોગ્ય ઉપયોગ કરી શકાય.

એટલે યોગ્ય પસંદગી માટે આપણા ધર્મપ્રાતીય ફેમેલી કમિશન કેર ઓફ પાસ્ટરલ સેન્ટર નડિયાદ દ્વારા એક મેરેજ ઈન્ફોર્મેશન બ્યુરો શરૂ કરવામાં આવેલ છે. આપણાં કેથોલિક છોકરા / છોકરીઓ જેમની ઉંમર ૨૧/૧૮ની થઈ ગઈ હોય અને લગ્ન કરવા ઈચ્છતા હોય તેવા યુવક /યુવતીઓએ પાસ્ટરલ સેન્ટર નડિયાદમાં પોતાનું નામ નોંધાવી શકે છે. યોગ્ય નોંધણી કરાવેલ છોકરા-છોકરીઓની યાદી કોઈપણ કેથોલિક કુટુંબ યોગ્ય પસંદગી માટે આ નામ મેળવી શકે છે. એ માટે નોંધણી ફોર્મ સભાપુરોહિત પાસેથી અથવા પાસ્ટરલ સેન્ટરથી મળી શકશે. આ ફોર્મ સાથે રજીસ્ટ્રેશન ફી રૂા. ૫૦.૦૦ ભરી રૂબરૂમાં અથવા, ઈ-મેલ અથવા પોસ્ટમાં મોકલી શકો છો. તમારા નામ વિગત શેર કરવા માટે આપની સંમતિ જરૂરી રહેશે. આપના સહકાર બદલ આભાર.

**Email Eddress : pastoralcentre.nadiad@gmail.com**
**Phone No. : 0268-2555677**
**Mobile No. Fr. Joseph Appvoo : 98259 53865,**
**Ketan : 90333 22904**

***ફાધર જોસેફ અપ્પાઉ***
***ડાયરેક્ટર***
***ફેમેલી અપાસલેટ કેર ઓફ પાસ્ટરલ સેન્ટર***

માજીસ

કેવળ અર્પણ, નહીં ગણન

# સંત ઈગ્નાસનો મંત્ર-માજીસ



✍ કોલીન મકવાણા (વડોદરા)

ઈસુસંઘ એક સંન્યસ્ત સંઘ છે. ઈસુસંઘની સ્થાપના ઈસ્વીસનની સોળમી સદીમાં લોયોલાના ઈગ્નાસે કરી. ઈગ્નાસ પ્રારંભે બાસ્ક નામના પ્રાંતના એક સૈનિક હતા અને પછીથી સંત બન્યા. સંત ઈગ્નાસે પ્રભુ સાથે ગાઢ સંબંધ બાંધ્યો અને બીજાઓ પણ પ્રભુ સાથે આવો ગાઢ સંબંધ બાંધે એ માટે તેમને મદદરૂપ થવા તેમણે અવિરત પ્રયત્નો કર્યા, પરિણામરૂપે તેમણે લખેલી અધ્યાત્મસાધના અસ્તિત્વમાં આવી. આ અધ્યાત્મસાધના સંત ઈગ્નાસે વિકસાવેલી આધ્યાત્મિકતાના હૃદય સમાન છે. ઈસુસંઘનાં અસ્તિત્વનાં પાંચસો વર્ષ કરતાં પણ ઓછા ગાળામાં કેથોલિક ધર્મસભાને ત્રણસો ઉપરાંત ઈસુસંઘી સંત અને સુધન્ય મળ્યા છે. સંત ઈગ્નાસના આધ્યાત્મિક પત્રોનો એકમાત્ર ઉદ્દેશ છે, 'પ્રભુના અધિક મહિમાર્થે.' હાલમાં ઈસુસંઘીઓની સંખ્યા અંદાજે સોળેક હજારની છે. ઈસુસંઘ કેથોલિક ધર્મસભામાં પુરુષો માટેનો સૌથી મોટો સંન્યસ્ત સંઘ છે. ઈસુસંઘી ધર્મગુરુઓ, ધર્મબંધુઓ અને તાલીમાર્થીઓ વ્યવસાયે પ્રાધ્યાપક, માળી, ફિલ્મ નિર્માતા, ડૉક્ટર, ઈજનેર અને સંગીતવિદ હોય છે, જેઓ કેથોલિક ધર્મસભામાં અને દુનિયાભરમાં વિવિધ સેવાઓ આપે છે. બ્રહ્મચર્ય, અપરિગ્રહતા અને આજ્ઞાધીનતાનાં ત્રણ વ્રતો ઉપરાંત ઈસુસંઘીઓ એક ચોથું વ્રત પણ લે છે, એ છે વડાધર્મગુરુને આજ્ઞાધીનતા. આ ચોથા વ્રત દ્વારા ઈસુસંઘી ખ્રિસ્તના પ્રતિનિધિ એવા વડાધર્મગુરુ તરફથી સોંપવામાં આવતા પ્રત્યેક કાર્યને સ્વીકારવાની તૈયારી દર્શાવે છે. માર્ચ ૨૦૧૩, ઈતિહાસમાં પ્રથમ વખત એક ઈસુસંઘી, વિશ્વવ્યાપી ધર્મસભાના વડાધર્મગુરુ બન્યા. સંત પીતરના ઉત્તરાધિકારી તરીકે તેઓની વરણી થઈ તે પહેલાં તેઓશ્રી ફાધર જ્યોર્જ બરેગોલોયોસ એસ.જે. હતા, ત્યારબાદ આર્જેન્ટિના દેશના બુએનોસ આઈરેસ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષ બન્યા હતા.

**ઈગ્નાસ પ્રેરિત આધ્યાત્મિકતા :**

**૧. 'અધિક' હોવું :** ઈગ્નાસપ્રેરિત આધ્યાત્મિકતા માત્ર ઈસુસંઘીઓ માટે જ નથી. સંત ઈગ્નાસે પોતે વિવિધ લોકો માટે, પુરુષ અને સ્ત્રી, સંન્યસ્ત અને ગૃહસ્થ એમ સૌને માટે, આધ્યાત્મ સત્ર ચલાવ્યા. આજે પણ જે લોકો પોતાના ખ્રિસ્તીપણાને ગહન અર્થમાં જીવવા માગે છે, તેઓને ઈગ્નાસપ્રેરિત આધ્યાત્મિકતા ઘણી મદદરૂપ થઈ પડે છે. આ આધ્યાત્મિકતાનો એક ચાવીરૂપ શબ્દ છે માજીસ. માજીસ શબ્દ લેટિન ભાષાનો છે. તેનો અર્થ છે અધિક, વધુ સારું, છલકાતું. સંત ઈગ્નાસને ઈસુનો ભેટો થયો અને તેઓ અભિભૂત થઈ ગયા. સંત ઈગ્નાસની ઈસુની પાછળ પાછળ ચાલવાની અધિક ને અધિક ઈચ્છાને માજીસ કહી શકાય. ઈસુમાંથી પ્રેરણા અને શક્તિ મેળવીને આપણે હંમેશા ઈસુને અધિક પ્રેમ કરી શકીએ છીએ, ઈસુની અધિક સેવા કરી શકીએ છીએ, અને પ્રભુની ઈચ્છા અધિક અસરકારક રીતે પૂર્ણ કરી શકીએ છીએ. જે લોકો ખ્રિસ્તના સાચા મિત્રો તરીકે જીવે છે તે લોકોના જીવનમાં જોવા મળતા કાર્ય કરવાના તરવરાટને ઈગ્નાસપ્રેરિત આધ્યાત્મિકતામાં 'અધિક' હોવું કહેવામાં આવે છે.

**૨. 'અધિક'(MAG+S) - કાર્યક્રમનું નામ :** આપણા કાર્યક્રમનું નામ 'અધિક' છે. 'અધિક' માટેનો લેટિન ભાષાનો શબ્દ છે માજીસ. માજીસ શબ્દ સરવાળાની (+) થી લખાય છે **MAG+S**. સરવાળાની નિશાની દર્શાવે છે કે આ કાર્યક્રમ એવા યુવાનો માટે છે જેઓ પોતાના જીવનમાંથી કંઈક વધારેની અપેક્ષા રાખે છે. સરવાળાની નિશાની (+) આપણું ધ્યાન ઈસુના ક્રૂસ તરફ પણ દોરે છે, જે ક્રૂસ પર તેમનો આપણા પરનો પ્રેમ પૂર્ણપણે પ્રગટ થયો છે. શુભસંદેશ દ્વારા દોરવામાં આવેલા ઈસુ ખ્રિસ્તના ચિત્રનું ધરેલું ધ્યાન આપણને ઈસુની જીવનશૈલીથી પ્રભાવિત કરે છે. ઈસુનું ધ્યાન ધરવું એટલે ઈસુની વાણી સાંભળવી અને તેમને કાર્યમાં ડૂબેલા નિહાળવા. ઈસુમાં મૂર્તિમંત થયેલા પ્રભુના પ્રેમને રોકવો મુશ્કેલ છે. આ ધ્યાન ધરવાથી ખ્રિસ્ત જેવા થવાની, ખ્રિસ્ત જેવું જીવવાની અને ખ્રિસ્ત જેવો પ્રેમ કરવાની તીવ્ર ઈચ્છા જાગે છે. સંત ઈગ્નાસ આવી ઈચ્છાને આ રીતે શબ્દબદ્ધ કરે છે : 'ઓળખ કરવી, પ્રેમ કરવો, અનુસરવું.' 'અધિક' કાર્યક્રમ એવું વાતાવરણ પેદા કરે છે, જેમાં ખ્રિસ્તીધર્મનો સ્વાદ ચાખી શકીએ છીએ. ખ્રિસ્તીધર્મ 'અધિક' થવાનો અનુભવ છે. **(સ્રોત - અધિક ૨૦૧૬ પોલેન્ડ - પુસ્તિકા.)**

**માજીસ-૨૦૧૯ ગુજરાત :** 'મારું અંતર પ્રભુનો મહિમા ગાય છે' (લૂક ૧:૪૬) વિષયને કેન્દ્રમાં રાખીને તારીખ ૮ મી મે થી ૧૨મી મે ૨૦૧૯ સુધી ઝેવિયર ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ, સેવાસી ખાતે 'માજીસ-૨૦૧૯'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાતના લગભગ ૨૭ જેટલા ધર્મવિભાગમાંથી ૧૭૩ જેટલા યુવાન-યુવતીઓએ ભાગ લીધો હતો. રોજબરોજના જીવનમાં પ્રેમ, શાંતિ અને પ્રભુને પામવા યુવાનો માટે આ એક આધ્યાત્મિક કાર્યક્રમ છે. આ કાર્યક્રમ વડોદરા ધર્મપ્રાંતના એપોસ્ટોલિક એડમિનિસ્ટ્રેટર સ્ટેનિસ્લોસ ફર્નાન્ડીઝ એસ.જે., ફાધર બ્રાયન ડી'સોઝા (JYMSA), ફાધર સેડ્રિક પ્રકાશ એસ. જે, ફાધર ફ્રેડી ડી'સોઝા એસ.જે. તથા ગુજરાતના યુવા સંયોજક ફાધર નગીન મેકવાન એસ.જે. તથા અન્ય ફાધર્સ, સિસ્ટર્સના પ્રોત્સાહનથી સફળ રહ્યો હતો.

માજીસ-૨૦૧૯, ૮મી મે ૨૦૧૯ ના રોજ કાર્યક્રમની શરૂઆત યુવાન-યુવતીઓનાં રજિસ્ટ્રેશન અને માજીસ કીટ આપી કરવામાં આવી હતી. ત્યારબાદ મધ્યાહ્ન ભોજન ગ્રહણ કરી, આવેલા દરેક શિબિરાર્થીઓ એકબીજાને ઓળખતા થાય તેમજ એકબીજા વિશે જાણતા તેવા એક્શન સોન્ગ અને મનોરંજક રમતગમતનું આયોજન કરવામાં આવ્યું હતું.

પરમ પૂજ્ય સ્ટેનિસ્લોસ ફર્નાન્ડીઝ એસ.જે. દ્વારા માજીસ ક્રોસની સ્થાપના કરવામાં આવી હતી. ફાધર બ્રાયન ડી'સોઝા દ્વારા 'માજીસ-૨૦૧૯ ગુજરાત' કાર્યક્રમને ખુલ્લો જાહેર કરી યુવાન-યુવતીઓને માજીસ કાર્યક્રમ હેઠળ સંબોધતા જીજ્ઞાસા, વિશ્વાસ, હિંમત અને વફાદારીના સિદ્ધાતો દ્વારા ભૂલ અને બીજાની ભૂલોમાંથી શીખવા સમજાવી કાર્યક્રમ માટે તૈયાર કરવામાં આવ્યાં હતાં. ફાધર સેડ્રિક પ્રકાશ એસ.જે. દ્વારા પ્રારંભિક બેઠક ભારતના રાષ્ટ્રીય પવિત્ર પુસ્તક 'ભારતનું બંધારણ'ના લોકશાહી અને બિનસાંપ્રદાયિક સિદ્ધાંતોની વિરુદ્ધ ભારત અને ગુજરાતના દરેક સમાજને કેવા પ્રકારના પડકારોનો સામનો કરવો પડે છે તેના પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, તેમજ આજનો યુવાવર્ગ માનવ અધિકાર વિશે જાણતો થાય તે માટે ઉદાહરણ થકી સમજાવવામાં આવ્યું હતું. ફાધર ફ્રેડી ડી'સોઝા દ્વારા શુભસંદેશનાં મૂલ્યો તેમજ આધ્યાત્મિક કસરત જેવાં કે પ્રાર્થના, ઉપદેશ વગેરે કેટલાં ગતિશીલ છે તે જણાવવામાં આવ્યું હતું તેમજ શુભસંદેશનાં મૂલ્યો જીવનમાં કેવી રીતે આચરણમાં મૂકવાં જોઈએ તે સમજાવી પોતાના રોજિંદા જીવનમાં વધારે ને વધારે આધ્યાત્મિક બની માજીસ બનવા જણાવ્યું હતું.

રાત્રિ ભોજન ગ્રહણ કર્યા બાદ સર્વને અગાઉના માજીસ કાર્યક્રમની કેટલીક ઘટનાઓ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા બતાવવામાં આવી તેમજ આ માજીસ કાર્યક્રમો સફળ બનાવવામાં શુભચિંતકો દ્વારા સંદેશા મોકલવામાં આવ્યા હતા તે દર્શાવવામાં આવ્યું. અંતમાં ફાધર જોન પોલ લોબો એસ.જે. દ્વારા આત્મનિરીક્ષણ કરાવવામાં આવ્યું હતું. જેમાં આભાર અને સાંનિધ્ય, પસ્તાવો અને પ્રશંસા અને આવતીકાલ જેવા દરેક મુદ્દાઓ આવરી લઈને એક સુંદર શાંત વાતાવરણ ઊભું કરી દરેકને આત્મનિરીક્ષણનો અનુભવ કરાવ્યો હતો.

માજીસ કાર્યક્રમનો એક મહત્ત્વનો ભાગ એક એક્સપોઝર (પ્રવૃત્તિ) જે ૯મી મે ના રોજ યુવાન યુવતીઓએ કરી હતી. પરમપૂજામાં ફાધર સેડ્રિક દ્વારા બોધમાં પાંચ એલ (L) આપવામાં આવ્યા હતા. જેમાં ૧. સાંભળો (To Listen), ૨. જૂઓ (To look), ૩. પ્રેમ કરવો (To Love), ૪. શીખવું (To learn), ૫. જીવન જીવવું (To live) જેના દ્વારા આપણે દરેક, ખ્રિસ્ત અર્થાત્ માનવતાની સેવામાં રહીએ તે જણાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ભાગરૂપે આધ્યાત્મિક, યાત્રા પ્રવાસ, સામાજિક, પર્યાવરણ સર્જનશીલતા અને સાંસ્કૃતિક જેવી અનેકવિધિ પ્રવૃત્તિઓ દ્વારા જીવન શિક્ષણ મેળવવા માટે દરેક યુવાન-યુવતીઓને કુલ ૧૧ જૂથમાં વહેંચવામાં આવ્યાં હતાં. આ દરેક જૂથને અભિદર્શન / સ્વાનુભવ માટે અલગ અલગ જગ્યાએ મોકલવામાં આવ્યાં હતાં. જેમ કે, ૧. શ્રમ મંદિર - સિંધરોટ, ૨. મેન્ટલ હોસ્પિટલ - કારેલીબાગ, ૩. સેવાતીર્થ - તરસાલી, ૪. સ્વર્ગ કમ્યુનીટી કેર - ગોત્રી, ૫. ડોન-બોસ્કો સ્નેહાલય, ૬. આંકલાવ, ૭. ઈકોલોજી -સેવાસી, ૮. ગુજરાત વિદ્યાદીપ - સેવાસી, ૯. ટ્રાફિક અવેરનેશ - (અ) ફતેગંજ સર્કલ, (બ) ગાય સર્કલ, ૧૦. (અ) ઈસ્કોન મંદિર ગોત્રી, (બ) સ્વામિનારાયણ મંદિર - અટલાદરા, ૧૧. જીવનદર્શન.

માજીસના ત્રીજા દિવસે સાંજે દરેક જૂથ પોતાના એક્સપોઝર કાર્યક્રમની જગ્યાએથી ઝેવિયર ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટમાં કેમ્પસ તરફ પાછાં વળ્યાં હતાં. વર્તુળમાં બેસી આજના દિવસની પ્રવૃત્તિ આજનો મારો અનુભવ, મને પ્રભુના અનુભવ અંગે રજૂઆત કરવામાં આવી. તારીખ ૧૧ મી મે ૨૦૧૯ના રોજ ફાધર જોન પોલ લોબો એસ.જે. દ્વારા સવારનો ખ્રિસ્તયજ્ઞ કરવામાં આવ્યો હતો. ખ્રિસ્તયજ્ઞ, સફાઈ બાદ દરેક યુવાન યુવતીને પ્રાયશ્ચિતનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું અને પ્રાયશ્ચિત માટે તૈયાર કરવામાં આવ્યા હતા. પ્રાયશ્ચિત સાંભળવા માટે ૯ પુરોહિતો હાજર હતા. જ્યારે એક બાજુ પ્રાયશ્ચિત ચાલતું હતું ત્યારે બીજી બાજુ યુવાનો દ્વારા પ્રભુનો જયજયકાર, સ્તુતિ આરાધના કરવામાં આવી હતી ત્યારે એક ખૂબ જ સુંદર ભક્તિમય, આધ્યાત્મિક વાતાવરણ ઊભું થયું હતું. ત્યારબાદ સ્વાનુભવ માટે જે ૧૧ જૂથ પાડવામાં આવ્યા હતા તે જૂથે બે દિવસ દરમ્યાન કઈ કઈ પ્રવૃત્તિ કરી, તેમજ શું જાણવા મળ્યું અને શું સંદેશો આપી શકાય તે દરેક જૂથ દ્વારા નાટક, બોલીને કાં તો ગીત ગાઈને લોકોની સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. દરેક જૂથ માટે એક એક છેલ્લું માજીસ વર્તુળ કરવામાં આવ્યું હતું. જેમાં તેઓ બે દિવસમાં શું શીખ્યા, કેવો અનુભવ થયો, પ્રભુનો અનુભવ ક્યાં થયો તેવી બાબતો જૂથમાં એક બીજા સમક્ષ રજૂ કરવામાં આવી તે બાબતે મનનચિંતન કરવામાં આવ્યું હતું.

રાત્રી ભોજન પછી ફાધર ઈગ્નાસ એસ.જે.ની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથામાં ફાધર ઈગ્નાસ દ્વારા સા.રે.ગા.મા.પા. ધા.ની.સા.ની ધૂન મચાવવામાં આવી હતી, જેમાં યુવાનોને ઉન્નત સંદેશો આપ્યો હતો. કથામાં આવરિત આનંદ અને ભજનોની ધૂન યુવાનને ઈશ્વરની નજીક લઈ આવે છે અને ફાધર ઈગ્નાસ અને તેમની કથા ટીમ દ્વારા એક સુંદર સંદેશો યુવાનો સુધી પહોંચાડી સુંદર ભક્તિમય, આનંદમય, વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું. ૧૨મી મે ૨૦૧૯ એટલે માજીસ ૨૦૧૯ નો છેલ્લો દિવસ જ્યારે આ દિવસે માજીસના ૫ સ્તંભોમાંથી એક સ્તંભ એટલે કે સવારની પ્રાર્થના કે જે આપણી દિવસની દરેક સઘળી પ્રવૃત્તિઓ સંબંધોમાં ફેરવી દે છે, તે સવારની પ્રાર્થના કરવામાં આવી, સવારની પ્રાર્થના પછી આવેલ દરેક યુવાન-યુવતીના ચહેરા પરના આનંદને એક યાદગાર રૂપે સમેટવા માટે એક જૂથ ફોટો લેવામાં આવ્યો હતો. ત્યારબાદ આવેલ દરેક ધર્મવિભાગના યુવક-યુવતીઓએ પોતાના ધર્મવિભાગમાં આવનારા સમયમાં કેવા પ્રકારની પ્રવૃત્તિઓ, કાર્યક્રમ કરશે તે બાબતો પર ચર્ચા કરવામાં આવી અને દરેકની આગળ તે રજૂ કરવામાં આવી.

ત્યારબાદ કાર્યક્રમનો ભાગ બનેલા દરેકને મૂલ્યાંકન પત્ર આપવામાં આવ્યો, તેમના પોતાના અનુભવ તેમજ આ કાર્યક્રમને લગતો કોઈ પ્રતિસાદ તેમના દ્વારા લેવામાં આવ્યો. અંતમાં પવિત્ર ખ્રિસ્તયજ્ઞની આગેવાની ફાધર સુનિલ મેકવાન એસ.જે. દ્વારા કરવામાં આવી હતી. જેમાં તેમના દ્વારા યુથ સમક્ષ નેપાળમાં સંત ઝેવિયર્સ કોલેજના વિદ્યાર્થીનું સુંદર ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું કે, ત્યાં બિનખ્રિસ્તી યુવતીઓ માટે ચાલતા માજીસ કાર્યક્રમની વાત કરવામાં આવી તેમજ યુવાનો માટે માજીસ કાર્યક્રમ અહી પૂર્ણ નહીં પરંતુ અહીંથી શરૂ થાય છે તે વાત કરવામાં આવી. ફાધર નગીન દ્વારા અને GJYM દ્વારા ઝેવિયર ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ સેવાસીના ઈસુસંઘીઓનો આભાર માનવામાં આવ્યો. તેમજ શુભચિંતકો પ્રયોજકો અને તેમનો સમય, શક્તિ અને પ્રાર્થના માટે માર્ગોમાં ફાળો આપનાર દરેકનો આભાર માન્યો.●

અનુસંધાન પાન નં. ૧૫ પરથી ચાલુ...

ગોખણિયું-પોપટિયું શિક્ષણ નહીં પણ સમજણપૂર્વકનું શોધ-ખોળભર્યું જ્ઞાન, તે ય ગમ્મત સાથેનું શિક્ષણ ! પાછું હોમવર્ક થોડું અને મનપસંદ !'

સારસી સ્કૂલે પહોંચી. પ્રેમા સારસીને જોતાવેંત દોડીને વળગી પડીને લાડ કરતાં બોલી, 'મમ્મા, *I like my teacher a lot because he takes lots of interest in me. I would like to live here-* મમા !' સારસીએ પ્રેમાને છાતીસરસી ચાંપી દીધી. બંધ આંખે મનોમન બોલી, 'પ્રભુ, મને પહેલે ખોળે દીકરી આપી દીધી એટલે તારો મોટો આભાર ! નહીંતર....'

રાત્રે સાગરની સાથે વાતો કરતાં સારસી બોલી, 'પ્રભુએ આપણને પહેલી દીકરી આપીને આપણું જીવન ધન્ય બનાવી દીધું છે. આપણે આપણી પ્રેમાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા આ દેશમાં ના રહી શકીએ ?! એને અહીં ભણવું ખૂબ જ ગમે છે.' સાગર સારસીમાં આવેલા પરિવર્તનને નવાજી રહ્યો. પછી ધીરેથી બોલ્યો, 'સરુ, તને યાદ છે ? આ દેશની ધરતી પર પગ મૂક્યો ત્યારે તેં બીજા જ દિવસે રડતાં-રડતાં મને કહ્યું હતું, 'આપણે આપણા દેશમાં પાછા ન જઈ શકીએ ? અહીં તો મારો જીવ ગૂંગળાય છે.' તું એક વર્ષમાં આટલી બધી બદલાઈ ગઈ. એક કામ કરને તું અહીંની ટીચર્સ ટ્રેનિંગ લઈ લે. જેથી આપણે આપણા દેશમાં જઈને અહીંની શિક્ષણ પદ્ધતિથી આપણાં બાળકોને ભણાવી શકીએ. તારી ટ્રેનિંગનો આપણી પ્રેમાને ય લાભ મળશે ને ? વિચારી જોજે.' પથારીમાં પડ્યાં પડ્યાં સારસી-સાગર ઉજ્જવળ ભવિષ્યના વિચારોમાં તલ્લીન થઈ ગયાં.

૧૨ જુલાઈ કન્યા શિક્ષણ દિનના ઉદ્દેશને રજૂ કરતી આ એક ટૂંકી વાર્તા છે.●

અનુસંધાન પાન નં. ૧૭ પરથી ચાલુ...

અરૂપે સંસ્કૃતિકરણ પરત્વે પણ કટિબદ્ધ હતા. જોકે, આ બાબતે સાધારણ સભાના ઠરાવ-૩૨માં થોડો જ નિર્દેશ હોવા છતાં, અરૂપેએ આ વિષય પર એક પત્ર લખ્યો. હકીકતમાં, મિશનરી બાબતોના માંધાતાઓ તેઓને સાંસ્કૃતિકરણના પ્રણેતાઓ પૈકીના એક તરીકે શ્રેય આપે છે. દક્ષિણ એશિયાના પ્રાંતાધ્યક્ષો દ્વારા શરૂ કરવામાં આવેલા સંગઠનમાં સાંસ્કૃતિકરણના મુદ્દાને આગળ ધપાવવા સાથે પંચની ભલામણોના અમલીકરણ અંગે પંચને પ્રોત્સાહન આપ્યું હતું.

તેઓએ ઈશવિદ્યાનું શિક્ષણ આપતી આપણી પ્રાદેશિક સંસ્થાઓ જેવી પરિયોજનાઓને સહયોગ આપ્યો હતો. તેઓ ચેન્નાઈમાં સત્ય નિલાયમ અને દિલ્હીમાં વિદ્યાજ્યોતિને આશીર્વાદ આપવા આવ્યા હતા. સમાજના વિચારકો અને સુધારકોની નજીક ફૂલેફાલે તે માટે પર્વતીય પ્રદેશમાંથી સપાટ મેદાનો ધરાવતા પ્રદેશોમાં આ સંસ્થાઓનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. રોમમાં તેઓએ ઈગ્નાસની આધ્યાત્મિકતાનું એક કેન્દ્ર પણ શરૂ કરેલું જે વાર્ષિક પરિસંવાદોનું આયોજન કરતું, જેમાં સેંકડો ઈસુસંઘીઓએ ભાગ લીધેલો.

આ પરિસંવાદોમાં તેઓએ ઉપસ્થિત રહીને સત્રના અંતે પ્રવચન આપેલું. છેલ્લા ત્રણ પરિસંવાદો મહત્ત્વના હતા. ૧. આગળ ધપવાની આપણી રીત (૧૯૭૯), ૨. ઈગ્નાસની કૃપાસભર જીવનશૈલી જીવવા ત્રિએક ઈશ્વરની પ્રેરણા (૧૯૮૦), ૩. પ્રેમમાં મૂળ ધરાવતા અને સ્થપાયેલા (૧૯૮૧). ઈગ્નાસની આધ્યાત્મિકતાની વાત કરીએ તો આ તમામ શ્રેષ્ઠ બાબતો છે. વર્ષો પર્યંત તેઓએ સંઘને લખેલા અનેક પત્રો આ બાબતોમાં ઉમેરો કરે છે અને અનેક ગ્રંથો આપે છે. ભાઈઓ માટે તેઓને વિશેષ ચિંતા હતી અને તેઓ વિશે તેઓએ એક પુસ્તકનું લેખન કર્યું હતું : પ્રેમનું સાયુજ્ય.

તેઓએ સંઘનું શાસન ખૂબ જ સામૂહિક જવાબદારી સહિતનું અને સુસંગત બનાવેલું. તેઓના કાર્યકાળ અગાઉ, જનરલના હોદ્દાઓ પર બિરાજનારા ધર્મગુરુઓ રોમની બહાર ભાગ્યે જ જતા.

અરૂપે અવારનવાર સ્વ-અભ્યાસ અર્થે વિશ્વની પરિસ્થિતિ નિહાળવા પ્રવાસ કરતા અને સ્થાનિક ઈસુસંઘીઓને પ્રોત્સાહિત કરતા. નિયમિત પરામર્શ માટે પ્રાંતાધ્યક્ષોની સ્થાનીય પરિષદની પણ તેઓએ સ્થાપના કરી હતી અને એક 'શાળાનો આરંભ કરેલો જેમાં યુવા પ્રાંતપતિઓ તેઓની જવાબદારીઓ નિભાવવા અને પરસ્પરને ઓળખવા અને કેન્દ્રના સંપર્કમાં રહેવા જતા.

સંઘમાં ૫૦ વર્ષ પૂરાં કરવાના અવસર પર તેઓએ જણાવ્યું હતું : 'જૂના કરારના આબ્રાહામ અને નવા કરારના સંત પાઉલ તથા ઈસુસંઘી સંત ફ્રાન્સિસ ઝેવિયર મારે માટે સતત પ્રેરણાસ્રોત બની રહ્યા છે. કારણ પવિત્ર આત્માના પ્રભાવમાં આ ત્રણેય મહાનુભાવોએ કોઈપણ વળગણ વિનાનું જીવન જીવ્યા હતા. આજ બાબત સંત ઈગ્નાસના જીવનસૂત્રમાં સ્પષ્ટ થાય છે : 'પ્રભુમાં શ્રદ્ધા રાખો, જાણે કે સઘણું પ્રભુ પર આધારિત છે પણ એવી રીતે કામ કરો કે સઘળી સફળતા તમારા પર નિર્ભર છે.' ' (મહત્ત્વનાં લખાણો, પૃષ્ઠ ૬૯)●

અનુસંધાન પાન નં. ૧૯ પરથી ચાલુ...

ને વિશ્વને ખળભળાવી દેનારી સ્રીઓ, હું જોઈ રહ્યો છું તેની પરવશ માટે કેમ ચિંતા કરીને કોઈ નક્કર ને કાયમી ઉકેલ લાવતી નથી ? કેમ પોતાની જાતને જ આગળ ધરીને 'વાહ ! વાહ' મેળવવા ઉધામા મારે છે ? તેમાંય 'મેરા ભારત મહાન'નાં ઠાલાં ગાણાં ગાનારને મારે શું કહેવું ? જ્યાં અહીં જ રવરવ નર્કની દશા ભોગવતી દરેક ક્ષેત્રમાં ક્યાં ઓછી છે ?'

કેવડાની કાંટાળી ઘટા-પાન વચ્ચે સમય આવતાં કેવડાનાં ફૂલની મીઠી-મધુરી સુગંધ પ્રગટી ઊઠે છે. પણ પ્રદિપના કાળજામાંથી જાગેલી વેદનાભરી કરુણાનો કોઈ અંત તેને દેખાતો નહોતો. રંગબદલતી આ દુનિયા ? વિચારોના વમળ વચ્ચે નડિયાદ સ્ટેશન ક્યારે આવ્યું ને ગયું એની ઝાઝી દરકાર એણે ન કરી પણ આણંદ સ્ટેશન આવતાં જ 'લો સાહેબ! આણંદના ગરમ ગરમ, સ્વાદિષ્ટ ને પ્રખ્યાત દાલના ગોટા.'

કાન પાસે જ સંભળાતા શબ્દો ને સામે ધરેલો પડીકાંવાળેલ તાસક જોતાં જ એ બાળકો અને પત્ની સાથે ભીડ વચ્ચે ઉતરી ગાયબ થઈ ગયો પછી છેક અંતે એ બસસ્ટેન્ડ ઉપર દેખાયો. હવે અહીંથી જ તેના ગામ જતી બસમાં બેસી બાળકો સાથે તેના વિધૂર બાપના હૈયાનું હેતાળ હેત ચાખવાનું હતું.●



# કદર

✍ સિસ્ટર નીતા પરમાર Sch SA



ટ્રાફિકનું સિગ્નલ લાલ થતાં જ પગ બ્રેક પર જઈ અટકી ગયો. મનમાં ચાલેલા વિચારોના વમળો પર પણ જાણે અજાણે બ્રેક વાગી. મારી બાજુમાં ઉભેલી ન્યુ બ્રાન્ડ બી.એમ.ડબલ્યુ.X5 એ મારું ધ્યાન ખેંચ્યું. કાર એકદમ નવી નકોર હતી. એની સીટ પરનું પ્લાસ્ટિક હજી અકબંધ હતું. એવામાં એની આગળ એક સ્ત્રી એના નાના બાળકને લઈને ભીખ માંગવા લાગી. તેના વાળ ફેંદાયેલા અને ગંદા હતા, એના હાડકાં શરીરની બહાર આવવા જાણે હરિફાઈ કરી રહ્યાં હતાં. એની કેડમાં એક નાનું બાળક હતું. હુક પર લટકેલા શર્ટની જેમ એ લટકતું હતું. એ પણ એટલું જ ગંદુ અને દયામણું દેખાતું હતું. એ સ્ત્રીએ નવી નકોર કારના કાચ પર ટકોરા કર્યા પણ ન તો ગાડીનો કાચ નીચે થયો કે ના એને કંઈ ભીખમાં મળ્યું ! એટલામાં તો લાલ સિગ્નલ ગ્રીન થયું અને સૌ કોઈ પોતાનાં વાહનને આગળ કાઢવાની હરિફાઈમાં લાગી ગયા.

મને ખબર નહોતી એ કોણ હતી અને ક્યાંથી આવી હતી. બસ એટલી ખબર હતી કે એ એક ગરીબ અને લાચાર સ્ત્રી હતી. મનમાં રોકાઈ ગયેલા વિચારોને વમળોને પણ જાણે ગ્રીન સિગ્નલ મળી ગયું હતું. ત્યારે એક સંસ્કૃત ઉક્તિ મને યાદ આવી ગઈ. ‘યત્ર નાર્યસ્તુ પૂજયન્તે.’ જેનો મતલબ થાય કે સ્ત્રી પૂજનીય છે. આ શ્લોકમાં સ્ત્રીની ઘણી પ્રશંસા કરવામાં આવી છે, મને માત્ર એમ જ થયું કે આજે સ્ત્રીની પૂજા નહીં માત્ર કદર થાય તોય બસ છે...

પોતાને આધુનિક ગણાતા આજકાલના આપણા સમાજમાં કોઈના ઘરે પહેલી દીકરી આવે તો બધા જ ઘણા ખુશ થાય. હવે તો જલેબી નહીં પણ પેંડા વહેંચે એ પણ સુંદર મઝાના બોક્ષમાં. પણ જ્યારે એ જ ઘરમાં બીજી કે ત્રીજી દીકરી આવે ત્યારે કદાચ શબ્દોમાં નહીં, પણ મનના એકાદ ખૂણામાં એવી લાગણી ચોક્કસ થાય કે દીકરો આવ્યો હોત તો સારું થાત ! કશુંક ક્યાંક ઓછું હોવાનો અહેસાસ ચોક્કસ થાય છે ! આનંદની એ પળે હૈયાના એકાદ ખૂણામાં શોકનું ગ્રહણ ચોક્કસ લાગી જાય !

જ્યારે એ નવી નકોર, તાજી જન્મેલી પુત્રીને પિતાના હાથમાં પહેલી વાર સોંપવામાં આવે ત્યારે જ પિતાને એની કોમળતાનો અહેસાસ થઈ જતો હોય છે. પિતાના હાથમાં આવતાં જ એ પિતાના હૃદયમાં રહેલા સ્નેહ અને લાગણીના ઝરણાને એ સદાયને માટે વહેતું કરી દે છે. દીકરી એટલે જ વ્હાલનો દરિયો. ઘરમાં રમતી નાની દીકરીને એની ઢીંગલી સાથે રમતાં ક્યારેય જોઈ છે ? એ ઢીંગલીને પ્રેમથી રમાડે, જમાડે, સુવડાવે. એ નાની બાળકીને કોઈએ શીખવાડવું નથી પડતું કે મા કેમ બનવું. સ્ત્રી એટલે જ પ્રેમ, સમર્પણ, કોમળતા અને મમતાની મૂરત. ઈશ્વર પણ સ્ત્રીની આ કોમળતાથી અજાણ ન હતો. એટલે તો એણે આખી નવી પેઢીને જન્મ આપવાનો કાર્યભાર સ્ત્રીને સોંપ્યો. સ્ત્રી વિના તો સૃષ્ટિનો સર્જનહાર પણ લાચાર હતો અને એટલે જ એણે જ્યારે ઈશ્વર પુત્રને ધરતી પર મોકલવાનો વિચાર કર્યો ત્યારે મા મરિયમની મદદ માંગવી પડી હતી. કદાચ એમની સંમતિ વિના ઈશ્વર પણ પોતાના પુત્રને આપણી મધ્યે મોકલી શક્યો ન હોત !

એ જ કોમળ સ્ત્રી વખત પડે પોતાના મનોબળથી રજનીને અજવાળી શકે અને વિપ્લવને પણ સર્જાવી શકે છે. અવનવી કરામત કરનારી એટલે જ નારી ! ઈતિહાસનાં પાનાં પલટાવીએ તો ખ્યાલ આવે કે એણે કેટલાયે રાજમુગટ ઉતરાવ્યા છે ને કેટલાયે રાજરજવાડા માટે પોતાનો જીવ આપ્યો છે. પોતાના તાપ અને બલિદાનથી પાપીને પણ પુણ્યશાળી બનાવ્યા છે.

ક્રીશ મુરલી કહે છે કે, ‘All human beings are gifts of women.’ કારણકે આમ જોવા જઈએ તો મનુષ્ય જીવનો પ્રારંભ સ્ત્રીથી થાય છે. માતા બનીને એનામાં એ સંસ્કારોનું સિંચન કરે છે, અર્ધાંગના બનીને એના જીવનના દરેક સુખદુઃખની સહભાગી બને છે, દીકરી બનીને આખા ઘરમાં એની માસુમતાની લાલી ચારે તરફ ફેલાવે છે અને એટલે જ કદાચ સ્ત્રી વિના સમગ્ર સૃષ્ટિ અધૂરી છે. આજકાલ તો સ્ત્રી multitasking એટલે કે એક સાથે અનેક કાર્ય કરી લેવાની નિપૂણતા ધરાવે છે અને એટલે જ એના દરેક કાર્યની કદર થવી જોઈએ. માત્ર વુમેન’સ ડે પર જ નહીં પણ સતત એના કામની પ્રશંસા થવી જોઈએ. હેરીએટ બીચર સ્ટોવ કહે છે કે, ‘બધી જગ્યાઓએ જ્યાં સ્ત્રીઓને બાકાત રાખવામાં આવે છે તે બરબાદી તરફ વળી જાય છે, પરંતુ તેની આવતાની સાથે જ સૌજન્ય, સ્વચ્છતા અને આત્મવિશ્વાસની પધરામણી થાય છે.’

કોઈ કવિએ સુંદર કહ્યું છે કે, –
સર્જનહારે ગજબ કર્યો છે સર્જીને નમણી નારી
રંગીન જગતના તખ્તા પર છે એ નારીની બલિહારી,
એ ઉપવન છે, સમરાંગણ છે,
એ સરિતા છે, એ અગ્નિ છે, વર્ષા પણ છે.
જગતજનની પણ છે.●

Happy Parent’s Day. Feel Proud To Be A Mother


CANADA STUDENT VISA
• SDS, NON – SDS All Colleges
CANADA VISITOR VISA
• With Invitation Letter
USA VISITOR VISA
UK NURSES WORK PERMIT

**Word Overseas**
F8, FK Orchid, Opp. Elim Church, Mission Road, Nadiad
Mo : +91 99242 11299

# કરુણામયી માતા
# આધ્યાત્મિક કેન્દ્ર - નગરા





Karunamayi Mata, Spirituality Centre, Nagra - 388 620,
Ta. Khambhat, Dt. Anand, Phone Landline : 02698 223256

**તા. ૨૦ જૂન ૨૦૧૯ આરાધના**

**ફાધર જીમી ડાભી એસ.જે. દ્વારા ચલાવવામાં આવશે.**

**ઈશ્વરની અવિરત કરુણા-ધારા**

| રાત્રિ આરાધના | રીટ્રીટ | |
|---|---|---|
| મહિનાના ત્રીજા શનિવાર રાત્રે | મહિનાના ચોથા અઠવાડિયે<br>શુક્રવાર સાંજે ૮:૦૦ વાગ્યાથી<br>રવિવાર બપોરે ૧:૦૦ વાગ્યા સુધી | આરાધના અને રીટ્રીટમાં પધારવા<br>આપને હાર્દિક આમંત્રણ.<br>યથાશક્તિ દાન સ્વીકારવામાં આવશે. |
| જુલાઈ ૨૦૧૯<br>તારીખ : ૨૦<br>**ફાધર જીમી ડાભી એસ.જે.** | જુલાઈ ૨૦૧૯<br>તા. ૨૬ સાંજથી તો ૨૮ બપોર સુધી<br>**કથા-રીટ્રીટ, ફાધર ઈગ્નાસ એસ.જે.** | આરાધના માટે દૂરથી આવનાર વ્યક્તિઓ માટે<br>સાંજે જમવાની વ્યવસ્થા કરવામાં આવશે.<br>સંખ્યા અગાઉથી જણાવવા વિનંતી. |

**ફાધર ઈગ્નાસ કાનિસ એસ.જે.**
**ફાધર ડેનિયેલ આરોગ્યદાસ એસ.જે.**
**મો. ૮૮૪૯૦ ૧૦૩૧૭**

**ફાધર વિક્ટર દવમણી એસ.જે.**
**નગરા જેસ્યુટ પરિવાર**

**સિસ્ટર જ્યોતિકા એલ.ડી.**
**મો. ૯૭૧૪૧ ૩૬૪૫૭**
**અને મંગલ જ્યોત કમ્યુનિટી, નગરા**

***કરુણામયી માતા આધ્યાત્મિક કેન્દ્ર, નગરા - ૩૮૮ ૬૨૦ તા. ખંભાત, જિ. આણંદ***

# પ્રવેશ જાહેરાત

મેથોડીસ્ટ સ્કૂલ ઓફ નર્સિંગ મિશન રોડ, નડિયાદમાં ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલ માન્ય જનરલ નર્સિંગ મીડવાઈફરી ૩ વર્ષનો રેસીડેન્સીયલ કોર્ષ માટે ૨૦૧૯, ૨૦૨૦ના વર્ષમાં પ્રવેશ મેળવવા ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહ ઓછામાં ઓછા ૪૦ ટકા માર્કસ અંગ્રેજી વિષય સાથે પરીક્ષા પાસ કરેલ હોય તેવી અપરણિત અને શારીરિક યોગ્યતા ધરાવતી ફક્ત બહેનો ફોર્મ ભરી શકશે.

**ઉંમર : ૩૧ ડિસેમ્બર - ૨૦૧૯ના રોજ ૧૭ વર્ષ પૂરા**
**સમય : સવારે ૮ થી ૧, બપોરે ૨ થી ૫**

**શનિવારે ૮ થી ૧ ના સમય દરમ્યાન ફોર્મ મેળવી લેવું**

પ્રિન્સિપાલ મેથોડિસ્ટ સ્કૂલ ઓફ નર્સિંગ મિશન રોડ, નડિયાદ - ૩૮૭૦૦૨

**ફોન નં. ૮૨૦૦૯૧૪૬૧૪**
**૯૭૨૪૧ ૧૬૨૪૭**

## લગ્નવિષયક

ગુજરાતી કેથોલિક યુવક ઉ.વ. ૨૮, ઊંચાઈ ૫ ફૂટ ૫ ઇંચ યુ.એસ.એ. માં એચ૧બી વિઝા ધરાવતા અને નોકરી કરતા યુવક માટે યુ.એસ. એ.માં સ્થાયી થયેલ અથવા સ્ટુડન્ટ વિઝા ધરાવતી યુવતીના વાલીઓએ સંપર્ક કરવો. કુટુંબ કેથોલિક, સંસ્કારી, ધાર્મિક હોવું જરૂરી છે. જાહેરાત યોગ્ય પસંદગી માટે જ છે.

**મો. ૯૯૦૯૪ ૧૨૦૦૧ / ૯૭૨૬૫ ૭૫૧૦૦**

## લગ્નવિષયક

ગુજરાતી કેથોલિક યુવક ઉંમર ૩૮ વર્ષ, ઉચ્ચ શિક્ષિત, નામાંકિત કંપનીમાં ઉચ્ચ હોદ્દો તથા પગાર ધરાવતા, નિર્વ્યસની, ધાર્મિક, દેખાવડા, વેલસેટલ્ડ, કેથોલિક ધર્મસભાના નિયમ મુજબ લગ્ન ફોક કરેલ યુવક માટે કેથોલિક, ઉચ્ચ શિક્ષિત, નોકરી કરતી, સંસ્કારી યુવતીના વાલીઓએ બાયોડેટા સહ સંપર્ક કરવો. જાહેરાત ફક્ત યોગ્ય પસંદગી માટે છે.

**મો. ૮૩૨૦૧ ૩૧૩૩૪, ૮૧૬૦૩ ૦૭૯૬૦**
**E-Mail : praise.christian7@gmail.com**

## લગ્નવિષયક

ગુજરાતી કેથોલિક યુવક ઉંમર વર્ષ ૨૬, ઊંચાઈ ૫'-૮" BHMS ડૉક્ટર હાલમાં શ્રીજી હોસ્પિટલમાં ડૉક્ટર તરીકેની ફરજ નીભાવે છે. આ યુવક માટે સંસ્કારી, ખ્રિસ્તી, ડૉક્ટર, એન્જિનિયર, ટીચર, નર્સ કે પછી સમકક્ષ અભ્યાસ કરેલ યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૯૭૪૧ ૧૦૬૦૮**







## લોયોલાના સંત ઈગ્નાસ

સંત ઈગ્નાસનાં માતા તેમના જન્મ પછી તુરંત મૃત્યુ પામ્યાં હતાં. કુલ તેર ભાઈ-બહેનોમાં ઈગ્નાસ સહુથી નાના. મારિયા નામની એક બહેને તેમને ઉછેર્યા. મારિયા લુહારની પત્ની હતાં. તેમનો જન્મ લોયોલા નામના ગામે થયો હતો તેથી તેઓ લોયોલાના ઈગ્નાસ તરીકે ઓળખાયા.

નાનપણથીજ ઈગ્નાસને લશ્કરમાં કામ કરવાની અદમ્ય ઈચ્છા. ચુસ્ત કપડાં, ચમકતા બુટ અને કટારી લઈ તેઓ એક સૈનિક જેવો વેશ ધારણ કરતા. ૧૭ વર્ષની ઉંમરે લશ્કરમાં જોડાઈ ઇગ્નાસે અનેક લડાઈઓમાં ભાગ લીધો. ૨૦ મે ૧૫૨૧ના રોજ ફ્રેન્ચ લશ્કરે સ્પેઇનના પેમ્પલોના શહેર પર હુમલો કર્યો.

આ હુમલામાં ઈગ્નાસ બુરી રીતે ઘાયલ થયા. તેમનો જમણો પગ ઈજાગ્રસ્ત થયો અને ડાબા પગમાં અનેક ફ્રેક્ચર થયાં. આજથી પાંચ સૈકાઓ પહેલાં આજના જેટલી દાક્તરી સુવિધાઓ નહોતી. ઈગ્નાસના પગે ઘણીવાર ઓપરેશન કરવામાં આવ્યાં. પરંતુ તેમનો એક પગ બીજા કરતા થોડો ટૂંકો થઇ ગયો. આને લીધે ઈગ્નાસ થોડા લંગડાતા ચાલતા. આથી તેમની લશ્કરની કારકિર્દીનો અકાળે અંત આવ્યો. પરંતુ આ પણ ઈશ્વરની મહાન યોજના જ કહી શકાય !!!

ઈજાગ્રસ્ત ઈગ્નાસ જે હોસ્પિટલમાં દાખલ હતા ત્યાં સમય પસાર કરવા તેમણે પુસ્તકો માગ્યાં. આ તો મિશનરી હોસ્પિટલ હતી. વાંચન માટે ઈગ્નાસને જુદા જુદા સંતોનાં જીવન ચરિત્રો અને ધાર્મિક પુસ્તકો આપવામાં આવ્યાં. આ બધાં પુસ્તકોનું વાંચન ઈગ્નાસના જીવનમાં અણધાર્યો વળાંક લઈને આવ્યું. આખરે ઈગ્નાસનું હૃદય પરિવર્તન થયું. ઇગ્નાસે સન્યાસ અપનાવ્યો અને વિશ્વભરમાં ફેલાયેલ ઇસુસંઘની સ્થાપના કરી.

**નોંધ :** આપણી ધર્મસભા એકત્રીસ જુલાઈના દિવસે લોયોલાના સંત ઈગ્નાસનું પર્વ ઉજવે છે.

## આપત્તિના સમયે...



તાજેતરમાં સુરત શહેરમાં એક ટ્યૂશન કલાસમાં ભયંકર આગ લાગી અને કિશોર અવસ્થાના વીસેક વિદ્યાર્થીઓ અકાળે મોતને ભેટ્યા. સરકારી તંત્રનાં અપૂરતાં સાધનો અને આગમાં સપડાયેલ લોકોમાં આવા અકસ્માત સમયે લેવાવા જોઈતી તકેદારીની માહિતીના અભાવે આ ગોઝારા બનાવે આટલા બધા આશાસ્પદ વિદ્યાર્થીઓનાં કરૂણ મોત નિપજ્યાં અને સમગ્ર ગુજરાતને કમકમાવી દીધુ.

જાન્યુઆરી ૧૯૮૬માં દિલ્હી ખાતેની ફાઈવ સ્ટાર હોટેલ સિદ્ધાર્થ કોન્ટિનેન્ટલમાં ભયંકર આગ લાગી હતી. ઘણા લોકોનાં મોત થયાં હતાં. પરંતુ અમેરિકન અને જાપાનીસ લોકો બચી ગયા હતા. કારણ જાણો છો? આ વિદેશી લોકોને આવી આપત્તિના સમયે સ્વબચાવ કરતાં આવડતું હતું. પરદેશમાં અને હવે તો આપણા દેશમાં પણ ઘણી શાળાઓમાં બાળકોને આપત્તિના સમયે સ્વબચાવની તાલીમ આપવામાં આવે છે. દિલ્હીની હોટેલ સિદ્ધાર્થ કોન્ટિનેન્ટલની આગમાં ફસાયેલ વિદેશી લોકોએ તેમના હોટેલ રૂમના દરવાજા નીચેની પોલી જગ્યામાં ભીનો ટુવાલ મૂકી દીધો હતો. તેથી આગનો ધુમાડો તેમની રૂમમાં પ્રવેશી શકે નહિ. વળી ભીનો રૂમાલ પોતાના મોં અને નાક પર મૂકી જમીન પર ઊંધા સૂઈ ગયા હતા. ધુમાડો હંમેશા ઉપર તરફ જતો હોય છે. આથી જમીન પર સૂઈ રહેવાથી ધુમાડાથી બચી શકાય. માર્યા ગયેલ મોટાભાગના ભારતીય લોકો તાલીમને અભાવે સ્વબચાવની આવી જાણકારી ધરાવતા નહોતા. આથી ગૂંગળામણને લીધે કે પછી ડરના માર્યા હોટેલના ઉપરના માળેથી કૂદી પડવાથી તેમનાં કરૂણ મોત નિપજ્યાં હતાં.

વહાલા કિશોરમિત્રો, નાનપણથી જ અકસ્માત સમયે સ્વબચાવની તાલીમ જરૂર લેજો. તાત્કાલિક સારવાર; જેમ કે પડી જઈએ અને વાગે ત્યારે લેવા જોઈતી સારવાર, ચક્કર આવતાં કઈ તાત્કાલિક સારવાર કરી શકાય, દાઝી જઈએ તો તુરંત શું સારવાર લેવી, હાર્ટ એટેક આવે તો કે પછી કોઈ પાણીમાં ડુબતું હોય તો શું કરવું, વગેરે... આવી તાત્કાલિક સારવારની તાલીમથી તમે પોતે તો પોતાની જાતને સુરક્ષિત રાખી શકશો સાથે સાથે આપત્તિના સમયે બીજા કોઈનો જીવ પણ બચાવી શકશો. તો વળી રસ્તે જતાં જો કોઈ અકસ્માત જોવા મળે તો તુરંત આકસ્મિક સહાય પૂરી પાડતી સેવા ૧૦૮ ને કમ સે કમ એક ફોન કરી અકસ્માતની માહિતી આપવી જોઈએ. આથી તાત્કાલિક સહાય મળી શકે. આ પણ સેવાનું જ એક કામ છે.

## અમેરિકી રાષ્ટ્રધ્વજ



દુનિયાના દરેક દેશને પોતાનો એક રાષ્ટ્રધ્વજ હોય છે. રાષ્ટ્રધ્વજ જે તે દેશના નાગરિકોનું ગૌરવનું પ્રતીક ગણાય. ૪ જુલાઈનો દિવસ અમેરિકાનો સ્વતંત્રતા દિવસ છે. તો ચાલો અમેરિકન રાષ્ટ્રધ્વજની સફરનો રોચક ઇતિહાસ જાણીએ.

અમેરિકન રાષ્ટ્રધ્વજમાં તેર એક સરખા માપના લાલ અને સફેદ રંગના આડા પટ્ટા દોરેલા હોય છે. આમાં સાત લાલ રંગના અને છ પટ્ટા સફેદ રંગના હોય છે. ઝંડાની ઉપર ડાબી તરફ એક વાદળી રંગના લંબચોરસમાં પચાસ પાંચ ખૂણા વાળા નાના નાના સફેદ રંગના તારા દોરેલા હોય છે. આ તારા અમેરિકાના ૫૦ રાજ્યોને દર્શાવે છે. લાલ અને સફેદ પટ્ટા અમેરિકાની આઝાદી પહેલાંની તેર બ્રિટિશ વસાહતો પરની અંગ્રેજ હકુમત દર્શાવે છે.

હાલનો અમેરિકી રાષ્ટ્રધ્વજ ૧૯૬૦ના વર્ષથી ઉપયોગમાં લેવામાં આવી રહ્યો છે. આ ધ્વજની ડિઝાઈન પાછળ એક સુંદર મજાની વાત રહેલી છે. આ ધ્વજની ડિઝાઈન બૉબ હેફ્ટ નામના એક કિશોરે ૧૯૫૮માં તૈયાર કરી હતી. બૉબ સ્કૂલમાં ભણતો હતો ત્યારે શાળાના ઇતિહાસના શિક્ષકે એક પ્રોજેક્ટ તૈયાર કરવા આપ્યો. આ પ્રોજેક્ટમાં બૉબે આ ધ્વજની ડિઝાઈન બનાવી. ડિઝાઈન માટે તેના શિક્ષકે બૉબને B ગ્રેડ આપ્યો. ડિઝાઈન બનાવી ત્યારે ૧૯૫૮માં અમેરિકામાં ૪૮ રાજ્યો જ હતાં. અલાસ્કા અને હવાઈ રાજ્યો ત્યારે અમેરિકી સંઘમાં સામેલ થયાં નહોતાં. પરંતુ બૉબે ૫૦ સ્ટાર વાળી ડિઝાઈન તૈયાર કરી હતી. તે સમયના અમેરિકી પ્રમુખને બૉબે તૈયાર કરેલી ડિઝાઈન પસંદ આવી અને તેમણે તે ડિઝાઈનને અમેરિકી રાષ્ટ્રધ્વજ માટે નક્કી કરી. આમ અમેરિકી રાષ્ટ્રધ્વજ અસ્તિત્વમાં આવ્યો. રાષ્ટ્રપ્રમુખની પસંદગી પછી બૉબના શિક્ષકે પણ તેની ડિઝાઈનને B માંથી A ગ્રેડ કરી આપ્યો...

## ગૌત્તમ બુદ્ધ અને ગરીબ માણસ



એક દિવસ એક ખૂબ ગરીબ વ્યક્તિ ગૌત્તમ બુદ્ધ પાસે આવ્યો. ભગવાન બુદ્ધના ચરણોમાં માથું ટેકવી તેણે ગૌત્તમ બુદ્ધને પૂછ્યું, "હે પ્રભો, શા માટે હું અત્યંત ગરીબ છું?"

બુદ્ધે તેને જવાબ આપ્યો, "હે વત્સ, તું ગરીબ છે કારણ તું ઉદાર નથી. તું કોઈ દાન-ધર્મ આચરતો નથી."

બુદ્ધના ઉત્તરથી પેલી વ્યક્તિને આશ્ચર્ય થયું. તેણે કહ્યું, "ગુરૂદેવ, હું કેવી રીતે દાન-ધર્મ કરી શકું? કેવી રીતે ઉદારતા દર્શાવી શકું? મારી પાસે તો ફૂટી કોડી પણ નથી."

ગૌત્તમ બુદ્ધે તેણે સમજાવ્યું, "તારી પાસે પાંચ અમૂલ્ય ભેટ - ખજાનાઓ છે જે તું બીજાને વહેંચી શકે...

પ્રથમ, તારું આ સુંદર મુખડું. તારા ચહેરા પર સ્મિત રેલાવી શકે. આની કોઈ કિંમત ચૂકવવી પડતી નથી. તારા સ્મિત વડે તું બીજાના જીવનમાં ખુશી લાવી શકે...

બીજી અમૂલ્ય ભેટ એટલે તારી આંખો. તારી આંખોમાં દયા અને અનુકંપા દર્શાવી બીજા લોકોના જીવનમાં પ્રેમ દર્શાવી પરિવર્તન લાવી શકાય.

ત્રીજી અમૂલ્ય ભેટ એટલે તારી જીવ્હા. તારી જીભ વડે ઉચ્ચારતી વાણીમાં બીજા લોકો માટે સારું બોલવું. તેમની પ્રસંશા કરવી. બીજાઓને પોતાના કરતાં વધુ મહત્ત્વ આપવું. આમ કરીને તારા સંપર્કમાં આવતા લોકોમાં આનંદ અને હકારાત્મકતા લાવી શકાય.

ચોથી અમૂલ્ય ભેટ એટલે તારું હૃદય. તારા હૃદયમાં પ્રેમની સરવાણી વહેવી જોઈએ. ખરા હૃદયથી બીજા લોકોનું ભલું ઇચ્છવું જોઈએ. આમ કરવાથી બીજા લોકોના જીવનમાં આનંદ ફેલાશે. તેમનું ભલું થશે.

અને પાંચમી અને અંતિમ અમૂલ્ય ભેટ એટલે તારું આ શરીર. આવા સુંદર, ખડતલ અને નિરોગી તન વડે તું બીજા લોકોની ભલાઈના અનેક કાર્યો કરી શકે."

ગૌત્તમ બુદ્ધની વાત સાંભળી પેલા નિર્ધન માણસને પોતાની ભૂલ સમજાઈ. બુદ્ધનો આભાર માનતાં પોતાની નિર્ધનતા બદલ દુઃખી થવાને બદલે ઈશ્વર તરફથી મળેલ અમૂલ્ય માનવ જીવન બીજા લોકોના ભલા માટે ઉપયોગમાં લેવાનું નક્કી કરી પોતાને પંથે પડ્યો.

## વિશ્વ સહકાર દિન (જુલાઈ મહિનાનો પ્રથમ શનિવાર)




દુનિયાભરમાં જુલાઈ મહિનાનો પ્રથમ શનિવાર વિશ્વ સહકાર દિન તરીકે મનાવવામાં આવે છે. ૧૯૨૩થી આંતરરાષ્ટ્રીય સહકારી એકમ દ્વારા આ દિવસ જુદી જુદી રીતે ઉજવવામાં આવી રહ્યો હતો. પરંતુ ૧૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ સયુંકત રાષ્ટ્રસંઘની સામાન્ય સભામાં જુલાઈ મહિનાના પ્રથમ શનિવારને આંતરરાષ્ટ્રીય સહકાર દિન તરીકે ઘોષિત



કર્યા પછી ૧૯૯૫થી આ દિવસની ઉજવણી મોટા પાયે શરુ થઈ. ચાલુ વર્ષે છઠ્ઠી જુલાઈના દિવસે સયુંક્ત રાષ્ટ્રસંઘ આંતરરાષ્ટ્રીય સહકાર દિનના ૨૫ વર્ષ પૂરાં થતાં રજત જયંતી મનાવી રહ્યું છે.

નૂતન સમાજ અને નવા વિશ્વ માટે સમ્માન અને ગૌરવભેર દરેકનો વિકાસ થાય એ દિશામાં કદમ માંડવા એ સહકારી પ્રવૃત્તિનો મુખ્ય ઉદ્દેશ હોય છે. સમ્માન સાથે સમાજના દરેક અંગને, ખાસ કરીને તરછોડાયેલાં, નિર્બળ, ગરીબ, મહિલાઓ વગેરે જેવા સમાજના દરેક લોકોને ગૌરવભેર જીવનનિર્વાહ મળી રહે અને તેમના વિકાસની સાથે સાથે દેશ અને દુનિયાનો પણ વિકાસ થાય એ ઈચ્છીત ગણાય. સહકારી પ્રવૃત્તિઓનો વ્યાપ વધે, લોકોમાં સહકારી પ્રવૃત્તિ વિષે જાણકારી વધે અને સહકારી પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ ફૂલે-ફાલે એ આ દિવસની ઉજવણીનો ધયેય છે.

વિશ્વ સહકાર દિન નિમિત્તે દુનિયાભરમાં પ્રશંસા પ્રાપ્ત કરનારી બે સહકારી પ્રવૃત્તિ વિષે જાણીએ.

આપણું ગુજરાત રાજ્ય સહકારી પ્રવૃત્તિ માટે એક રોલ મોડલ સમાન રાજ્ય ગણાય છે. અહીં અસંખ્ય સહકારી સંસ્થાઓ ખૂબ સારું કાર્ય કરી રહી છે. આણંદ શહેરમાં શરુ થએલ અમુલ ડેરી આનું ઉત્તમ ઉદાહરણ ગણાય છે. સહકારી સિદ્ધાંતને અનુસરીને અમુલ ડેરીએ વિશ્વભરમાં નામના મેળવી છે. અમુલ દ્વારા પશુ-પાલન અને દૂધ ઉત્પાદનની સહકારી પ્રવૃત્તિ દ્વારા લાખો કુટુંબો, ખાસ કરીને મહિલાઓ આજીવિકા મેળવી પગભર થઈ છે. તેમનું જીવનધોરણ ઊંચું આવ્યું છે.

અમુલની જેમ જ ઇઝરાયેલમાં કિબુત્ઝ દ્વારા સહકારી રીતે ખેતીવાડીનું કામકાજ કરવામાં આવે છે. ઇઝરાયેલ દેશનો મોટોભાગ રણપ્રદેશ છે. ૧૯૪૮માં આઝાદી પ્રાપ્ત કરીને અસ્તિત્વમાં આવેલ આ દેશે અનોખી પ્રગતિ કરી છે. અહીં મોટાભાગની ખેતી સહકારી રીતે કરવામાં આવે છે. નાના નાના ખેતરોને બદલે અહીં વિશાળ ખેતરો અસ્તિત્વ ધરાવે છે. લોકો અહીં સામૂહિક રીતે ખેતીનું કામકાજ કરે છે. અને સમાન રીતે આવક વહેંચી લેવામાં આવે છે. આમ સહકારી પ્રવૃત્તિ દ્વારા રણપ્રદેશને ઈઝરાયલે નંદનવનમાં ફેરવી દીધો છે અને ખેત પેદાશો જેવી કે ફળો અને શાકભાજીની દુનિયાભરમાં નિકાસ કરવામાં આવે છે.



## તોફાન શમી ગયું

એક વખતે પ્રભુ ઈસુ ગાલીલ સરોવર પાર કરવા હોડીમાં બેઠા. તેમના શિષ્યો પણ ઈસુની સાથે હતા. સરોવર બિલકુલ શાંત હતું. મંદ મંદ શીતળ પવન લહેરાતો હતો. શિષ્યો હોડી હંકારતા હતા. ઈસુએ તો થાકને લીધે હોડીના પાટિયા પર આરામ કરવા લંબાવી દીધું. અને થોડી જ વારમાં ઘસઘસાટ ઊંઘી ગયા.

અચાનક પવનનું ભયંકર તોફાન આવ્યું. પવનની થપાટોથી હોડી ડગમગવા લાગી. સરોવરનાં પાણી હોડીમાં ભરવા લાગ્યાં. નાનકડી હોડી ડૂબું ડૂબું થવા લાગી હતી, પરંતુ ઈસુ તો શાંતિથી ઊંઘતા હતા ! શિષ્યો ગભરાઈ ગયા. શિષ્યોએ ઈસુને ઉઠાડ્યા અને કહયું, ''પ્રભુ, બચાવો, બચાવો ! અમે તો મરી ગયા !''

ઈસુ જાગ્યા. હોડીમાં ઊભા થઇ તેમણે શિષ્યોને કહ્યું, ''અરે અશ્રદ્ધાળુઓ, તમે ગભરાઓ છો કેમ ?'' આમ કહી તેમણે પવનને વાર્યો અને સરોવરના તોફાની મોજાંઓને કહ્યું, ''ચૂપ, શાંત થઇ જા !'' તરત જ પવન પડી ગયો અને તોફાન શાંત પડી ગયું.

પછી ઈસુએ શિષ્યોને ઉદ્દેશીને કહ્યું, ''તમે આવા ડરપોક કેમ છો ? હજી તમને શ્રદ્ધા કેમ નથી ?''

શિષ્યો તો આશ્ચર્યચકિત થઇ ગયા હતા. તેઓ એકબીજાને કહેવા લાગ્યા, ''આ તે કેવો માણસ છે કે વાયુ અને સાગર સુધ્ધાં એનું કહ્યું માને છે !''

શિષ્યોએ અંતરમાં અનુભવ્યું હશે કે આ બધાનો એક જ જવાબ હોઈ શકે - પ્રભુ ઈસુ વાયુ અને જળ, એમ સમગ્ર સૃષ્ટિના સ્વામી છે.

***પ્રવૃત્તિ : ઉપરોક્ત પ્રસંગ વાંચો - લૂક ૮:૨૨-૨૫***

## ચિંતન પુષ્પ

***''તમે લોકોની ભીડ માટે નથી રમતા...
તમે દેશ માટે રમો છો...''***

- મહેન્દ્રસિંહ ધોની (પૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન
- જન્મ તારીખ : ૭ જુલાઈ ૧૯૮૧)

- રાજેશ ક્રિશ્ચિયન
(M) 94265 84028

Email :
rajesh.christian@yahoo.co.in

શ્રદ્ધાંજલિ...

# સ્વ. ફાધર પરિઝા



**આદરણીય ફાધર પરિઝા**

૧૦૨ વર્ષીય સ્પેનિશ ઈસુસંઘી મિશનરી રેવ. ફાધર જોસ મારિયા લોપેઝ દે પરિઝા, જેમણે મોટાભાગે અમદાવાદ અને વડોદરા ધર્મપ્રાંતમાં એક પુરોહિત તરીકે સેવા આપી હતી, તેઓશ્રીના અવસાનના સમાચાર જાણી મને ઊંડું દુઃખ થયું. ૭૩ વર્ષના પુરોહિત જીવનમાં દરરોજ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરતા હતા તેમજ એક ઈસુસંઘી પુરોહિત તરીકે નિત્ય પ્રાર્થના (Breviary) પણ તેઓ ચૂક્યા ન હતા તે જાણી આનંદ- આશ્ચર્ય થયું.

સેવાકાળ દરમિયાન જેમની જવાબદારી તેમને સોંપવામાં આવી હતી તેવા ઘણા પુરોહિત, સંન્યસ્તજનો અને ધર્મજનોના જીવન પર તેઓ એક કાયમી ઉમદા છાપ છોડી ગયા છે. તિમોથી પર સંત પાઉલના પત્ર (૪:૭-૮) ની કેટલીક કલમ ફાધર પરીઝા માટે યર્થાથ ઠરે છે : 'હું મંગલ શરતમાં ઝુઝ્યો છું, શ્રદ્ધામાં અટલ રહ્યો છું અને હવે તો વિજયમાળા મારી રાહ જોઈ રહી છે. જે અદલ ઈન્સાફ કરનાર ન્યાયાધીશ પ્રભુ મને તે દિવસે આપશે - ફક્ત મને જ નહિ પણ તેમના પ્રગટ થવાની પ્રેમપૂર્વક પ્રતીક્ષા કરનાર સૌને.'

પરમાત્મા સ્વ. ફાધરને શાશ્વત વિરામ આપે એવી પ્રાર્થના સાથે પૂરા દિલથી ગુજરાતની ધર્મસભા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવું છું. આપ સૌની સાથે હું પણ પ્રાર્થના કરું છું કે દયાસાગર પિતાજી ફાધરના પવિત્ર આત્માનો સ્વર્ગધામે આવકાર કરે. જેઓ બધા સ્વર્ગસ્થ ફાધરના દફન ખ્રિસ્તયજ્ઞમાં જોડાયા હતા તે તમામને અંતઃકરણપૂર્વક વડાધર્મગુરુ ફ્રાન્સિસના પ્રૈષિતિક આશીર્વાદ અને પ્રભુમાં આશ્વાસન અને સામર્થ્ય પ્રાપ્ત થાઓ, એ જ અભ્યર્થના.

**ખ્રિસ્તમાં આપનો બંધુ**
**આર્ચબિશપ જીયામ્બાત્તિસ્તા દિકાત્રો**
**એપોસ્તોલિક નૂન્સિયો, દિલ્હી**

## પથદર્શક ફાધર પરિઝા

'ઈસુ નામ ભાલે અંકાયેલ, જાતનું અર્પણ પ્રભુને થયેલ
પ્રાણ શુદ્ધ જળે રે ધોવાયો, મહાપ્રસાદ થકી રે પોષાયો.'

ભજનની પંક્તિઓ તો ઘણીવાર દફનવિધિમાં મારે કાને પડી છે, પણ સ્વ. ફાધર પરીઝાની અંત્યેષ્ઠિમાં મને વધારે યર્થાથ લાગી. ફાધર સાથે મારી છેલ્લી મુલાકાત આઈ.સી.યુ.માં થઈ, તેમની પરિસ્થિતિ જોતાં મેં હૃદયના ઊંડાણમાં પ્રાર્થના કરી, 'પ્રભુ આપના સેવકને જલ્દી તેડાવી લો...' સાંજે ફાધર સાજીનો સંદેશ હતો કે, 'હવે ફાધર ફરી વાર સાજાનરવા કદાચ ન પણ થાય !' રાત્રે છેલ્લા સમાચાર મળ્યા, 'ફાધર રાત્રે ૯:૩૦ કલાકે પરમધામે સિધાવ્યા છે.' ૨૦ મી જૂને ફાધરના દેહવિલયના સમાચાર વાયુવેગે ફેલાયા અને શ્રદ્ધાળુઓનો એક જ ઉદ્‌ગાર હતો : 'હેં, દાદા હવે નથી રહ્યા !'

૨૧ જૂન, ૨૦૧૯ના રોજ બપોરે ૧:૦૦ થી ૨:૪૫ સુધી ફાધરના પાર્થિવ દેહને સેંટ ફ્રાન્સિસ દેવાલય- ગામડી આણંદ ખાતે જાહેર દર્શનાર્થે રાખવામાં આવ્યો. ફાધરના ચાહકોએ સજળ નેત્રે દર્શન કર્યા. બપોરે ૩:૦૦ કલાકે દેવાલયના પટાંગણમાં વિશાળ શમિયાણા નીચે તેઓશ્રીના અંતિમ ખ્રિસ્તયજ્ઞનો આરંભ થયો જેમાં અમદાવાદ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષશ્રી રત્નાસ્વામી, વડોદરા ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષ ગોડફ્રી દે રોઝારિયો એસ.જે. અને પ્રૈષિતિક વહીવટકર્તા પરમપૂજ્ય સ્તાનિસલાઉસ ફર્નાન્ડીઝ એસ.જે., ફાધર ટેલેક્ષ ફર્નાન્ડીઝ (વિકર જનરલ, ગાંધીનગર મહાધર્મપ્રાંત), ફાધર શેખર માણિકમ્ (સોશ્યસ ઈસુસંઘ-ગુજરાત પ્રાંત), બસોથી વધારે પુરોહિતગણ, સેંકડો સાધ્વીબેનો અને હજારો ધર્મજનો જોડાયા હતા. જેમાં કેથોલિકો ઉપરાંત ખ્રિસ્તીઓ અને બિનખ્રિસ્તીઓની હાજરી પણ નોંધપાત્ર હતી. સમગ્ર ગુજરાતના દૂરદૂરના વિસ્તારમાંથી ફાધરના ચાહકો પધાર્યા હતા. વિશેષમાં વર્ષો સુધી સેવારત મિશન કેન્દ્ર ગોઠડા, નડિયાદ, આમોદના ધર્મજનોની હાજરી સવિશેષ હતી. શમિયાણામાં માનવકદની 'સાયકલ સવાર ફાધરની છબી' સૌનું ધ્યાન ખેંચતી હતી. જીવનભર પ્રભુની પ્રજાના શ્રદ્ધા ઘડતર માટે કાર્યરત ફાધર જાણે સ્વર્ગસ્થ થયા પછી પણ પ્રશ્ન પૂછી રહ્યા હતા : 'શું તમે પરમેશ્વરમાં શ્રદ્ધા રાખો છો ?' ખ્રિસ્તયજ્ઞ બાદ ભજનોની સુરાવલિ વચ્ચે ફાધરની અંતિમ યાત્રા શરૂ થઈ. ઝેવિયર્સ કમ્યુનિટી, આણંદના ઈસુસંઘીઓએ સ્વર્ગસ્થ ફાધરના પાર્થિવ દેહને કાંધ આપી, ખુલ્લા વાહનમાં રાખ્યો અને આજુબાજુ સ્થાન ગ્રહણ કર્યું. ફરીએકવાર વાહનમાંથી કબર સુધી તેમણે કાંધ આપી, વડીલ ઈસુસંઘી પ્રત્યે પોતાનું ઋણ અદા કર્યું હતું. ફાધરનો પાર્થિવ દેહ ગામડી કબ્રસ્તાનમાં સાંજના ટાણે સૂર્યના અસ્ત સાથે ભૂમિમાં પોઢી ગયો ! જાણે ગુજરાતની ધર્મસભાના એક વિરલ શતાયુ ઈસુસંઘીનો યુગ આથમી ગયો.

૧૦૨ વર્ષનું દીર્ઘાયુષ્ય અને ૮૫ વર્ષના ઈસુસંઘી જીવનમાં તેઓશ્રીએ ગુજરાતની ધર્મસભાની અનેકવિધ સેવા કરી, આવા વિરલ મહાન ઈસુસંઘી વિશે લખવા મારો પનો ટૂંકો જરૂર છે પણ કેટલાંક સ્મરણો હું રજૂ કરી શકું. ફાધરનો મારા જીવન પરનો પ્રભાવ છેક મારો પ્રિ-નૉવિશિયેટથી શરૂ થાય છે. તે વખતે હું સાંભળતો હતો : 'પવિત્ર ફાધર પરિઝા, ભલા ભરવાડ અને ગરીબોના બેલી.' અને જુવાન ઈસુસંઘી તરીકે મારા તાલીમનાં વર્ષમાં તેઓ મારી પ્રેરણાનો સ્રોત હતા. મનોમન તેમના જેવું પવિત્ર જીવન જીવવા મારામાં ઉત્સુકતા જાગતી હતી. ૨૦૦૯માં તેઓશ્રી પોતાના વતન સ્પેન ગયા ત્યારે મેડ્રિડ એરપોર્ટ ઉપર તેઓશ્રીને આવકારવાની મને તક મળી હતી. છેલ્લે માર્ચ-૨૦૧૪ થી મારી નિમણૂક આણંદ ખાતે થઈ ત્યારે એક જ કમ્યુનિટીમાં હું તેમને નિકટથી પરિચયમાં આવ્યો. દરેક મહિને ઓછામાં ઓછું બે વાર તેઓ મારી પાસે પ્રાયશ્ચિત અંગીકાર માટે આવતા હતા. એક વડીલ પુરોહિત, એક જુવાન પુરોહિત પાસે પાપ સ્વીકાર માટે આવે, એ મારા માટે

જીવનપાથેય હતું. અમારી વચ્ચે આધ્યાત્મિક સંવાદ થતો જેનાથી મને અચૂક ફાયદો થયો છે. આ વાતચીત દરમિયાન સંન્યસ્ત જીવનના ચઢાવ વચ્ચે તેઓ ઉત્તમ ઉદાહરણ અને પ્રોત્સાહન પૂરાં પાડતા હતા. સ્વર્ગસ્થ ફાધર હવે સદેહે આપણી વચ્ચે હયાત નથી પણ તેઓશ્રીનાં સંસ્મરણો જીવંત રહેવાનાં એમાં બેમત ન હોય. સ્વ. ફાધરની અંતિમ વિધિમાં અને પ્રાર્થના સભામાં ઉપસ્થિત હજારો શ્રદ્ધાળુઓ પર ફાધરનો પવિત્ર પ્રભાવ જોવા મળ્યો છે, જેને કાયમી રાખવા હું નમ્ર અરજ કરું છું. એક ઉપાય છે, ફાધરનું પુણ્યસ્મરણ તાજુ રાખવા તેમના સદ્‌ગુણો વાગોળવા અને આચરણમાં મૂકવા હું અનુરોધ કરું છું. આમ તો અગણિત સદ્‌ગુણો નજર સામે તરી આવે છે પણ કેટલાક ઉડીને આંખે વળગે તેવા સદ્‌ગુણો જરૂર આચરણમાં મૂકી શકાય એવા છે.

ફાધર પ્રભુના, પ્રાર્થનામય માણસ હતા. સંન્યસ્ત વ્રતને સંપૂર્ણ વફાદાર હતા. જીવનના સંધ્યાકાળે પોતાનો સમય એકાંત પ્રાર્થનામાં, પવિત્ર પ્રીત સંસ્કારની આગળ ગાળતા હતા. માતા મરિયમ પ્રત્યે વિશેષ પ્રેમ અને ભક્તિ હતાં, પવિત્ર ગુલાબમાળાની ભક્તિ વિનાનો દિવસ ભાગ્યે જ ગયો હશે. ભલા ગોવાળ તરીકે ગરીબ અને જરૂરિયાતમંદ પ્રત્યે વિશેષ અનુકંપા હતી. પોતાની પાસે જે કંઈ હોય તે તેમને વહેંચી આપતા અને પ્રેમ દર્શાવતા. લગ્નભંગ માટે ભારે દુઃખ હતું એટલે લગ્ન ટકાવી રાખવા મરણિયા પ્રયાસ કરતા અને ઘણા કિસ્સામાં લોકોએ તેમની વાત માન્ય રાખી ઘરસંસાર નિભાવ્યો હતો. એક ઈસુસંઘી તરીકે પોતાના ઉપરીઓને આજ્ઞાધીન હતા. ઉપરીનું માન જાળવતા, તેમની ઈચ્છાને ઈશ્વરની ઈચ્છા તરીકે ગ્રાહ્ય રાખતા હતા.

સ્વ. ફાધરના સંપર્કમાં આવનાર કોઈપણ તેમનો જીવતા સંત તરીકે આદર કરતા હતા. એ આદરને પૂજ્ય ફાધરના સદ્‌ગુણોને આત્મસાત કરી તેમાં વધારો કરીએ. વિશેષમાં ગુજરાતની ધર્મસભામાં મબલક પાક લણનાર તેડાં પાકે તેવી આપણે ફાધરને મધ્યસ્થી અરજ કરીએ. ગુજરાતની ધર્મસભાના ભલા ગોવાળ સદૈવ આપણા માટે પરમેશ્વર પિતાને અરજ કરતા રહેશે એવો ભરોસો કાયમ રાખીએ.

**- ફાધર એન્થોની પિચ્ચાઈ એસ.જે.**

મેનેજર, આણંદ પ્રેસ, આણંદ અને રેક્ટર, ઝેવિયર્સ કોમ્યુનિટી, આણંદ

## ફાધર પરિઝા-મારા આદર્શ

ઈસુસંઘી પીઢ મિશનરી ફાધર પરિઝા પરમ સુખ અને શાશ્વત શાંતિ માટે પોતાના સર્જક પાસે પહોંચી ગયા છે. લોકો એમને પવિત્ર પરિઝાના હુલામણા નામથી ઓળખે છે. હું મને સદ્દભાગી ગણું છું કે, મને ફાધર પરિઝા સાથે આમોદ અને ગોઠડા ખાતે કામ કરવાની ઘણી તક મળી છે.

૧૯૭૭માં મને 'દૂત'ના તંત્રી તરીકે નિમણૂક મળી. તે વખતે ફાધર પરિઝા આમોદ મિશન તાબામાં સભાપુરોહિત હતા. તેમણે મને ડિસેમ્બર ૧૯૭૭માં નાતાલની ઉપાસના વિધિઓમાં મદદ કરવા આમંત્રણ આપ્યું અને હું એક બિનઅનુભવી યુવાન પુરોહિત હોવા છતાં ફાધર પરિઝાએ મને નાતાલની બધી ઉપાસનાવિધિ સોંપી. તેઓ ચર્ચમાં લોકો હોય ત્યારે આખો વખત લોકોના પ્રાયશ્ચિત સંસ્કાર સાંભળવામાં અને લોકોને ખ્રિસ્તી જીવનનું માર્ગદર્શન આપવામાં વ્યસ્ત રહેતા.

દેવળમાં પરમપૂજા ચડાવવા, ધર્મબોધ આપવા અને સ્નાનસંસ્કાર કરાવવા જેવી ઉપાસના વિધિઓ ચલાવવાનું મને ખાસ ગમતું હતું. વળી, ફાધર પરિઝા સાથે લોકોના ઘરની મુલાકાત લેવામાં પણ મને આનંદ હતો. હું જોતો હતો કે, ફાધર પરિઝા લોકોની વાત સાંભળવામાં અને તેમને યોગ્ય માર્ગદર્શન આપવામાં ખૂબ શાણા હતા. કુટુંબની મુલાકાત દરમિયાન ફાધર પરિઝા ફક્ત ઘરના બધા લોકોની ક્ષેમકુશળ પૂછવા સાથે ઘરથી દૂર ગયેલાં સગાંસંબંધીઓ અંગે પણ યાદ કરીને પૂછતા હતા! સંઘર્ષમાં આવેલાં યુગલો તેમ જ છૂટાછેડાના આરે આવેલાં પતિપત્નીઓને યોગ્ય માર્ગદર્શન આપી ખ્રિસ્તી જીવનમાં મક્કમ બનાવવાનો સફળ પ્રયત્ન કરતા હતા.

એક મિશનરી તરીકે અંગત રીતે ફાધર પરિઝા ખૂબ નમ્ર અને સાદગીભર્યું જીવન ગાળતા. તેમનું પ્રાર્થના અને ત્યાગમય જીવન લોકોની સેવામાં સમર્પિત હતું. તેમની જરૂરિયાતો ખૂબ મર્યાદિત હતી. તેમની આરપાર જોઈ શકાય એવા જીવનની જેમ એમનું આમોદ મિશનમથક પણ બધાને માટે ખુલ્લું હતું. કોઈ ચોર ઘરમાં પેસી જાય તો પણ એને ઉપાડી લેવા જેવી બાબત ઘરમાં નહોય! મિશનમથકની સંભાળ રાખનાર ફાધર પરિઝાના એક મિસ્ત્રી હતા. છતાં ફાધર માટે કોઈ વિશેષ વાનગી નહિ પણ છાત્રાલયનાં બાળકોના રસોડામાં જે બનાવે તે જ ખોરાક ફાધરને પણ જમવા મળતો.

આમોદ તાબા હેઠળ આમોદમાં તેમ જ બીજાં બેત્રણ ગામોમાં પણ પ્રાથમિક શાળાઓ હતી. જ્યારે આમોદ મિશનની સુવર્ણ જયંતી ૧૯૬૨માં ઉજવવામાં આવી ત્યારે ફાધરને મળેલી ભેટો અને દાનોમાંથી ફાધર પરિઝાએ આમોદ ખાતે પ્રાથમિક શાળાનું પાકુ નવું મકાન બંધાવડાવ્યું.

આમોદ મિશન તાબામાં ફાધર પરિઝા ઈસુસંઘમાં જોડાયાની સુવર્ણજયંતી ૧૯૮૩ ઉજવવામાં આવી અને એ જ વર્ષે એમની બદલી ગોઠડા (સાવલી) ખાતે ફાતિમા મરિયમ ધામમાં સભાપુરોહિત તરીકે થઈ. ફાધર પરિઝાનો જન્મ સ્પેનના બિલ્બાવ ખાતે ૧૯૧૭ મે ૧૩મી રોજ થયો હતો. એ જ દિવસે પોર્ટુગલ ફાતિમા ધામે માતા મરિયમે ત્રણ બાળકોને - ફ્રાન્સિસ્કો, જાસીન્તા અને લુસિયાને — દર્શન દીધાં હતાં.

એક અગ્રગણ્ય પહેલ કરનાર મિશનરી તરીકે ફાધર પરીઝાએ ગોઠડામાં ફાતિમા ઉત્તર બુનિયાદી શાળા શરૂ કરી હતી. જે સમય જતાં સામાન્ય હાઈસ્કૂલ અને હાયર સેકેન્ડરી સ્કૂલ પણ બની રહી. તેમણે ફાતિમા છાત્રાલય માટે નવું મકાન પણ બંધાવ્યું. દેખીતી રીતે ફાધર પરિઝા હમેશાં બાળકોના શિક્ષણને ખૂબ મહત્ત્વ આપતા હતા. આમોદ તાબાના લોકોની જેમ ગોઠડા તાબાના ખ્રિસ્તી લોકોએ પણ ફાધર પરિઝા ઈસુસંઘમાં જોડાયાના સુવર્ણ જયંતી ૧૯૮૩માં ઊજવી હતી. ટૂંક સમયમાં એટલે ૧૯૮૭થી ફાધર પરિઝાએ ગોઠડા ખાતે સરકારી અનુદાનવાળી હાઈસ્કૂલ પણ શરૂ કરી હતી. વળી તેમણે વાઘોડિયા તાલુકામાં વેજલપુર ખાતે ૧૫ વીઘાં જમીન ખરીદીને નવું ઉપમિશન કેન્દ્ર પણ શરૂ કર્યું હતું. પણ જમીન ખરીદવા અને મકાનો બાંધવા કરતાં ફાધર પરિઝા હમેશાં ખ્રિસ્તી કુટુંબો અને સમાજ સધ્ધર કરવાના સેવાકામને અગ્રિમતા આપતા હતા. એટલે લોકોને એમનાં કુટુંબમાં અને ગામમાં જઈને મળવામાં અને એમની સાથે પ્રાર્થના અને પરમપૂજા

કરવામાં પોતાનો સમય આપતા હતા. નજીકનાં ગામોમાં તેઓ સાઈકલ પર જતા હતા તો દૂરના ગામોમાં જવા માટે તેઓ મોટરસાઈકલ વાપરતા હતા. લોકોની ધાર્મિક સેવામાં પોતાની જાતને ન્યોછાવર કરવામાં ફાધર પરિઝા માનતા હતા. ગોઠડાના ખ્રિસ્તીજનોએ ૧૯૯૨ મેની ૧૩મીએ ફાધર પરિઝાના આયુષ્યના ૭૫ વર્ષની ઉજવણી ખૂબ ધામધૂમથી કરી હતી. એના બે વર્ષ પછી ૧૯૯૪માં ફાધર પરિઝાની બદલી આણંદ ખાતે સેન્ટ ઝેવિયર્સ તાબામાં મદદનીશ પુરોહિત તરીકે થઈ. ત્યાં ફાધર પરીઝા ૧૯૬૩થી ૧૯૬૯ સુધી સભાપુરોહિત રહી ચૂક્યા હતા. પણ ફરી વાર આણંદ પરત આવ્યા ત્યારે આણંદ તાબો ઘણીબધી રીતે બદલાઈ ગયો હતો. આણંદ તાબામાંથી બીજા બે નવા તાબાઓ બન્યા; એટલું જ નહિ, પણ ચર્ચ પાસે ઘણીબધી ખ્રિસ્તી હાઉસિંગ સોસાયટીઓ આવવાથી ચર્ચમાં ઉપાસનાવિધિઓમાં આવનાર ખ્રિસ્તીઓની સંખ્યા વધી હતી અને નવું દેવળ પણ બંધાયું હતું. ફાધર પરિઝા દેવળમાં રોજ સૌથી પહેલી પરમપૂજા અર્પણ કરતા અને સવાર સાંજ સાઈકલ પર લોકોની મુલાકાત લેતા હતા.

આણંદ તાબાના લોકોએ અને ઈસુસંઘે ફાધર પરિઝાના સો વર્ષ પૂર્ણ કર્યાની ઉજવણી ૨૦૧૭માં ભવ્ય રીતે કરી હતી. એ પ્રસંગે અનેક લોકોની શુભેચ્છા અને અન્ય લખાણો અને જાહેરાતો સાથે એક રંગીન સ્મરણિકા પણ બહાર પાડી હતી. સો વર્ષની ઊંમરે પણ ફાધર પરિઝા સાયકલ પર સવાર થઈને લોકોની મુલાકાતે જતા હતા. પણ સાયકલ પર જવાની એમને તકલીફ પડવા લાગી ત્યારે આણંદના સભાપુરોહિતે એમને રોજ સવારે ને સાંજે લોકોની મુલાકાતે જવા માટે એક ઓટોરિક્ષાની વ્યવસ્થા કરી આપી હતી. જ્યારે ૧૦૧ની વયે દૈનિક ક્રિયાઓ માટે બીજાની જરૂર પડવા લાગી ત્યારે ફાધર પરિઝાની વડોદરા ખાતે 'જીવનદર્શન'માં એટલે નિવૃત્તિ અને બીમાર ઈસુસંઘીઓના ઘરમાં બદલી થઈ. ત્યાં એકાદ વર્ષથી પણ ઓછા સમયમાં ફાધર પરીઝાનું મૃત્યુ થયું.

પણ જુદાજુદા સમયે પોતાના આયુષ્યનાં ત્રીસેક વર્ષ ફાધર પરિઝાએ આણંદ તાબામાં ગાળ્યાં હતાં. એટલે એમની અંતિમ સંસ્કાર અને દફનવિધિ માટે એમના મૃતદેહને આણંદ તાબામાં લાવવામાં આવ્યો. સેંકડો ફાધરો અને સિસ્ટરો તેમ જ હજારો ધર્મજનો ફાધર પરીઝાની દફનવિધિમાં ભાગ લેવા ઉમટ્યા. ચર્ચ-આંગણાના ખુલ્લા મેદાનમા મંચ પર ત્રણ ધર્માધ્યક્ષોએ મૃતજન માટેની પરમપૂજા ચઢાવી. મેં ગુજરાતમાં ગાળેલા ૫૫ વર્ષ દરમિયાન કદી જોયું ન હતું એટલી મોટી જનમેદનીએ ફાધર પરિઝાના વિદાયની ઉપાસનાવિધિઓમાં ભાગ લીધો હતો!

ફાધર પરીઝા મારે માટે એક આદર્શ મિશનરી ધર્મગુરુ રહ્યા છે. તેમણે ઈશ્વરનો માણસ માટેનો પ્રેમ સૌ પ્રથમ પોતાના સાદગીભર્યા તથા પ્રાર્થનામય અને ત્યાગપૂર્ણ જીવન દ્વારા તેમ જ લોકોની નિસ્વાર્થ સેવાચાકરી દ્વારા લોકો આગળ પ્રગટ કર્યો છે. તેમણે ધર્મ કે નાતજાતના ભેદભાવ રાખ્યા વિના બધા લોકોને વિશેષ તો ગરીબગુરબાને - સૌને ઈશ્વર પિતાનાં સંતાનો તરીકે ઓળખાવ્યા છે. આજકાલ ફાધર પરીઝા વિશેની લોકોની જાતજાતની વાતો સાંભળું છું ત્યારે મને લાગે છે કે, ફાધર એક વૃત્તાંત-પુરુષ (Legend) બન્યા છે.

**- ફાધર વર્ગીસ પૉલ, એસ.જે.**

અધ્યક્ષ, ગુજરાતી લેખક મંડળ - અમદાવાદ

## યાદ ન જાયે, બીતે દિનોં કી...

૧૯૬૭નો સમય હતો. હું મારૂવાસ આણંદમાં ભાડે રહેતો હતો. ભાડાનું ઘર મેડીદાર હતું. મેડી ઉપર લોટિયા ભાગોળની પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી સુલેમાન સાહેબ રહેતા હતા. એ સમયે લોટિયા ભાગોળ અને મારૂવાસ તથા આસપાસનો કેથોલિક વિસ્તાર ગામડી-આણંદ ધર્મવિભાગમાં હતો અને વડા સભાપુરોહિત રેવ. ફાધર પરિઝા હતા.

આદતવશ એક દિવસ ફાધર સાઈકલ લઈ સુલેમાન સાહેબની મુલાકાતે આવ્યા. ફાધરને પ્રથમથી જ સાઈકલ પ્રિય હતી. મહિનામાં વારાફરતી આણંદ અને આસપાસ દરેક કેથોલિક કુટુંબની સાઈકલ પર નિયમિત મુલાકાત લેતા, અમૂલ ડેરી રોડ પર માત્ર બે કેથલિક કુટુંબ હતા, પણ એમનીય મુલાકાત કરતા.

ફાધર, સાહેબને મળવા આવ્યા અને રસ્તા પર પડતી બારી પાસે ઊભા ઊભા આસપાસનું નિરીક્ષણ કરતા હતા, અને એમની નજર નીચે મારી પર પડી. એ વખતે હું મારી છ માસની દીકરીને રમાડતો ઘર આગળના ખુલ્લા ચોકમાં બેઠો હતો. મને જોઈને ફાધર એકદમ બોલ્યા 'ઓલા ! રમનભાઈ, અહીં શું કરો છો ?' 'ફાધર અહીં ભાડે રહું છું...' મેં જવાબમાં કહ્યું,

'બહુ સરસ !' ફાધર બોલ્યા, પછી પાસે ઊભેલા સુલેમાન સાહેબની સાથે કશી વાત કરી. અને મારી સામે જોઈ, પૂછ્યું 'આ બેબી તમારી છે?'

'હાઆઆ...! ફાધર મારી દીકરી છે.' મેં કહ્યું. 'કેટલા વરસની છે ?' ફાધરે પૂછ્યું. 'છ મહિનાની ફાધર.' મેં કહ્યું.

'આને બાપ્તિસ્મા આપ્યું ?' ફાધરે પૂછ્યું. 'ના... ફાધર, નથી આપ્યું.' દબાતા અવાજે મેં કહ્યું. 'હેંએએ ! છ મહિનાની છોકરી થઈને અને હજુ એને બાપ્તિસ્મા નથી અપાવ્યું ? તમને ખબર નથી ધર્મસભાનો નિયમ ? બાળકને જન્મ પછી એક મહિનામાં બાપ્તિસ્મા આપાવી દેવાનું, તમે કેવા કેથલિક છો ?' ફાધર ગુસ્સામાં લાલચોળ, હું શિયાવિયા થઈ ગયો. થોડા સમય પછી મારી નાની બેનનાં લગ્ન હતાં આથી લગ્ન સાથે મારી બેબલીને બાપ્તિસ્મા અપાવવાનું અમે રાખ્યું હતું, પણ ફાધરના ગુસ્સા સામે હું આવો ખુલાસો કરી ના શક્યો.

એ પછી ફાધરની અહીંથી બદલી થઈ ગઈ, લાંબો સમય પસાર થઈ ગયો, અમે અમારા પોતાના ઘરમાં સ્થાયી થઈ ગયાં. બાપ્તિસ્માના કારણે ફાધર મારી પર ગરમ થઈ ગયા હતા, એ છોકરી ભણી અને શિક્ષિકાની નોકરીએ લાગી ગઈ, થોડો સમય નોકરી કરી સ્પેન ચાલી ગઈ અને ત્યાં સ્થાયી થઈ ગઈ, ફાધર ફરી આણંદમાં બદલી થઈ આવ્યા અને એમના ક્રમ પ્રમાણે દરેક સોસાયટીના કુટુંબની મુલાકાતે આવતા, કુટુંબના સભ્યો સાથે આત્મીયતાથી વાત કરતા, એમની સમસ્યા જાણતા અને એમનાથી શક્ય એટલી સમસ્યા હલ કરતા. પછી કુટુંબના બધા સભ્યોને ભેગા કરી પ્રાર્થના કરતા અને બધાના માથે હાથ મૂકી આશીર્વાદ આપતા. એક દિવસ મારી સોસાયટીમાં મુલાકાતે આવ્યા,

સોસાયટીમાંથી કોઈએ કહ્યું, 'અહીં રમણભાઈ રહે છે અને એમની એક છોકરી સ્પેનમાં છે.' ફાધરે એમને પૂછ્યું 'કોણ રમનભાઈ?' એ ભાઈએ મારી ઓળખ આપી, છતાં ફાધરને કશી ગેડ ના લીધી પણ તરત મારા ઘેર આવ્યા, હું નોકરી પરથી આવીને બેઠો હતો, ફાધરને જોઈ એકદમ ઊભો થઈ ગયો, એમને આવકારવા સામે ગયો અને ફાધરે મને ઓળખી કાઢ્યો 'ઓલા ! તમે રમન ભાઈ છો અને અહીં, આ સોસાયટીમાં રહો છો ?' ફાધર ઉમળકાથી બોલ્યા મેં એમને બેસાડતાં કહ્યું, 'હા, ફાધર અમે અહીં રહીએ છીએ, આ ઘર અમારું છે.'

ફાધર ખુશ થઈ ગયા 'બહુ સરસ ! કેટલાં બાળકો છે ?' ફાધરે પૂછ્યું મેં મારાં બાળકોની માહિતી આપતાં કહ્યું 'ફાધર, મારી મોટી દીકરી સ્પેનમાં છે.' 'સ્પેનમાં શું કરે છે ? સીસ્ટરમાં છે ? ફાધરે પૂછ્યું.'

'ના...! ફાધર.' મેં કહ્યું, 'લગ્ન કર્યું છે ?' ફાધરે પૂછ્યું.

'નાઆઆ...!' મેં જવાબમાં કહ્યું.

'ત્યારે શું કરે છે, સ્પેનમાં ? સીસ્ટરમાં નથી, લગ્ન નથી કર્યા...!'

'એક વૃદ્ધ ભાઈ-બેનની સંભાળમાં છે.' મેં કહ્યું

'સ્પેનમાં ક્યાં રહે છે ?' ફાધરે પૂછ્યું. મેં દીકરીનું સરનામું આપ્યું, દીકરી સ્પેનની રાજધાની મેડ્રીડમાં રહેતી હતી અને ફાધર સ્પેનની ઉતરે આવેલા બીલબાવ પ્રાંતના હતા, જે મેડ્રીડથી ઘણું દૂર હતું છતાં એમની ડાયરીમાં દીકરીનું સરનામું નોંધી લીધું. થોડી વાર પછી ફાધર જવા ઊભા થયા, જતાં પહેલાં એમણે કુટુંબના સભ્યોને ભેગા કરી, પ્રાર્થના કરી, 'વહાલા પ્રભુ ઈસુ અને માતા મારિયા, રમનભાઈ અને કુટુંબ પર તમારી કૃપા વર્ષાવો એમના એક છોકરા-છોકરીને તમે પસંદ કરી બોલાવો.' પછી મારા અને પત્નીના તથા હાજર બધાં છોકરાના માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા.

એ વર્ષે નાતાલની રજાઓમાં સ્પેનથી દીકરી આવી. હું એને લઈ ફાધરને મળવા ગયો. ફાધર બહાર કમ્પાઉન્ડના ઓટલા પર ઊભા હતા, અને ઓટલા નીચે બે પુરુષો અને બે સ્ત્રીઓ ઊભાં હતાં. પુરૂષો ફાધરને હાથ જોડી કાલાવાલા કરતા હતા, એક પુરૂષ ફાધરને પગે લાગ્યો, ફાધર ભડકીને પાછા હઠી ગયા અને એ પુરૂષને પગે લાગવા બદલ ઠપકો આપ્યો, સ્ત્રીઓ પણ એમની કાખમાં તેડેલાં છોકરાં બતાવી ફાધરને ન્હોરા સલામ કરતી હતી. ફાધરે અમને જોયાં નહતાં આથી અમે ચૂપચાપ એક બાજુ ઊભાં રહ્યાં. ફાધરે બધાંને કામ કરવાની અને ભીખ ન માંગવાની સલાહ આપી, દશ-વીશ રૂપિયા આપ્યા. એમાં એક દારૂડિયો પણ હતો, નશામાં એના પગ પણ ટકતા નહતા, આમતેમ ડોલતાં હાથ લંબાવી બોલતો હતો 'ફાદ...ર બાપાની જે હો, ભગવાન ઈસુની જે.' ફાધરે એને પણ દશ રૂપિયા આપ્યા. એ સમયે દશ રૂપિયા મોટી રકમ હતી, બધાં ફાધરની જે જે બોલતાં ચાલ્યાં ગયાં, પછી ફાધરની નજર અમારી પર પડી, મને જોઈ ફાધર હસ્યા 'જય ઈસુ ફાધર !' હું બોલ્યો, પછી તરત જ કહ્યું, 'ફાધર આ મારી દીકરી સ્પેનથી આવી છે અને તમને મળવા આવી.'

ફાધર રાજી થઈ ગયા, તરત અમને એમની ઓફિસમાં તેડ્યાં. દીકરીએ ફાધર સાથે સ્પેનિશમાં વાત કરી, સ્પેનિશ પર દીકરીનો કાબૂ હતો, દીકરીના મોંએ પોતાની માતૃભાષા સાંભળી ફાધર ભાવવિભોર થઈ ગયા. પછી તો, બંને વચ્ચે લાંબો સમય સ્પેનિશમાં વાતો ચાલતી રહી અને હું મૂંગોમંતર બેસી રહ્યો. વિદાય વેળાએ દીકરીએ પચાસ યુરો ફાધરને ધર્મદાન આપતાં સ્પેનિશમાં એવું પૂછ્યું, 'ફાધર તમે પેલા દારૂ પીધેલાને પણ કેમ પૈસા આપ્યા ? તમે આપેલા પૈસાનો એ દારૂ જ પી જશે.' અને ફાધરે કહેલું 'મને એનામાં પ્રભુ ઈસુનાં દર્શન થયાં. દરેક માણસમાં પ્રભુ ઈસુ વસે છે, એવું માનીને હું બધાને મદદ કરું છું.' મારી દીકરી મારફતે આ વાત સાંભળી હું ગદ્ગદ્ થઈ ગયો.

એ પછી ઢળતી ઉંમરને કારણે તબિયત લથડી ગઈ, છતાં સાઈકલ લઈ નિયમિત દરેકની મુલાકાત કરતા, અહીંના સભાપુરોહિતે એમને સાઈકલ વાપરવાની મનાઈ કરી હતી અને ઑટોની વ્યવસ્થા કરી આપી હતી, છતાં એ સાઈકલ જ વાપરતા. શિયાળાના એક ઢળતા દિવસે ફાધર સાઈકલ લઈ મારી મુલાકાતે આવ્યા. ત્યારે તો, દિવસ પૂરેપૂરો આથમી ગયો હતો, શિયાળો, ઠંડીનું જોર હતું, ફાધર થોડીવાર બેઠા, ચા પીધી, પછી પ્રાર્થના કરી જવા માટે બહાર નીકળ્યા, અધૂરામાં પૂરું એ દિવસે સ્ટ્રીટ લાઈટ પણ આવી નહતી, મેં ફાધરને કહ્યું, 'ફાધર સાઈકલ અહીં મૂકીને જાવ અને ચાલો હું તમને મૂકવા આવું.' 'ના કશો વાંધો નહીં, પ્રભુ ઈસુ મારી સાથે છે, હું જઈશ.'

ફાધર ના માન્યા, છતાં સોસાયટીના નાકા સુધી હું એમની ઘણી 'ના' છતાં સાથે ગયો અને ફાધર સાઈકલ પર એમના ઘર તરફ ગયા. પણ બીજા દિવસે ખબર મળી, ફાધર 'પુષ્પવિહાર' આગળ સાઈકલ પરથી પડી ગયા અને હાથેપગે ઈજા થઈ છે. ખૂબ દુઃખી થયો, મનોમન બબડ્યો 'ફાધરને વધારે આગ્રહ કરી સાઈકલ પર જવા ના દીધા હોત તો સારું થાત.'

એ પછી એમના માટે સાઈકલ બિલકુલ બંધ કરી દેવામાં આવી અને પૂરા સમયની એક ઑટોની વ્યવસ્થા કરી. ઑટો ચાલક સાથે મદદનીશ એક સેવક પણ ફાધર મુલાકાતે નીકળતા ત્યારે સાથે રહેતા.

હવે તબિયત વધારે લથડતી હતી, પગનું જોમ ઓસરતું જતું હતું, પરાણે પગ ટેકવી ચાલી શકતા હતા, આથી બે ટેકણ લાકડીનો ઉપયોગ કરીને પણ દરેકની મુલાકાત કરતા. હવે એમની યાદ શક્તિ ક્ષીણ થતી જતી હતી. રીક્ષામાં મારી મુલાકાતે આવ્યા, બેઠા. પછી રીક્ષાચાલકને પૂછ્યું 'આ કોનું ઘર છે ?'

'રમણભાઈનું ફાધર, એમની બેબી સ્પેનમાં રહે છે અને તમે દર નાતાલે એને કાર્ડ નથી લખતા ?' રીક્ષા ચાલકે કહ્યું.

ફાધરની એક ખાસ ટેવ હતી, એમણે એમની ડાયરીમાં ઘણાં બધાં નામ અને સરનામાં લખ્યાં હતા અને દર નાતાલે બધાંને નાતાલ શુભેચ્છા કાર્ડ મોકલતા. મારી પુત્રીને છેક સ્પેન મોંઘી ટપાલ ટિકિટ ખર્ચીને પણ નાતાલ શુભેચ્છા પાઠવતા.

ફાધર કંઈ બોલ્યા નહીં, પત્નીએ એમને ચા નું પૂછ્યું, પણ સાંભળ્યું જ ના હોય, એમ પત્ની સામે જોઈ રહ્યા. રીક્ષાચાલકે કહ્યું, 'હવે ફાધરને ઓછું સંભળાય છે અને એમને પેશાબની તકલીફ છે, આથી ચા-પાણી ઓછાં કર્યાં છે.'

ફાધરનાં સો વરસની ઉજવણી શાનદાર થઈ, એમના ચાહકો, ભક્તોએ મન મૂકીને ઉજવણીમાં સાથ આપ્યો, યથાશક્તિ દાન અને અવનવી ભેટો ફાધરને આપી. એમના નામથી ગરીબ અને જરૂરિયાતમંદ બાળકો માટે એક શિષ્યવૃત્તિ શરૂ કરી, એમની યાદ કાયમ કરી. એ પછી ના એક દિવસે મારી સોસાયટીની મુલાકાતે આવ્યા, મારા ઘેર આવીને બેઠા, ખાસ વાતચીત થઈ નહીં. થોડીવાર પછી ઊભા થતાં બોલ્યા 'હવે વધારે જીવવાનો કંટાળો આવે છે.' સાંભળી હું સ્તબ્ધ થઈ ગયો. જાતને સવાલ કર્યો 'ફાધર જિંદગીથી હારી ગયા કે, ઓશિયાળી કઠી ?'

સખત પરિશ્રમ અને વધતી આયુએ જવાબ દઈ દીધો, ફાધર પથારીવશ થઈ ગયા, આથી આરામ માટે વડોદરા જીવનદર્શનમાં મોકલ્યા અને એમનો એ આરામ જિંદગીનો અંતિમ વિસામો બની ગયો. 'ફાધર હવે રહ્યા નથી !' જાણ્યું મન પર સન્નાટો વ્યાપી ગયો.

તૂટતાં લગ્નજીવન બચાવી, કેટલાંય યુવક-યુવતીની આશિષ મેળવનારા, બેસહારા અનાથ વિધવાનાં બેલી બની એનાં આંસુ લૂછનારા, બેઘરવાળાંને ઘરવાળાં કરનારા, ગરીબ, વિદ્યાર્થીને આર્થિક સહાય કરી, એની હતાશા દૂર કરનાર, કેટલાય બેકારોને વગ વાપરી નોકરી-ધંધે વળગાડી એની અને એના કુટુંબની આંતરડી ઠારનારા, ઘેરઘેર પ્રભુ ઈસુના નામની ધૂણી ધખાવી વધારેને વધારે ભક્તોમાં શ્રદ્ધાનાં બીજ ઊંડાં ઊતારનારા, સૌના હૈયે 'દાદા' થી કાયમી સ્થાન લેનાર વ્હાલા બાપુ(ફાધર) હવે તમે અમારી સાથે નથી, પણ તમારાં કર્મો, તમારી સાથે ગાળેલા દિવસોની યાદ અમારા દિલમાં તાજી રહેશે, એ કેમે ભૂલાશે નહીં.આવજો બાપુ, ઈસુબાપને અમારા સૌ માટે વિનંતિ કરતા રહેજો.' **- રમણ મેકવાન**

---

સાહિત્યકાર, આણંદ

## ભલો ગોવાળ

પીઢ મિશનરી ફાધર પરિઝા નિષ્ઠાપૂર્વક જીવન જીવ્યા હોવાથી પરમપિતાને એ ચોક્કસ કહી શકશે કે, 'હું સારી લડાઈ લડ્યો છું, મેં દોડ પૂરી કરી છે અને હું શ્રદ્ધાથી જીવ્યો છું.' યુવાનીથી વૃદ્ધાવસ્થા સુધી તેઓ સતત, પ્રભુએ સોંપેલું કામ, પૂરી ધગશ અને ઉત્સાહથી કરતા રહ્યા છે. યુવાવસ્થામાં પોતાનાં માબાપ, ભાઈબેન, કુટુંબ, સગાંવહાલાં અને વતનને છોડીને તેઓએ ભારત-ગુજરાતને પોતાનું વતન અને કર્મભૂમિ બનાવ્યું. એક સાચા ખ્રિસ્તીને છાજે એ રીતે, તેમણે પરમેશ્વરની હાકલને પોતાના જીવનમાં વણી લીધી હતી. સ્વર્ગે જતાં પહેલાં ઈસુએ આપેલી છેલ્લી આજ્ઞા-આદેશને તેઓ જીવનભર વળગી રહ્યા હતા.

સખત ઠંડી હોય, દઝાડતી ગરમી હોય કે ધોધમાર વરસાદ પડતો હોય, ફાધર પરિઝા પોતાના નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે, સમયસર ગામડે પહોંચી જતા. વજનદાર મોટર સાઈકલ(ફટફટી) અને જીપ લઈને દોડાદોડ કરતા એમને મેં જોયા છે. ઢળતી ઉંમરે સાઈકલ લઈને લોકોની મુલાકાતે જતા. શરીર સાથ નહોતું આપતું. ત્યારે રીક્ષામાં બેસીને તેઓ શ્રદ્ધાળુઓની મુલાકાત લેતા. સન્યાસી બન્યા પછી, સફેદ ઝભ્ભો ક્યારેય છોડ્યો નથી. ઈસુસંઘના સભ્ય હોવાથી બધા જ નિયમો અને વ્રતોને જીવનભર પ્રમાણિકતાથી આધીન રહ્યા.

એક ભલા ગોવાળ તરીકે, બધા જ ભક્તોની તેઓ પ્રેમપૂર્વક સંભાળ રાખતા. મોટા ભાગના લોકોનાં નામ, ગામ, મોસાળ, પિયર અને સાસરી વિશે પણ તેઓ ઊંડી માહિતી રાખતા હતા. સાચા દિલથી લોકોને નિઃસ્વાર્થ ભાવે પ્રેમ કરતા અને પ્રભુનો સંદેશો સંભળાવતા.

આજે ફાધર પરિઝા ચિર નિંદ્રામાં પોઢી ગયા છે પણ લોક લાડીલા દાદાને પરમેશ્વર અનંત જીવનની ભેટ આપશે. કેટલું મોટું સન્માન !!!

પોતાના ઉમદા સેવા અને પ્રચારકાર્યથી, ઘણા ભક્તોનાં જીવન અને હૃદયમાં તેમણે સાચી શ્રદ્ધાની જ્યોત કાયમ માટે જીવંત રાખી છે. આમોદના માસ્ટર શ્રી ફ્રાન્સિસ સીલાસ, એનું જીવતું- જાગતું ઉદાહરણ છે.

તેમના સંપર્કમાં આવેલ દરેકને, સાચા સાધુનો પરિચય અવશ્ય થયો છે. તેમના જીવનમાંથી એકાદ નાની બાબત પણ જો અપનાવીએ તો જ સાચી સ્મરણાંજલિ આપી કહેવાશે. **- વિક્ટર મેકવાન**

---

'દૂત'ના નિયમિત લેખક, અમેરિકા

## શતાયુ મહાત્માને શત શત વંદન

ઈસુસંઘી ફાધર જોસ મારિયા લોપેઝ દે પરિઝાનો જન્મ ૧૩ મે ૧૯૧૭(ફાતિમા દર્શન-પોર્ટુગલનો શુભદિન)ના રોજ સ્પેનમાં થયો હતો. પાંચ ભાઈબહેનોમાં તેમનો ક્રમ ત્રીજો હતો. પિતાજી રોમાન પરિઝા ઈન્ડ્રસ્ટરિયલ એન્જિનીયર અને માતાજી જેસુસા ગૃહિણી હતાં. મોટા ભાઈ ફાર્મસીમાં બેચલર હતા, નાનાભાઈ લશ્કરમાં હતા, જે લડાઈમાં શહીદ થયા હતા. બંને બહેનો નર્સ તરીકે સેવા આપતાં હતાં.

ગ્રેજ્યુશન પૂર્ણ કર્યા બાદ પહેલી ઓક્ટોબર, ૧૯૩૩માં તેઓ ઈસુસંઘમાં જોડાયા. ઉમેદવાર તરીકે તેમને બેલ્જિયમ મોકલવામાં આવ્યા, જ્યાં ૧૯૩૫માં પ્રથમ વ્રત લીધાં અને ૩૦ જુલાઈ ૧૯૪૬માં પુરોહિતદીક્ષા મળી તથા ૩૧ જુલાઈના રોજ પ્રથમ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો. ટર્શનશીપની તાલીમ બાદ તેમની પ્રથમ નિમણૂક નોવિસ માસ્ટરના સોશ્યિસ તરીકે થઈ. ચીન કે જાપાન જવાની રાહ જોતા ફાધરને ૧૯૪૯માં ભારત-ગુજરાત મિશન માટે મોકલવામાં આવ્યા. ફ્રાન્સમાં માર્સલ હાર્બરથી સુએઝ કેનાલના માર્ગે કોલંબો(શ્રીલંકા) થઈ મુંબઈ પહોંચ્યા, જ્યાંથી ટ્રેન મારફતે ૨૬ જાન્યુઆરી, ૧૯૫૧ના રોજ આણંદ પહોંચ્યા, બીજી ફેબ્રુઆરી ૧૯૫૫માં જૂના પ્રભુ મંદિર - આણંદમાં તેમણે આજીવન વ્રત અંગીકાર કર્યાં.

નિર્મલ મિરિયમ દેવાલય-નડીઆદ ખાતે ફાધર માર્ટિર્નેઝ સાથે ૧૯૫૩-૫૬ સુધી મદદનીશ સભાપુરોહિત તરીકે કામગીરી કર્યા બાદ ૧૯૫૬-૬૩ આમોદ ધર્મવિભાગનું સુકાન સંભાળ્યું. તેમણે ત્રણેક વર્ષ આણંદમાં ગાળ્યા પછી ફરી એકવાર તેઓએ ૧૯૬૯-૮૩ સુધી આમોદને કર્મભૂમિ બનાવી. ૧૯૮૩-૯૪ સુધી ફાતિમા છાયા - ગોઠડા (સાવલી)માં સભાયાજ્ઞિકની જવાબદારી વહન કરી. ૭૫ વર્ષની વયે જ્યાંથી મિશનકાર્ય શરૂ કર્યું હતું ત્યાં ગામડી-આણંદમાં ૨૦૧૮ સુધી સેવારત રહ્યા. છેલ્લા કેટલાક મહિના જીવનદર્શન વડોદરા ખાતે

જીવનનો અંતિમ તબક્કો વિતાવ્યો અને ૨૦ જૂન, ૨૦૧૯ના રોજ રાત્રે ૯:૩૦ કલાકે અવર લેડી પિલાર હોસ્પિટલ, વડોદરામાં છેલ્લા શ્વાસ લીધા.

તેઓ જ્યારે પણ, જ્યાં પણ ગયા ત્યાં ઈસુના ખરા અનુયાયી તરીકેની અવિસ્મરણીય છાપ લોકહૃદયમાં અંકિત કરતા આવ્યા છે. ૧૯૧૪ માં એક ઓરડાના બાંધકામથી શરૂ થયેલ આમોદ ધર્મવિભાગનો સર્વાંગી વિકાસ-શિક્ષણ, સમાજ અને ધર્મની દષ્ટિએ-તો ફાધર પરિઝાના બે પાલીનાં કુલ બાવીસ વર્ષને આભારી છે. 'જાત જેટલો બંધુ પ્રેમ રાખવો'ને નખશિખ જીવનમાં ચરિતાર્થ કરવા તેમણે રાત કે દિવસ, ઠંડી, ગરમી કે વરસાદ, ભૂખ કે તરસ જોયાં ન હતાં. આમોદ કેન્દ્રથી નજીકનું ગામ બે કિલોમીટરના અંતરે તથા છેવાડાનું ગામ ૩૫ કિલોમીટર દૂર હતું છતાં ધૂળિયા રસ્તા પર સાયકલ ખેંચતા મહિનામાં નિયમિત ખ્રિસ્તયજ્ઞ માટે અચૂક જતા. ગામમાં જતાંવેંત બાળકોને એકઠાં કરી ધર્મશિક્ષણ આપતા, લોકોની અનુકૂળતા પ્રમાણે રાતે કે સવારે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરતા. તપઋતુમાં દરેક ગામમાં ધર્મબોધ અચૂક રાખતા. છેલ્લા દિવસે લગ્નસંસ્કાર વગરનાંને શિક્ષણ આપી આશીર્વાદ આપતા તેમજ સ્નાનસંસ્કાર પણ આપતા. બીજી વેટિકન પરિષદના પ્રભાવમાં ધર્મવિભાગમાં, ધર્મસેવા સમિતિ(પેરિસ કાઉન્સિલ) અને મરિયમસેનાની રચના કરી, તેમને સક્રિય બનાવ્યાં હતાં, વિશેષમાં પરિષદના પરિવર્તનના પ્રવાહમાં ઘણા પુરોહિતોએ ઝભ્ભાનું ચલણ મર્યાદિત કર્યું પરંતુ ત્યારથી આજદિન સુધી ઝભ્ભો તેમની ઓળખ બની ગયો છે. ધર્મજનોએ ક્યારેય તેમનો ઝભ્ભા સિવાય ભાળ્યા નથી! ઝભ્ભામાં પણ તેમની સાદગી અને ગરીબાઈ પ્રત્યક્ષ થતી હોય, ક્યાંક થીંગડું તો ક્યાંક સાંધો!

કુરિવાજો અને અંધશ્રદ્ધામાં ગરકાવ સમાજને નરકાગારમાંથી બહાર કાઢવા શિક્ષણ અને ધર્મશિક્ષણનો અકસીર ઈલાજ તેમણે કર્યો હતો. શાળા-છાત્રાલયમાં વિદ્યાર્થીઓની વિશેષ કાળજી રાખે. દર શનિવાર છાત્રાલયમાં બાળકો માટે પ્રાયશ્ચિત્ત માટે ફાળવે. તહેવાર કે મેળાઓમાં કલાકો સુધી એ જ ફાધર પરિઝાને પ્રાયશ્ચિત્ત માટે બેઠેલા જોયાનું ઘણાંને યાદ હશે.!

જે ઘરની મુલાકાતે જાય તે ઘરમાં ચાનો આગ્રહ થાય અને ફાધર કોઈનો પણ ઈન્કાર ન કરે. વૈવિધ્યસભર ચા પીવામાં ફાધર કરતાં, ચા પાનારના ચહેરાનો ઉમળકો તેમણે વાંચ્યો હતો, એટલે પી જતા, કોઈપણ ફરિયાદ વિના. ગામડામાં ખુરશી-પલંગ ત્યારે ન હતાં, ઊંધા ખાંડણિયા પર બેસી તેમણે શુભસંદેશની ઘોષણા કરી છે!

ઓક્ટોબર-૧૯૭૦માં માણજ(પેટલાદ)માં લગ્ન ક્યાં રાખવું? બાબતે પ્રશ્ન થયો અને ફાધર પરીઝાએ કન્યાપક્ષને સ્પષ્ટ જણાવ્યું કે લગ્નવિધિ તો દેવળમાં જ થશે, નહીં તો ન થાય! આખરે દેવળ તરીકે ઉપયોગમાં લેવાતા મકાનમાં જ લગ્ન થયાં. લગ્નસંસ્કારમાં જો કોઈ તિરાડ પડે તે તેમના માટે અસહ્ય. આકાશપાતાળ એક કરી, તૂટતાં લગ્ન બચાવવા મરણિયા પ્રયાસો કરે. જો કોઈ લગ્ન તૂટે તો તેમને પારાવાર દુ:ખ થતું.

ઈસણાવનો એક વિદ્યાર્થી પલાણા આઈ.ટી.આઈ. કરવા, વસો (માતર) બોર્ડિંગમાં રહે. ત્રણેક મહિના સુધી ફી ન ભરી શકતાં ફાધરે ઘેર મોકલ્યો. વિદ્યાર્થીએ ફાધર પરિઝા આગળ મન ઠાલવ્યું. પત્ર સાથે વિદ્યાર્થીને પરત વસો મોકલ્યો હતો. પત્રમાં માત્ર આટલા જ શબ્દ હતા. '.... મારો દીકરો છે, હવેથી ફી માંગશો નહીં કે ફી માટે ઘેર મોકલશો નહીં.' છોકરો ભણીગણી આજે સુખીસંપન્ન છે. આવા તો કેટલાયને પંડ્યના દીકરા માની ભણાવ્યા ગણાવ્યા છે, જેની યાદી લંબાતી રહે.

આણંદ-ખંભાત રેલ્વેલાઈન પર પંડોળી નજીક જે સ્થળે રેલ્વેસ્ટેશનનું આયોજન હતું તેમાંથી માત્ર એકાદ ગામને જ લાભ થાય એમ હતો, કોઈકે ફાધરનું ધ્યાન દોર્યું અને તેમણે જે તે અધિકારી સાથે મુલાકાત યોજીને પંડોળી, આમોદ, માધવપુરા એમ ત્રણેક ગામને લાભ થાય એવું સ્થળ સૂચવ્યું, જ્યાં આજે સ્ટેશન છે.

સલામત અને સુરક્ષિત માર્ગે શુભસંદેશની ઘોષણા માટે આયાસ (!) કરનારા આપણા સૌ માટે, 'છાશ લેવા જવું અને દોણી સંતાડવી' કહેવત સાચી ઠરે; પણ ફાધર પરિઝાનો જડબાતોડ જવાબ એ ધર્મભીરુતાની નિશાની છે. ગોઠડામાં એકવાર કેટલાંક અસામાજિક તત્ત્વો ફાધર પરિઝાની ઓફિસમાં ઘૂસી ગયા અને જોરશોરથી આરોપ મૂકવા લાગ્યા : 'તમે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા શાળા-છાત્રાલય ચલાવો છે, પાછા ચાલ્યા જાઓ તમારા દેશમાં.' ફાધરનો ગેંગેફેંફે કર્યા વિનાનો નીડર પ્રત્યુત્તર હતોઃ 'હા અમે પ્રચાર કરીએ છીએ. રાજકીય પક્ષ પણ પ્રચાર કરે છે, જેમને જે માનવું હોય તે માને. સેવા તો અમે ભેદભાવ વિના જ કરીએ છીએ. અમે જેમની સેવા કરીએ છીએ, એ સેવા કરવાની તમે શરૂ કરો તો, તમારા કહ્યા વિના અમે ચાલ્યા જઈશું.' ફાધરનો આવો જવાબ સાંભળી તેઓ ઝંખવાણા પડી ગયા.

આવો જ ખુમારીવાળો બીજો એક પ્રસંગ. અંજેસર(વડોદરા જિલ્લો)ના સરપંચ પટેલને ફાધર પ્રત્યે ખૂબ જ આદર. તેઓ એક વખત કોઈ કામથી ફાધરને મળવા ગયા હતા, વાતવાતમાં તેમણે પૂછ્યું : 'ફાધર તમે જો પટેલમાં આવ્યા હોત તો... ગુજરાતમાં આજે પટેલોનું રાજ ન હોત!' ફાધરે સરપંચને મનની વાત કરી, 'પટેલ સાહેબ, અમે ગુજરાતમાં રાજ કરવા નહીં પણ ગરીબમાં ગરીબ હોય તેની સેવા કરવા આવ્યા છીએ.' ફાધરની વાત સાંભળ્યા પછી સરપંચને કંઈ કહેવાપણું રહ્યું નહીં!

તેમણે મહામહેનતે ગોઠડામાં શાળા શરૂ કરી હતી; શિક્ષકની નિમણૂકમાં દબાણ આવ્યું ત્યારે પરમેશ્વરની નજરમાં જે શ્રેષ્ઠ હોય તે - એક વિધવાના દીકરાને પસંદ કરી ચાલુ નોકરીએ તેની લાયકાત પૂરી કરાવી, એવું કરવાનો આદર્શ પૂરો પાડ્યો. ગોઠડામાં ખ્રિસ્તી બિનખ્રિસ્તી વચ્ચે તેમને એટલો જ આદર. મુસ્લિમ ભાઈઓ તેમને ઓલિયા ફાધર તરીકે યાદ કરે છે.

પોતાના કર્મચારી ભૂલ કરે તો તેમને સજા કરવાને બદલે સમજાવે, આધ્યત્મસાધના માટે મોકલી સુધારવાની કોશિશ કરે. વિરોધમાં ગયા હોય તેવા લોકોને પણ જરૂર પડે ફાધર મદદ કરવા દોડી જતા.

એક વખત ખ્રિસ્તયજ્ઞ દરમિયાન ફાધરને તાર મળ્યો. ખ્રિસ્તયજ્ઞ બાદ લોકોએ જિજ્ઞાસાવશ પૃચ્છા કરી ત્યારે જણાવ્યું, 'મારી માના મૃત્યુના સમાચાર હતા' માના મૃત્યુના સમાચાર જાણ્યા પછી પણ ચહેરા પર દુઃખની લકીર ન ફરકવા દઈ ફાધર, ગીતાના 'સ્થિતપ્રજ્ઞ'ની કક્ષાએ સ્થાપિત થઈ ગયા.

ફાધર, જ્ઞાતિ-જાતિ કે ધર્મથી પર બધાંની મુલાકાતે જતા. તેમની વાત સાંભળતા, માર્ગદર્શન આપતા, ભીડમાં આવી પડેલાંને આર્થિક સહાય પણ કરતા, 'ફાધર, આ લોકો તમને છેતરે છે,' એવી ટકોરમાં તેમનો જવાબ કેટલો ઉમદા હતો : 'વાંધો નહિ ભાઈ, તેમાંથી એકાદ બે તો જરૂરવાળા ચોક્કસ હશે, બીજા ભલે ખોટી રીતે મદદ લઈ જાય. જો આપવાનું બંધ કરું તો જેમને જરૂર છે તેમને પણ ન મળે.'

ફાધર પરીઝાની યાદશક્તિને આટલી ઉંમરે પણ દાદ આપવી પડે એમ છે. જ્યાં જ્યાં તેમણે કામ કર્યું ત્યાંની કોઈ પરિચિત વ્યક્તિ મળી જાય તો આખું ગોત્ર યાદ કરાવી જાય! માબાપનું નામ, દાદા-દાદીનું નામ વળી માનું પિયર વગેરે નામ સાથે તેમને યાદ હોય જ.

'ફાધર પરિઝા પ્રાર્થનાના પુરોહિત હતા. સવારે ૫.૦૦ વાગે જાગી, રોજની પ્રાર્થના માટે રેસીડેન્સના દેવળમાં પધારે અને રોજનો ખ્રિસ્તયજ્ઞ સેવકો સાથે ૭.૩૦ સુધીમાં પૂર્ણ કરે. સવારના નાસ્તા પછી પ્રીતસંસ્કારના સાંનિધ્યમાં સમય ગાળતા હતા. એક પુરોહિતની રોજની પ્રાર્થના સમયસર પૂર્ણ કરીને, ઉપરી તેમ જ સાથીદારોને સંઘજીવનને વફાદાર રહેવા જાણે પડકાર ફેંકતા હતા! રાત્રે ૧૧.૦૦ વાગે પથારીમાં જતાં પહેલાં પણ ફરી એકવાર નિયમિતપણે દેવળમાં જતા હતા.

તેઓ એક અનોખા મિશનરી હતા. પહેલાં તેઓ સાયકલ લઈ ધર્મજનોની મુલાકાતે જતા. ત્યારબાદ રીક્ષા બાંધી આપી હતી. સવારે ૮.૩૦ વાગે રીક્ષામાં જાય તે બપોરે બાર વાગે પરત આવે અને સાંજે ૪.૦૦ કલાકે જાય તે સાંજે સાત વાગે રીક્ષાવાળા ભાઈ પરત લઈ આવે. તેમના કહ્યા પ્રમાણે રીક્ષાવાળા તેમને જે તે વિસ્તારમાં લઈ જતા હતા.

કોઈને વળી પ્રશ્ન થાય કે આટલી વયે મુલાકાતમાં વળી શું કરતા હશે? બીમાર અને મુસીબતવાળાં લોકોને સાંભળતા હતા, આશ્વાસન આપતા હતા. જો કોઈ આર્થિક સંકડામણમાં હોય તો તેઓ આર્થિક મદદ પણ કરતા હતા. જો લગ્ન તૂટ્યાં હોય કે ફૂલહારિયાં લગ્ન હોય તો સમજાવવા, પ્રાર્થના દ્વારા લગ્નસંસ્કારની પવિત્રતા પ્રસ્થાપિત કરવા પ્રયાસ કરતા હતા. લોકો આદર-ચાહતથી તેમને 'ભલો ગોવાળ' કહેતા હતા. ઘૂંટણનું દર્દ અસહ્ય હતું, પણ ધર્મજનોની મુલાકાતનો આનંદ દર્દને કોરાણે મૂકતા હતા.

દરેક નાતાલ વખતે અંગત ૧૦૦ જેટલાં નાતાલ કાર્ડ છપાવતા હતા. મિત્ર-સગાંવહાલાંને પોતાના હાથે નામ- સરનામું લખતા હતા, વળી મદદ મળી હોય તો આભારનો શબ્દ પાડવાનું ભૂલ્યા ન હતા. કોઈની ખબર પૂછે, બાળકોના શિક્ષણ માટે પૂછે કે પછી બીજી કોઈ બાબત પણ બધુંયે પોતાના હાથે. અંગત લોકો પણ એથી સવાયા પ્રેમથી તેમને ભેટ આપે, નાણાકીય સહાય કરે, જેમાંથી ઘણાં જરૂરિયાતમંદનાં મકાન તેમણે બાંધ્યાં હતાં!




પોતાનાં કામકાજ પોતાના હાથે જ કરવાનો તેમનો આગ્રહ હતો. જાણે કે એક સંત અમારી વચ્ચે છે, એવી અનુભૂતિ સૌને રાતદિન થયા કરતી હતી.

૧૯૩૩માં ઈસુસંઘમાં પદાપર્ણ કર્યાની ઘડીથી અંતિમ દિન સુધી શિક્ષણ-ધર્મશિક્ષણ દ્વારા વંચિત વર્ગને સાક્ષર કર્યા, શ્રદ્ધાનાં બીજ વાવ્યાં. સંસ્કાર પ્રદાનની કાળજી રાખી, ધર્મજનો-ધર્મસભાને સમૃદ્ધ કરી. દુઃખી જરૂરિયાતમંદને સહાય કરી. અદના આદમીને દયાવાન પ્રભુના પ્રેમનો અનુભવ કરાવ્યો. જૈફ વયે ગામડીના રસ્તાઓ પર બે બે ટેકણ લાકડી વડે ખોડંગાતા ચાલતા ફાધર પરિઝાએ અનેકનાં ખોડંગાતાં આધ્યાત્મિક જીવનને સાજાપણું આપ્યું હતું, લોકહૃદયમાં સંતપદે વરી ચૂકેલા શતાયુ ફાધર પરિઝાને આવનારી પેઢી પણ હંમેશા યાદ કરશે. એ જ અભ્યર્થના. બહુમુખી પ્રતિભાશાળી શતાયુ સંન્યાસીને ધર્મસભાનાં શતશત વંદન.

**- જસવંત મેકવાન**

**સંદર્ભ :** ભલો ગોવાળ ફાધર પરીઝા ભાગ - ૧


**શ્રદ્ધાંજલિ**



**સ્વ. હસમુખભાઈ શંકરલાલ કાપડિયા**

જન્મ: ૦૬-૦૮-૧૯૬૭ ★ અવસાન: ૨૬-૦૫-૨૦૧૯

**પ્રભુપિતા આપના દિવ્ય આત્માને શાંતિ આપે**
**પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું એ જ પ્રાર્થના.**
**લિ. આપના ભાઈભાભી**
**વિનુભાઈ તથા રોમાબેન (વડોદરા), ડેવિડ**
**બહેનો : રેગીનાબેન, શુશીલાબેન,**
**ઈન્દિરાબેન, સ્વ. માણેકબેન (અમદાવાદ)**
*ઉપત્પકા સોસાયટી, વટવા, પરિવાર*

**ત્રીજી પુણ્યતિથિ**



**સ્વ. રાયમુંદભાઈ માર્કભાઈ પરમાર**

જન્મ: ૦૩-૧૧-૧૯૪૮ ★ અવસાન: ૦૫-૦૭-૨૦૧૬

**પપ્પા, તમારી અણધારી વિદાયને ત્રણ વર્ષ વીતી ગયા. મન હજુ માનતું નથી કે તમે અમારી મધ્યે નથી. તમારી યાદ રડાવી દે છે.**
**લિ. પત્ની લલિતાબેન, સિસ્ટર આનંદી**
**અને તમારા બાળકો, આમોદ**

**ત્રીજી પુણ્યતિથિ**



**સ્વ. ફીલોમીના એલેક્સ મેકવાન**

જન્મ: ૨૩-૫-૧૯૪૭ ★ અવસાન: ૨૨-૭-૨૦૧૬

પુનરૂત્થાનની પ્રભાતે ફરી મળીશું.
પ્રભુ તમારા આત્માને શાંતિ આપે.

**આપની યાદમાં દુઃખી પરિવાર**
**તથા કુટુંબીજનો - વડોદરા**

# વૈશ્વિક પ્રૈષિતિક અગ્રિમતાઓ

*(Universal Apostolic Preferences)*

✍ ફાધર જેમ્સ બી. ડાભી એસ.જે.

૩૧મી જુલાઈ ૧૫૫૬ ઈસુસંઘના સ્થાપક લોયોલાના સંત ઈગ્નાસનો નિર્વાણદિન. એટલે 'દૂત'ના જુલાઈ મહિનાના અંકમાં સંત ઈગ્નાસ વિષે લેખ પ્રકાશિત કરી એમને બિરદાવવાનો એક ચીલો પડ્યો. પ્રસ્તુત અંકમાં સંત ઈગ્નાસને બદલે તેમણે સ્થાપેલા ઈસુસંઘ વિશે લેખ લખું છું. દુનિયાભરમાં પથરાયેલા ઈસુસંઘે તાજેતરમાં ૨૦૧૯ થી માંડીને ૨૦૨૯ સુધીના દાયકા માટે 'પ્રભુની અધિક સેવાર્થે અને માનવના અધિક કલ્યાણાર્થે' ચાર અગ્રિમતાઓ (preferences) નક્કી કરી છે. એ અગ્રિમતાઓ વિશે વાત કરવી છે. ઈસ્વીસન ૧૫૪૦ માં અસ્તિત્વમાં આવેલો ઈસુસંઘ આજે લગભગ ૫૦૦ વર્ષની આયુ ધરાવે છે. આજે ઈસુસંઘની સભ્યસંખ્યા પંદર હજાર પાંચસો છયાસી(૧૫,૫૮૬) છે.

ઑક્ટોબર-નવેમ્બર ૨૦૧૭ માં આ ઈસુસંઘની ૩૬મી સામાન્ય સભાનું આયોજન થયું હતું. આ સભાના સભ્યોએ વર્તમાન સુપીરિયર જનરલ ફાધર આર્તુરો સોસાને ચૂંટ્યા હતા. ચૂંટણી પછી સુપીરિયર જનરલને આ ૩૬મી સામાન્ય સભાએ એક મહત્ત્વનું કામ સોંપ્યું. એ કામ હતું, ઈસુસંઘની પ્રૈષિતિક અગ્રિમતાઓનું મૂલ્યાંકન કરી ઈસુસંઘ માટે ભાવિ અગ્રિમતાઓ નક્કી કરવી. સુપીરિયર જનરલ એમને સોંપાયેલી આ જવાબદારી એકલે હાથે અથવા એમના સલાહકારોના અંતરંગ વર્તુળની સહાય વડે કરી શક્યા હોત; પરંતુ તેઓએ આખા ઈસુસંઘને આ ભાવિ અગ્રિમતાઓ નક્કી કરવાની પ્રવૃત્તિમાં જોતરવાનું વધુ ઉચિત માન્યું. આ પ્રવૃત્તિમાં પ્રત્યેક ઈસુસંઘી જ નહિ, પણ ઈસુસંઘના કાર્યમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સંકળાયેલ ગૃહસ્થવર્ગ અને સંન્યસ્તવર્ગ પણ જોડાય એવી ઈચ્છા તેઓએ વ્યક્ત કરી. એ ઈચ્છા અંતર્ગત દરેકે દરેક ઈસુસંઘીને, ઈસુસંઘ સાથે સંકળાયેલ ગૃહસ્થવર્ગ અને સંન્યસ્તવર્ગના સભ્યને, એક આમંત્રણ પાઠવવામાં આવ્યું. આમંત્રણ હતું પ્રવર્તમાન દુનિયાની તાતી જરૂરિયાતો કઈ છે તે જાણવાનું, પવિત્ર આત્મા કેવી હાકલ કરે છે તે સાંભળવાનું, અને ઈસુસંઘ કયા માર્ગે વધુ સેવા પ્રદાન કરી શકે એ સૂચવવાનું.

ઈસુસંઘ સુઘડ વહીવટના આશયે આજે ૬૮ પ્રાંતો (provinces) માં અને ૧૧ ઉપપ્રાંતોમાં વિભાજિત થયેલો છે. ગુજરાત આવો એક ઈસુસંઘી પ્રાંત છે. દરેક પ્રાંતે પોતાના પ્રત્યેક ઈસુસંઘીને વ્યક્તિગત ધોરણે, સ્થાનિક સંઘને ધોરણે, ભૌગોલિક વિસ્તારને ધોરણે, સમગ્ર પ્રાંતને ધોરણે આ પ્રક્રિયામાં સામેલ કર્યા. એ સાથે જ દરેક પ્રાંતે ગૃહસ્થવર્ગ અને સંન્યસ્તવર્ગને આ પ્રક્રિયામાં સમાવી લીધા. વ્યક્તિગત અહેવાલ પરથી સ્થાનિક સંઘનો અહેવાલ, સ્થાનિક સંઘોના અહેવાલ પરથી ભૌગોલિક વિસ્તારનો અહેવાલ, ભૌગોલિક વિસ્તારોના અહેવાલ પરથી પ્રાંતનો અહેવાલ તૈયાર થયો. આ બધું પવિત્ર આત્માની પ્રેરણા



હેઠળ જ થતું હતું. આ પ્રક્રિયાના નિચોડરૂપે પ્રાંતોના જે અહેવાલો તૈયાર થયા તે અહેવાલોને ઉપરની કક્ષામાં લઈ જવામાં આવ્યા. ઉપરની કક્ષા એટલે અમુક પ્રાંતોનો સમૂહ. ઈસુસંઘના બધા જ પ્રાંતોને છ વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. દાખલા તરીકે, ગુજરાતપ્રાંત દક્ષિણ એશિયા વિભાગમાં આવે છે. આ વિભાગને *conference* કહેવામાં આવે છે. દક્ષિણ એશિયા વિભાગે તેના આવરણમાં આવતા બધા પ્રાંતોના અહેવાલો પરથી એક અહેવાલ તૈયાર કર્યો. ઈસુસંઘની છ *conference* ના અહેવાલો જાન્યુઆરી ૨૦૧૯ માં રોમમાં ઈસુસંઘના વડામથક ખાતે એકત્ર કરવામાં આવ્યાં. રોમમાં સુપીરિયર જનરલ અને તેમના સલાહકારો આ છ *conference*ના ઉપરીઓ સાથે આ અહેવાલો પરથી ઈસુસંઘની ભાવિ અગ્રિમતાઓ નક્કી કરવા ચર્ચાવિચારણામાં, મનનચિંતનમાં, સલાહસૂચનમાં અને પ્રાર્થનામાર્ગદર્શનમાં ગૂંથાયા. તેઓની સામે હતું સોળ મહિનાની, પ્રત્યેક ઈસુસંઘી અને ઈસુસંઘના સંગાથી ગૃહસ્થવર્ગ અને સંન્યસ્તવર્ગને સાંકળતી, દીર્ઘકાલીન પ્રક્રિયાનું તારણ. આ તારણને આધારે સુપીરિયર જનરલ, તેમના સલાહકારો અને છ *conference* ના ઉપરીઓએ ચાર અગ્રિમતાઓ નિર્ધારિત કરી.

સોળ મહિનાની આ લાંબી પ્રક્રિયાને કારણે પ્રત્યેક ઈસુસંઘી કહી શકે કે આ ચાર અગ્રિમતાઓ તેની છે, તેણે પવિત્ર આત્માની પ્રેરણા અનુસાર એ નક્કી કરી છે. આ પ્રક્રિયામાં દરેક ઈસુસંઘીને પવિત્ર આત્માનો સાદ સાંભળવાની તક મળી. જ્યારે ઈસુસંઘીઓ સ્થાનિક સંઘની કક્ષાએ અને પછી ભૌગોલિક વિસ્તારની કક્ષાએ ચર્ચાવિચારણા અને અરસપરસની આપલેમાં જોડાયા ત્યારે સૌ પ્રથમ પ્રભુ ઈસુ સમક્ષ એક કલાક આરાધનામાં ગાળ્યો. ત્યારબાદ આપલે શરૂ થઈ. દરેકને એ આરાધના દરમિયાન અંતરના ઊંડાણમાં જે સાદ સંભળાયો તે રજૂ કરવાની તક મળી. અન્ય ઈસુપંથીઓ જે કહેવાઈ રહ્યું હતું તેને ધ્યાનપૂર્વક સાંભળતા રહ્યા. આ પ્રક્રિયા પૂર્ણ થયે આખી સભા થોડી

મિનિટ માટે પ્રાર્થનામાં લીન બની. ફરીથી આપલે શરૂ થઈ. આ વખતે કેટલાકે પોતાનાં મંતવ્યો બદલ્યાં, અન્યનાં મંતવ્યો વધુ પ્રાયોગિક લાગતાં તેમને સ્વીકાર્યાં. આ સંવાદ આધ્યાત્મિકતાથી ભરપૂર હતો. ત્યાં મુદ્દાઓની પેચબાજી નહોતી કે પોતાનો કક્કો ખરો કરવાની વૃત્તિ નહોતી. પવિત્ર આત્માનો અવાજ સાંભળવાની જ નીતિ હતી. આ હતો *spiritual conversation*નો તબક્કો. આવા સંવાદો અનેક સ્તરે થતાં થતાં છેલ્લો સંવાદ રોમમાં જાન્યુઆરી ૨૦૧૯ માં થયો. એ સંવાદનું ફળ તે ચાર વૈશ્વિક પ્રૈષિતિક અગ્રિમતાઓ (*Universal Apostolic Preferences*).

ઈસુસંઘના સુપીરિયર જનરલ ફાધર આર્તુરો સોસાએ ૧૭મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ આ ચાર વૈશ્વિક પ્રૈષિતિક અગ્રિમતાઓ વડા ધર્મગુરુ ફ્રાન્સિસ સમક્ષ મંજૂરી મેળવવા રજૂ કરી. વડાધર્મગુરુએ આ અગ્રિમતાઓને પોતાની પ્રાર્થનાનો વિષય બનાવ્યો અને આ અગ્રિમતાઓ પ્રભુની ઈચ્છા છે કે નહિ તે જાણવામાં સમય ગાળ્યો. આખરે છઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ વડાધર્મગુરુએ સુપીરિયર જનરલને લખ્યું કે આ ચાર અગ્રિમતાઓ નિર્ધારિત કરવા સમગ્ર ઈસુસંઘે જે પ્રક્રિયા હાથ ધરી હતી તે ઈશ્વરેચ્છા પારખવાની સાચી રીત હતી. વધુમાં વડાધર્મગુરુએ જણાવ્યું કે, ઈસુસંઘની અગ્રિમતાઓ ધર્મસભાએ હાલના સંદર્ભમાં જે અગ્રિમતાઓ પસંદ કરી છે તે અગ્રિમતાઓને સુસંગત છે. વડાધર્મગુરુએ આ ચાર અગ્રિમતાઓમાં પહેલે સ્થાને લખેલી અગ્રિમતાને સૌથી અગત્યની ગણાવી, કારણ એ પ્રથમ અગ્રિમતાના મૂળમાં પ્રત્યેક ઈસુસંઘીનો પ્રભુ સાથેનો વ્યક્તિગત ધોરણે અને સંઘને ધોરણે સંબંધ ધરબાયેલો છે. પ્રભુ સાથેનો સંબંધ પ્રાર્થના દ્વારા અને ઈશ્વરેચ્છા જાણવાની પ્રવૃત્તિ દ્વારા જળવાય છે. વડાધર્મગુરુ દ્વારા બહાલી મળતાં આ ચાર અગ્રિમતાઓ ઈસુસંઘની પોતીકી પેદાશ રહેતી નથી, પણ ઈસુસંઘને ધર્મસભાએ આપેલો આદેશ બને છે. ધર્મસભા ઈસુસંઘને આગામી દસ વર્ષમાં આ દિશામાં કાર્ય કરવા ફરમાવે છે.

૧૯મી ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ ઈસુસંઘના સુપીરિયર જનરલ ફાધર આર્તુરો સોસાએ સમગ્ર ઈસુસંઘને પાઠવેલા પત્રમાં ઈસુસંઘની આગામી દસ વર્ષ માટેની ચાર વૈશ્વિક પ્રૈષિતિક અગ્રિમતાઓની જાહેરાત કરી. આ અગ્રિમતાઓ નીચે મુજબ છે :

૧. અધ્યાત્મસાધના અને ઈશ્વરેચ્છા પારખવાના માધ્યમ દ્વારા પ્રભુ તરફનો માર્ગ બતાવવો,

૨. સમાધાન અને ન્યાયના કાર્યમાં, જેઓની પ્રતિષ્ઠા પર વજ્રાઘાત થાય છે તેવા, દરિદ્રો અને હાંસિયા બહાર ધકેલાઈ ગયેલાંઓના સંગાથી બનવું,

૩. આશાભર્યા ભાવિના સર્જનમાં યુવાપેઢીના સાથી બનવું,

૪. આપણા સહિયારા ઘરની સારસંભાળમાં સક્રિય કાર્યકરો બનવું.

સુપીરિયર જનરલે પ્રસ્તાવનારૂપે લખ્યું છે કે અનેક સારી શક્યતાઓમાંથી ઉપરોક્ત ચાર શક્યતાઓ પસંદ કરવામાં આવી છે. પ્રભુના કાર્યમાં સહભાગી થવાનો ઉત્તમ માર્ગ શોધી કાઢવાની, પ્રવર્તમાન સમયમાં ધર્મસભાની સેવા કરવાની ઉત્તમ રીત શોધી કાઢવાની, પોતે જે છે અને પોતાનું જે છે તેનું ઉત્તમ યોગદાન કરવાની ઈસુસંઘની હંમેશની ઈચ્છા છે. આવી ઈચ્છા પછવાડેનો એકમાત્ર આશય છે પ્રભુની અધિક સેવા અને માનવજાતનું અધિક ભલું.

એ જ પત્રમાં સુપીરિયર જનરલ એ ચાર અગ્રિમતાઓની સમજૂતી આપે છે :

**૧. અધ્યાત્મસાધના અને ઈશ્વરેચ્છા પારખવાના માધ્યમ દ્વારા પ્રભુ તરફનો માર્ગ બતાવવો:** આજનો માનવસમાજ ધર્મસભાના શુભસંદેશની ઘોષણા કરવાના કાર્યમાં અંતરાયો ઊભા કરે છે. ઈસુસંઘ ધર્મસભાનો સહકાર્યકર બની માનવસમાજને સમયના એંધાણ તરીકે મૂલવવાનો નિર્ણય કરે છે. આ જ માનવસમાજ ઈસુસંઘને માનવ ઈતિહાસમાં પોતાની ઉપસ્થિતિનું નવીનીકરણ કરવાની તક પૂરી પાડે છે. પરિપક્વ માનવસમાજ તો એ સમાજને કહેવાય જે ધર્મસ્વાતંત્ર્ય પ્રદાન કરે. ધર્મસ્વાતંત્ર્ય એટલે નાતજાતના દબાણને વશ થયા વિના પ્રત્યેક માનવ ઈસુની ખોજ કરી શકે, ઈસુના અનુયાયી બનવાનું પસંદ કરી શકે, ધર્મસભાનો સભ્ય બની શકે, અને ઈસુમય જીવન જીવી શકે.

લોયોલાના સંત ઈગ્નાસે આપેલી અધ્યાત્મસાધના(*spiritual Exercises*) ઈસુનાં જીવનકવનને સાંપ્રત સંદર્ભમાં રજૂ કરવાનું અધિકૃત માધ્યમ છે. આ અધ્યાત્મસાધનાનો ઊંડો અનુભવ કરવાનો ઈસુસંઘીઓ નિર્ણય કરે છે, જેથી તેઓ પોતે અને તેઓનો આખો સંઘ ઈસુમય બની જાય. એ અધ્યાત્મસાધના વિવિધ વર્ગના લોકોને, વિશેષ કરીને યુવાનોને, આપવાનો ઈસુસંઘ નિર્ણય કરે છે. સહુને અધ્યાત્મસાધનાનો અનુભવ કરાવી, ઈસુના મુક્તિકાર્યના સહકાર્યકરો બનાવી, પ્રભુ પાસે લઈ જવાનો ઈસુસંઘે પસંદ કરેલો આ માર્ગ છે.

ઈસુસંઘ એવો પણ નિર્ણય કરે છે કે જે લોકો ઈસુના અનુયાયીઓ બનવાનો નિર્ધાર કરે તેઓને નિયમિતપણે ઈશ્વરેચ્છા પારખવા(*Discernment*)ની સુટેવ વારસામાં આપવી. પ્રભુની ઈચ્છા જાણવી અને અમલમાં મૂકવી એ ઈસુસંઘની કાર્યપદ્ધતિ છે. આ કાર્યપદ્ધતિનો પ્રસાર કરવાનો છે. પ્રસ્તુત અગ્રિમતાઓ પસંદ કરતી વખતે ઈસુસંઘે ઈશ્વરેચ્છાને જ જાણવાની કોશિશ કરી હતી. આ પ્રવૃત્તિથી ઈસુસંઘને નવીન તાજગીનો અનુભવ થયો છે. એટલે જ આ અગ્રિમતાઓને અમલમાં મૂકવા માટે અધ્યાત્મ સંવાદની પ્રવૃત્તિ અને ઈશ્વરેચ્છાને પારખવાની પ્રવૃત્તિ નિયમિતપણે કરવાનો ઈસુસંઘ નિર્ણય કરે છે.

ઈસુસંઘને સંત ઈગ્નાસની અધ્યાત્મસાધના અને ઈશ્વરેચ્છા જાણવાના માધ્યમ દ્વારા પ્રભુનો ભેટો થયો છે. એ જ માધ્યમ ઈસુસંઘ અન્યોને આપવા માગે છે.

**૨. સમાધાન અને ન્યાયના કાર્યમાં, જેઓની પ્રતિષ્ઠા પર વજ્રાઘાત થાય છે તેવા, દરિદ્રો અને હાંસિયા બહાર ધકેલાઈ ગયેલાંઓના સંગાથી બનવું:** જે વ્યક્તિઓ અને માનવસમાજો મુખ્ય પ્રવાહની બહાર ધકેલાયેલાં છે, હાંસિયામાં છે, તેઓના સંગાથી બનવાનો ઈસુસંઘ નિર્ણય કરે છે. જેઓ સત્તાના દુરુપયોગના ભોગ બનેલાં છે, જેઓના અંતરાત્માના અવાજને ગૂંગળાવી દેવામાં આવ્યો છે, જેઓ હવસખોરીનો શિકાર

બન્યાં છે, તે સહુના સંગાથી બનવાનો ઈસુસંઘ નિર્ધાર કરે છે. આ બધાં શોષિતો માટે ગરીબો શબ્દ વાપરી શકાય. આ ગરીબોના સંગાથી બનવા માટે જરૂરી શરત છે આ ગરીબોને ઈસુની માફક આશાનો શુભસંદેશ સંભળાવવો. એ શુભસંદેશ સંભળાવવા ઈસુસંઘે માનવસમાજના પરિઘ બહાર વસતાં લોકો મધ્યે જવું પડશે, તેમની જીવનશૈલી અપનાવવી પડશે અને તેઓને અનુકૂળ હોય એવાં કાર્યો કરવાં પડશે. એટલે જ ઈસુસંઘ સૌ પ્રથમ સૌથી વધુ જરૂરિયાતમંદ અને બહાર ફેંકાઈ ગયેલાં એ લોકો કોણ છે તેમને ઓળખવાનો અને, ત્યારબાદ, એમના સંગાથી બનવાના યોગ્ય રસ્તાઓ શોધી કાઢવાનો નિર્ણય કરે છે.

ગરીબોના સંગાથી બનવા ઈસુસંઘ જે માર્ગ અપનાવવા માગે છે તે સામાજિક ન્યાયનો માર્ગ છે. આ માર્ગ અન્યાયનો ઉપદ્રવ કરતાં આર્થિક, રાજકીય અને સામાજિક માળખાંઓની ફેરબદલીનો છે. માનવોનું, તેમના સમાજોનું, તેમની સંસ્કૃતિઓનું એકમેક સાથે, પર્યાવરણ સાથે, પ્રભુ સાથે સમાધાન થાય એ માટે ન્યાયની સ્થાપના અતિ આવશ્યક છે. ઈસુસંઘ સ્થળાંતર કરતાં મજૂરોની, હિજરત કરતાં લોકોની, શરણાર્થીઓની, યુદ્ધનો ભોગ બનેલાંઓની, માનવવિકાસમાં ફસાયેલાંઓની સંભાળ લેવા કટિબદ્ધ છે. આદિવાસીઓનું, તેમની સંસ્કૃતિઓનું, તેમના મૂળભૂત હક્કોનું ઈસુસંઘની સમાધાન અને ન્યાય પ્રવૃત્તિમાં એક વિશિષ્ટ સ્થાન છે. એટલે જ આદિવાસીઓની સંસ્કૃતિઓ અને તેમના સ્વમાન ભરપૂર અસ્તિત્વને ટકાવી રાખવાનો ઈસુસંઘ નિર્ણય કરે છે. આ સઘળાં લોકોને માનવસમાજમાં પુનઃ પ્રસ્થાપિત કરવાની અને તેઓના હક્કોનું રક્ષણ કરવાની પ્રવૃત્તિઓ ચાલુ રાખવાનો ઈસુસંઘનો નિર્ધાર છે. માનવસમાજની પિરામીડના પાયામાં વસતાં જનોને નાગરિક ઘડતર આપીને ઈસુસંઘ લોકશાહીને મજબૂત બનાવવાના કાર્યમાં યોગદાન આપવા માગે છે. જનકલ્યાણ માટે વચનબદ્ધ સામાજિક સંસ્થાઓનો વિકાસ કરી ઈસુસંઘ ફાસીવાદની ગંભીર અસરો ટાળવા માગે છે.

ધર્મસભામાં અને ધર્મસભા બહાર વ્યાપેલા દુરાચારને નાબૂદ કરવા ઈસુસંઘ વચને બંધાય છે. એ માટે પીડિતોને સાંભળવા, તેઓને પર્યાપ્ત મદદ પૂરી પાડવા, તેમને ન્યાય અપાવવા, તેમના ઘા રૂઝવવા ઈસુસંઘ વ્યવસ્થા કરશે. દુરાચાર નાબૂદીની પ્રવૃત્તિઓ કઈ હશે? નાબૂદી અટકાવવાની સ્પષ્ટ નીતિનો અમલ, જેઓ આ પ્રવૃત્તિઓ કરે છે તેઓનું સતત ઘડતર અને દુરાચારના ઉદ્‌ભવસ્થાનને શોધી કાઢવાના ઘનિષ્ટ પ્રયાસો. ઈસુસંઘ એક એવી વ્યવસ્થાનું નિર્માણ કરવા માગે છે જેમાં સર્વ શોષિતો, પીડિતો અને વિશેષપણે બાળકોનું રક્ષણ થાય. આ નિર્માણ માટે ઈસુસંઘ શુભચિંતકો, હિતેચ્છુઓ અને સેવાભાવી સંસ્થાઓ સાથે હાથ મિલાવશે.

દરિદ્રોના સંગાથી બનવા ઈસુસંઘે પોતાનો અભ્યાસ, પૃથ્થકરણ, અને મનનચિંતન સુધારવાં પડશે અને વધારવાં પડશે. આમ કરવાથી અધમ અન્યાય પેદા કરતી આર્થિક, રાજકીય અને સામાજિક પ્રક્રિયાઓ સમજમાં આવશે. ઈસુસંઘે વૈકલ્પિક પ્રક્રિયાઓ રજૂ કરવી પડશે. ઈસુસંઘ એવું એક વિશ્વગ્રામ બનાવવા વચનબદ્ધ થાય છે, જે વિશ્વગ્રામમાં વિવિધ સંસ્કૃતિઓને માનવજાતનો ભવ્ય ભંડાર ગણવામાં આવશે, સાંસ્કૃતિક વૈવિધ્યને સંભાળવામાં આવશે અને સાંસ્કૃતિક વિનિમયને વેગ આપવામાં આવશે.

**૩. આશાભર્યા ભાવિના સર્જનમાં યુવાપેઢીના સાથી બનવું:** ગરીબવર્ગ અને યુવાવર્ગ એકમેકના પૂરક છે, જાણે કે એક સિક્કાની બે બાજુ છે. યુવાનો, જેમાંના મોટાભાગના ગરીબો છે, આજની દુનિયામાં ભારે પડકારો ઝીલી રહ્યા છે. આ પડકારોમાં રોજગારની અછત, આર્થિક અસલામતી, રાજકીય કિન્નાખોરી, પક્ષપાત, ભેદભાવ, પર્યાવરણની પડતી અને અન્ય બીમારીઓનો સમાવેશ થાય છે. આ પડકારો યુવાનો માટે જીવનનો અર્થ શોધવામાં અને પ્રભુનું સાંનિધ્ય પ્રાપ્ત કરવામાં અવરોધરૂપ બને છે. યુવાવસ્થા માનવજીવનની એ અવસ્થા છે જેમાં જીવનના મૂળભૂત નિર્ણયો કરવામાં આવે છે. આ નિર્ણયો દ્વારા યુવાનો પોતાને માનવસમાજમાં સાંકળે છે, પોતાના અસ્તિત્વને અર્થ આપે છે અને પોતાનાં સ્વપ્ન સાકાર કરે છે. યુવાનોની આ પ્રવૃત્તિઓમાં ઈસુસંઘ તેઓનો સાથી બની તેઓને પ્રભુ તરફનો માર્ગ બતાવી શકે છે. આ માર્ગ બતાવવા ઈસુસંઘ યુવાનોને ઈશ્વરેચ્છા જાણવાની રીત અને ઈસુનો શુભસંદેશ શીખવી શકે છે.

યુવાનો ભાવિ તરફ આશાભરી મીટ માંડે છે. પર્યાવરણ સાથે તાલમેલ ધરાવતી સમાધાનભરી દુનિયામાં પ્રતિષ્ઠાભેર જીવવાની યુવાનોની આશા છે. આજના યુવાનો માનવજાતની કાયાપલટના મુખ્ય સૂત્રધારો છે. યુવાનો યંત્રયુગ લાવી રહ્યા છે. યુવાનો નવો ઈતિહાસ રચી રહ્યા છે. ઈસુસંઘ સક્રાંતિકાળમાંથી પસાર થઈ રહ્યો છે. આ સક્રાંતિકાળમાંથી એક નવી માનવજાત જન્મ લેશે. યુવાનો આ નવા પ્રકારનું માનવજીવન જીવનારા છે. ઈસુ સાથેના સાયુજ્યથી આ નવું માનવજીવન ન્યાય, સમાધાન અને શાંતિનો માર્ગ તૈયાર કરશે. ઈસુસંઘનાં પ્રૈષિતિક કાર્યો યુવાવર્ગ માટે માનવસમાજમાં અને ધર્મસભામાં એક મંચ ઊભો કરવામાં અને તેને ટકાવી રાખવામાં મહત્ત્વનું યોગદાન કરી શકે છે. યુવાનોની સર્જનાત્મક શક્તિને વિકસાવવા ઈસુસંઘ પ્રયત્નશીલ છે. યુવાનો પ્રભુનો અનુભવ કરે અને તેઓની શ્રદ્ધા સોળે કળાએ ખીલે તેવી ઈસુસંઘની યોજના છે. યુવાનો માટે આવું બધું કરવાથી તેઓને પ્રભુની ઈચ્છા જાણવામાં સહાયતા મળશે. પ્રભુ તેઓને કયે માર્ગે માનવજાતના કલ્યાણમાં યોગદાન આપવા સૂચવે છે તે તેઓ જાણી શકશે.

યુવાવર્ગ વારસામાં મળતી પરંપરાગત સંસ્કૃતિ અને વર્તમાનમાં આકાર લેતી ભાતીગળ સંસ્કૃતિ વચ્ચે પીસાય છે. એટલે યુવાનો એવો માહોલ ઈચ્છે છે જ્યાં વિવિધ સંસ્કૃતિઓનો આદર થતો હોય. આવા માહોલમાં સાચી સ્વતંત્રતાનો ઉદય થાય. યુવાનો એવા સમાજના નિર્માણમાં લાગેલા છે, જ્યાં બાળકોને અને યુવાનોને ખીલવાનો અવકાશ મળે, જ્યાં દરેકને પોતાની ક્ષમતાઓ વિકસાવવાની તક મળે. યુવાવર્ગના સાથી બનવા ઈસુસંઘે સત્યભરપૂર જીવન જીવવાનું છે, આધ્યાત્મિક ઊંડાણ પ્રાપ્ત કરવાનું છે, સર્વને સ્વીકારતા દરિયાવદિલ બનવાનું છે. તો જ ઈસુસંઘ યુવાનો ભેળો સર્વમાં, સર્વત્ર અને સર્વથકી પ્રભુને ભાળી શકશે. તો જ ઈસુસંઘ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા અને પોતાનાં પ્રૈષિતિક કાર્યો દ્વારા યુવાનોને સાચા અર્થમાં યુવાનો બનાવશે.

**૪. આપણા સહિયારા ઘરની સારસંભાળમાં સક્રિય કાર્યકરો બનવું:** ધરતીમાતાને કરવામાં આવતું નુકસાન અદના માનવોને અસર કરે છે. અદના માનવો એટલે સ્થળાંતર કરવાની જેમને ફરજ પાડવામાં આવી છે તે ગ્રામ્યજનો, શહેરીવિસ્તારોના છેવાડે ઝૂંપડપટ્ટીઓનાં

વસાહતીઓ અને પરાપૂર્વથી એ જગ્યામાં રહેતાં આદિવાસીઓ. આજની અર્થવ્યવસ્થા પર્યાવરણને જે હાનિ પહોંચાડે છે તે પેઢી-દર-પેઢી અનુભવતી રહેશે. પર્યાવરણને કરવામાં આવેલા નુકસાનની માઠી અસરો સાંપ્રત માનવસમાજ તો ભોગવે જ છે, પણ ભાવિ માનવસમાજ પણ ભોગવશે.

પોતાની અસ્મિતાને અને પોતાનાં સાધન સગવડોને ધ્યાનમાં રાખીને ઈસુસંઘ પર્યાવરણના શુભચિંતકોના સહકાર્યકર બનવાનો નિર્ણય કરે છે. પર્યાવરણવાદીઓના સહકારથી ઈસુસંઘ એવા જીવનનું નિર્માણ કરવા માગે છે જ્યાં પર્યાવરણનું માન જળવાય, ઔદ્યોગિક વિકાસથી પેદા થતો માલ ન્યાયી રીતે વહેંચાય અને સન્માનસભર જીવન જીવાય. સન્માનસભર જીવવાની પરિસ્થિતિનું જતન કરવાની જવાબદારી માનવની જ છે. આ જવાબદારી નીતિની દૃષ્ટિએ અને આધ્યાત્મિકતાની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વની છે.

આ જવાબદારીમાં સહભાગી થવા ઈસુસંઘ પર્યાવરણની સમસ્યાનો તલસ્પર્શી અભ્યાસ કરશે, એ અભ્યાસ આધારિત મનનચિંતન કરશે, એ મનનચિંતન દ્વારા પ્રભુની ઈચ્છા જાણશે અને એ ઈચ્છાનુસાર પ્રવૃત્તિ હાથ ધરશે. આ પ્રવૃત્તિ પર્યાવરણની સમતુલાને પુનઃ સ્થાપિત કરશે. ઈસુસંઘ ઍમેઝોન, કોંગોનો નદીપટ, ભારત, ઈન્ડોનેશિયા અને વિશાળ સમુદ્રતટ બાબતે ચિંતિત છે. સૃષ્ટિના સર્જનહાર પ્રભુની પૂજાનું એકરૂપ છે પર્યાવરણની સંભાળ. પર્યાવરણનું વધુ નુકસાન અટકાવવા આકરા નિર્ણયો કરવાની જરૂર છે. આવા નિર્ણયોથી જીવનશૈલીમાં જરૂર ફેરફાર આવશે. જીવનશૈલીના ફેરફારથી સર્જનનો ભંડાર સહુના કલ્યાણ માટે ઉપયોગમાં લેવાશે. આ પ્રક્રિયામાં ઈસુસંઘ સક્રિયપણે સામેલ થાય છે.

હાલની તાતી જરૂર એ છે કે દરેક પોતાના કોશેટામાંથી બહાર આવે અને જે કંઈ સર્વના ભલા માટે છે એવી સઘળી બાબતોની પ્રેમપૂર્વક સંભાળ લે. જો વ્યક્તિ પોતાની એકલપેટાવૃત્તિમાંથી અને પોતાની નિષ્ક્રિયતામાંથી બહાર આવવા તૈયાર ના હોય તો પર્યાવરણ સાથે સમાધાન સાધતું આદર્શ માનવજીવન શક્ય નહિ બને. જીવનની કેટલીક આદતોમાં ફેરફાર લાવવાથી ઈસુસંઘીઓનો અને તેમના સહકાર્યકરોનો હૃદયપલટો શરૂ થાય છે. આજનું જીવન એવી આર્થિક અને સાંસ્કૃતિક વ્યવસ્થા પર નિર્ભર છે જેમાં નરી ભોગવવાની જ વૃત્તિ છે. આ ભોગવવાની વૃત્તિ બદલીને ભોગ આપવાની વૃત્તિ ધારણ કરવાની વર્તમાન સમયની માગ છે.


ઈસુસંઘ આગામી દસ વર્ષો માટે એટલે કે ૨૦૧૯ થી ૨૦૨૯ માટે આ ચાર વૈશ્વિક પ્રૈષિતિક અગ્રિમતાઓને વડાધર્મગુરુ ફ્રાન્સિસ દ્વારા ધર્મસભાએ આપેલા આદેશ તરીકે સ્વીકારે છે. હવે, ઈસુસંઘે પવિત્ર આત્માની દોરવણી હેઠળ આ અગ્રિમતાઓને રોજબરોજનાં કાર્યોમાં, જીવનના પ્રત્યેક પાસામાં પલોટવાની છે. ઈસુસંઘ માટે અને પ્રત્યેક ઈસુસંઘી માટે પ્રાર્થના કરીએ કે પ્રભુ તેઓને આશીર્વાદ આપે, જેથી તેઓ 'પ્રભુના અધિક મહિમાર્થે અને માનવજાતના અધિક કલ્યાણ અર્થે' આ અગ્રિમતાઓ દ્વારા પોતાની જાત ન્યોછાવર કરી શકે.●

---

ડીન, ગુજરાત વિદ્યાપીઠ, સેવાસી, વડોદરા

## અભિનંદન - શુભેચ્છા

***વર્ણવ્યું વર્ણવાય નહિ એવા વરદાન માટે ઈશ્વરનો આભાર***


### ડાહ્યાભાઈ ખુશાલભાઈ પરમાર

વ્હાલા પપ્પા,

અમારા વ્હાલસોયા પિતાશ્રી ડાહ્યાભાઈ ખુશાલભાઈ પરમાર ૧૨મી જુલાઈ ૨૦૧૯ના રોજ જીવનનાં ૮૦ વર્ષ પૂર્ણ કરે છે. તંદુરસ્તી તથા આધ્યાત્મિકતા સભર આપેલા આટલા વર્ષો માટે સમગ્ર પાવન હૃદય પરિવાર પરમેશ્વર પિતાનો આભાર માને છે.

આજે અમો અમારા કુટુંબના વડાને જન્મદિવસની શુભેચ્છા પાઠવીએ છીએ. સેવાભાવી, સંભાળ રાખનાર, સંરક્ષક એવા તમને તમારાં બાળકો અવિરત પ્રેમ કરીએ છીએ અને કરતાં રહીશું તથા તમારા દીર્ઘ આયુષ્ય તથા તંદુરસ્તી માટે પ્રાર્થના કરતાં રહીશું.

એક આદર્શ શિક્ષક તરીકેની કારકિર્દીની શરૂઆત ૦૫-૦૭-૧૯૬૨ના રોજ આતરસુબાની પ્રાથમિક શાળાથી કરી હતી. અન્ય શાળાઓમાં નિષ્ઠાપૂર્વક કામગીરી બજાવી હતી તથા બાળપ્રિય સ્વભાવ, ઉચ્ચભાવના અને કામ કરવાની હૈયાસુઝથી બાળજગત અને વાલીઓનાં દિલ જીતી લઈ શિક્ષણકાર્યમાં સુગંધ પ્રસરાવી. તા. ૩૧-૧૦-૧૯૯૭ના રોજ દાંપટની પ્રાથમિક શાળામાંથી તમે નિવૃત્ત થયા.

પપ્પા કે જેઓ પોતાનો જીવનમંત્ર 'ઓછું બોલો અને કામ વધારે કરો, ઉદાર બનો, હંમેશા ધીરજથી કામ કરો' આજ પ્રમાણે વિતેલા વર્ષો પ્રતિષ્ઠાથી જીવતાં આવ્યા છો. આપ આપની ૮૦મી વર્ષગાંઠ ઉજવી રહ્યા છો ત્યારે અમારું હૃદય પ્રેમ, લાગણી તથા આનંદથી છલકાઈ રહ્યા છે. તમે અમારા પિતા છો એનું અમોને ગૌરવ છે. તેમજ અમોને પિતા સ્વરૂપે આપવા બદલ પ્રભુના પણ ખૂબ આભારી છીએ.

નિવૃત્ત થયાનાં ૨૨ વર્ષના સમયગાળા દરમ્યાન આપે બીમાર પથારીવશ પત્ની તથા અમારી કરુણામય માતાને હૂંફ આપી સદાય પડખે રહીને નિરંતર સેવા કરીને તથા હાલમાં પરિવારના સભ્યો માટે નિઃસ્વાર્થ પ્રેમ અને લાગણીસભર તમો અમારી પડખે ઊભા છો. તમારું પ્રેરણાદાયી જીવન જોઈને અમોને હંમેશા જીવવાનું બળ મળ્યું છે. અંતે પ્રભુને એ જ પ્રાર્થના અને વિનંતી, પપ્પા, તમે હજારો વર્ષો જીવો જેથી તમારા ગુણો તમારા કર્મો તથા આશીર્વાદ તમારા બાળકો ઉપર અવિરત વરસતા રહે. આ ૮૦મા જન્મદિને તમારી શારીરિક તંદુરસ્તી અને પિતા પરમેશ્વર પ્રત્યેની તમારી નિકટતા અને શ્રદ્ધા કાયમ વધતી રહે એ અમારી શુભેચ્છા અને પ્રાર્થના.

**લિ. પાવન હૃદય પરિવાર**
**હિલ-સ્ટ્રીટ, કઠલાલ**

# NEELRAJ INTERNATION

## WORK IN ABROAD

Celebrating 2nd year of Anniversary / We are offering Special discount for Israel candidates

**તમારી સફળતા એ જ અમારું લક્ષ્ય**

**NEELRAJ INTERNATION 27 successful candidates** સાથે સફળતાનું બીજું વર્ષ પૂરું કરી રહ્યું છે...

**CONGRATULATIONS FOR THE GREAT SUCCESS . . . . .**

**Special offer on the Anniversary occasion... For the new Applicants**
**Get free Gift Worth rupees 4999..... last date : 31st july/19**

**એક માત્ર વિશ્વાસ પાત્ર સ્થળ જે અપાવશે તમને વર્ક પરમિટ ફોરેનમાં કામ કરવાની સુવર્ણ તક... ઉજ્જવળ ભવિષ્ય હવે તમારા હાથમાં.**

- વધુ માહિતી માટે ઓફિસ મુલાકાત લેવી. **Appointment** લઈને આવવું. **100% GUARANTEED WORK**
- અમારા **Candidates** ને આગળ વધારવા જરૂર લાગતી તમામ ટ્રેનિંગ આપવામાં આવશે.

**ISRAEL : JOB:** CAREGIVER ( MALE/FEMALE ) • **SALARY** : 90000 above + FAM + OTHER BENEFITES • **QUALIFICATION :** ANY NURSES OR FLUENT IN ENGLISH ( NO IELTS )

**CANADA : JOB :** SKILL WORKER/ CAREGIVER/NURSES ( MALE/FEMALE ) • **SALARY :** 70000 above • **QUALIFICATION:** AS PER REQUIREMENT + 7.5 IELTS

**GERMANY : JOB :** IN THE HOSPITAL ( MALE/FEMALE/ COUPLE ) • **SALARY :** 140000 INR • **BENEFIT :** PR IN 5 YEARS • **QUALIFICATION :** GNM/BSC NURSES ONLY + A2/B2 level GERMAN language

**DUBAI/ BAHRAIN ( GULF ) : JOB :** HOME NURSES/ CAREGIVER/ DOMESTIC WORKER, OFFICE BOY, ROOM BOYS • **SALARY :** Negotiable • **QUALIFICATION :** 10TH PASS OR ANY NURSES, English is must, MALE/FEMALE/COUPLE

- **Cyprus** માટે બહેનોની જરૂર છે. ૮ પાસ જરૂરી. ખૂબ જ ઓછો ખર્ચ. પગાર :૩૦,૦૦૦ થી વધુ.
- **Singarore** માં ઘર કામ માટે બહેનોની જરૂર છે. ખર્ચ પગારમાંથી કાપી આપવામાં આવશે.

**OUR SERVICES :** Special Training ,Tour Package, Holiday Package, Air Ticketing, Passport, Car Rental, Money Transfer, Visitor File, PR file, Rail ticketing, Forex card, student fees transfer

**10/1ST FLOOR, FK ORCHID, OPP. ELIM METHODIST CHURCH, RAM TALAVADI ROAD, NADIAD-02**

**RENUKA- 7016291837, AMIT- 8849386292, OFFICE- 6355400904**

**Follow us on Facebook : NEELRAJ INTERNATION , EMAIL : neelrajint@gmail.com**

નાલંદા એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદ (E-3003) સંચાલિત

# નાલંદા પેરામેડિકલ ઈન્સ્ટિટ્યૂટ™

(ભારત સેવક સમાજ)
(Guj/5032) Anand
(અખિલ ગુજરાત પેરામેડિકલ કાઉન્સિલ) વડોદરા

નર્સિંગ એડમિશન
૨૦૧૯-૨૦

## ૧ વર્ષ, ૨ વર્ષ, ૩ વર્ષ, (બેંગલોર) નર્સિંગ કોર્ષ

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | કોર્ષ મુદ્દત |
|---|---|---|---|
| ૧ | જી.એન.એમ.(બેંગ્લોર) માર્ગદર્શન | ૧૨ પાસ (સાયન્સ, કોમર્સ, આર્ટ્સ) | ૩ વર્ષ |
| ૨ | પેશન્ટ કેર આસિસ્ટન્ટ (નર્સિંગ આસિસ્ટન્ટ) | ૧૦,૧૨ પાસ/નાપાસ | ૧ વર્ષ |
| ૩ | પેશન્ટ કેર આસિસ્ટન્ટ (એડવાન્સ નર્સિંગ હોસ્પિટલ પ્રોગ્રામ | ૧૦,૧૨ પાસ/નાપાસ | ૨ વર્ષ |
| ૪ | લેબોરેટરી ટેકનશીયન (DMLT) | ૧૦,૧૨ પાસ/નાપાસ | ૧ વર્ષ |
| ૫ | ઓ.ટી. આસિસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ/નાપાસ | ૧ વર્ષ |
| ૬ | ડિપ્લોમા ઈન મેડિકલ હેલ્થ નર્સિંગ આસિસ્ટન્ટ | ૧૦ નાપાસ | ૧ વર્ષ |

**ખાસ નોંધ :-**

(૧) લીમિટેડ સીટ
(૨) દરેક કોર્ષમાં બુક્સ ફ્રી મળશે.
(૩) ગામડેથી આવનાર બહેનોને મફત બસ પાસ સુવિધા તથા ભાઈઓને કન્સેસન પાસ
(૪) ખૂબ જ ગરીબ,વિધવા, માબાપ વિનાની બહેનોને ખૂબ જ ઓછી ફી અને જોબ અગ્રિમતા આપવામાં આવશે.

### વધુ માહિતી માટે રૂબરૂ મળો

**આણંદ (H.O.)**
નાલંદા ઈન્સ્ટિટ્યૂટ
સી–૧, હરીદયા કોમ્પલેક્ષ,
લક્ષ્મી સિનેમા સામે, જૂના રસ્તા, આણંદ
મો. ૯૯૦૪૮ ૪૬૦૩૬, ૯૮૨૪૧ ૯૫૧૩૬

**પેટલાદ**
નાલંદા ઈન્સ્ટિટ્યૂટ
ધનલક્ષ્મી શોપીંગ સેન્ટર, પહેલો માળ,
સ્ટેશન રોડ, પેટલાદ
મો. ૯૩૭૭૩૪૪૧૮૫, ૯૯૦૪૮૪૬૦૩૬

**બાલાસિનોર**
નાલંદા ઈન્સ્ટિટ્યૂટ
એફ–૧૭, મીલન પ્લાઝા,
નગરપાલિકા સામે, બાલાસિનોર,
મો. ૯૪૨૭૫૯૭૪૬૨, ૯૮૭૯૮૦૩૨૦૫

**ચાવડાપુરા, જીટોડિયા, આણંદ**
દિવ્યદયા પેરામેડિકલ ઈન્સ્ટિટ્યૂટ
૩–૪, નિરવપાર્ક સોસાયટી,
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાસે, ચાવડાપુરા
તા. જિ. આણંદ, મો. ૯૪૨૭૫૯૭૪૬૨

**(ભરૂચ)**
નાલંદા ઈન્સ્ટિટ્યૂટ
૨૦૩, ગણેશ આર્કેડ,
દહેજ બાયપાસ રોડ, નાંદેલાવ, ભરૂચ
મો. ૭૫૭૫૦ ૦૬૮૩૫

**નોંધ : ઉપરોક્ત સિવાય અમારી બીજી કોઈ શાખા નથી**

# ગ્રો-વેલ નર્સિંગ એકેડેમી

કોઈ પણ ડોનેશન વગર પ્રવેશ

| ક્રમ | કોર્સનું નામ | વર્ષ | લાયકાત |
|---|---|---|---|
| (૧) | હોસ્પિટલ આસિસ્ટન્ટ | ૧ વર્ષ | ૧૦ પાસ / ૧૨ પાસ |
| (૨) | GNM (માર્ગદર્શન-બેંગલોર) | ૩ વર્ષ | ધોરણ.૧૨ પાસ |
| (૩) | પેશન્ટ કેર ટેકનિશિયન | ૧ વર્ષ | ૧૦ પાસ / ૧૨ પાસ |
| (૪) | એક્સ-રે ટેકનીશીયન | ૧ વર્ષ | ૧૦ પાસ / ૧૨ પાસ |
| (૫) | ડિપ્લોમા ઈન નર્સિંગ એન્ડ મેટરનીટી આસિસ્ટન્ટ | ૨ વર્ષ | ૧૦ પાસ / ૧૨ પાસ |
| (૬) | ઓપરેશન થિયેટર ટેકનીશીયન | ૧ વર્ષ | ૧૦ પાસ / ૧૨ પાસ |

કિલ્લોલ હોસ્પિટલ નીચે,મહાવીર માર્ગ,**આણંદ**-૩૮૮૦૦૧.
ફોઃ(૦૨૬૯૨)૨૫૯૨૧૦.
**સ્ટીવન જે ક્રિશ્ચિયન** (ડાયરેક્ટર)
**99 135 57505**
**96 382 78952**

**૧-વર્ષ, ૨-વર્ષની દરેક નવી બેચ ૧ જુલાઇ થી શરૂ**

દરેક કોર્સમાં સ્ટડી મટીરીયલ, નોટબુક્સ,કોલેજ બેગ મફત

**અમારા GNM નર્સિંગની વિશેષતાઓ :** ❖ બેંગ્લોરની INC અને KNC માન્યતા પ્રાપ્ત સરકારી કોલેજોમાં પ્રવેશ ❖ સરકારી યોજના મુજબ દરેક સ્કોલરશીપનો લાભ ❖ સૌથી ઓછી અને દરેકને પોષાય તેવી ફી ❖ બહેનો માટે હોસ્ટેલની સુવિધા ❖ ૩૦૦ કરતા વધુ ગુજરાતી વિદ્યાર્થીઓ ❖ કોલેજનું ૯૮ % રીઝલ્ટ

**સભાપુરોહિતશ્રીનું ભલામણ પત્ર લાવનારને ફી માં રાહત ❖ ગામડેથી આવનાર બહેનોને મફત બસ પાસ**

# નાઈસ પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટ

## અખિલ ગુજરાત પેરામેડીકલ કાઉન્સીલ(વડોદરા)
## ૧ વર્ષ, ૨ વર્ષ, ૩ વર્ષ (બેંગ્લોર) નર્સિંગ કોર્ષ

ખાસ નોંધ : (૧) લીમીટેડ સીટ (૨) દરેક કોર્ષમાં બુક્સ, મટીકીયલ્સ ફ્રી મળશે. (૩) ગામડેથી આવનાર બહેનોને મફત બસ પાસ સુવિધા તથા ભાઈઓને કન્સેસન પાસ (૪) ખૂબ જ ગરીબ, વિધવા, મા-બાપ વિનાની બહેનોને ખૂબજ ઓછી ફી અને જોબ અગ્રીમતા આપવામાં આવશે.

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | મુદત |
|---|---|---|---|
